ૐ

॥ ॐ नमः श्रीसद्गुरु परमात्मने ॥

नत्वा श्रीमद्गुरुं भक्त्या भवभीत्यपहं मुदा ।
श्रीनाथस्य प्रसादेन लिख्यते धर्मगर्जना ॥

વિચાર વિનાનો આચાર તથા વિવેક વિનાની વિદ્યા

પ્રાચીન કાળમાં ગુજરાતના મધ્ય ભાગમાં ચંપકપુરનામે એક સુંદર અને ભરતખંડમાં પ્રસિદ્ધ નગર હતું. તેમાં કૌશિક ગોત્રનો એક દેવશર્મા નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને એક મહિધર ને બીજો ગદાધર નામે બે પુત્રો હતા. મહિધરને દશ અને ગદાધરને આઠ વર્ષનું વય (ઉમ્મર) થતાંજ તેમની માતાએ સ્વર્ગવાસ કર્યો હતો. તેથી તે બન્ને પુત્રોનું પાલન પોષણ દેવશર્માને માથેજ પડેલું હતું. દેવશર્મા નિષ્કિંચન (નિર્ધન) હોવાથી પ્રાતઃકાળમાં ભિક્ષા માગી લાવી, પોતાના બન્ને પુત્રોને રાંધીને સવાર સાંજ ખવરાવતો હતો. તે બન્ને પુત્રોને ઉપનયન સંસ્કાર તો તેમની માતાના જીવતાંજ થયેલો હતો. તેથી હવે દેવશર્માના મનમાં એવો વિચાર થયો કે ' આ પુત્રો જો

વિદ્વાન થાય તોજ તેઓ આ સંસારમાં સુખી થાય,' પણ તેમને અભ્યાસ કરવાનું સાધન જોઇએ તેવું આ ગામમાં નથી; માટે લાવ્ય હવે તે બન્નેને લેઈ **કાશીજીજ** જતો રહું; તો ત્યાં **શ્રીકાશીવિશ્વેશ્વર** અન્ન-વસ્ત્ર તો આપશેજ; ને આ પુત્રો પણ ત્યાં સારી રીતે વિદ્યાભ્યાસ કરશે. તથા મને પણ સવાર-સાંજ **ગંગાસ્નાન** અને **વિશ્વનાથનાં દર્શન**નો અનુપમ લાભ મળશે જેથી દેહનું સાર્થક થશે. ને કદાચ ત્યાંજ મારું દેહાંત થશે તો તો હું મુક્તિનો ભાગી થઇશ. કહ્યું છે કે,

असिवरणयोर्मध्ये पंचक्रोशी महत्फलम् ।

अमरा मरणमिच्छंति का कथा इतरे नृणाम् ॥

(અસીવરણમાં પંચક્રોશીનું મોટું ફળ છે; એ કાશીભૂમિમાં તો દેવો પણ મરણ ઇચ્છે છે, તો પછી બીજા માણસોની તો વાતજ શી?) માટે મારે તો 'એક પંથ ને દો કાજ' જેવી વાત છે; એક તો મારા પુત્રો ભણશે; ને બીજું મારા દેહનું કલ્યાણ થશે. માટે હવે 'આ ગામમાં પડયા રહી દિવસો ગુમાવવા કરતાં પુત્રોને લઇ કાશીજીજ સીધાવવું,' એવો પોતાના મનથી નિશ્ચય કર્યો.

તે પછી બીજે દિવસે થોડું ઘણું પાથેય (માર્ગમાં ખાવાનું ભાતું) તથા થોડા ઘણા પૈસા પાસે રાખી, પોતાનું ઘર પોતાના કાકાના દીકરા પીતાંબ ભાઇને સાચવવા અને વાપરવાની સોંપણી કરી, પોતાના પુત્રોને સાથે લઈ, **કાશીજી** બણી પ્રયાણ કર્યું. પુત્રોની ઇચ્છા તથા શક્તિ પ્રમાણે થોડું ઘણું ચાલે છે, વળી થોડું ઘણું પુત્રોને માટે ગાડીઓ કે ગાડાંમાં બેસવાનું બને છે તો ભાડું આપવાનું કરી પુત્રોને બેસારીને પણ માર્ગ ઓછો કરતા જાય છે. માર્ગમાં આવતાં ગામડાંઓમાં ભિક્ષાવૃત્તિ કરે છે, વળી ચાલે છે, ભાડુતી ગાડીઓમાં બેસે છે, એમ કરતાં કરતાં કેટલેક દિવસે તેઓ કાશીજીમાં પહોંચ્યા.

ત્યાં જઈને લગભગ પનર દિવસ રહ્યા, ત્યારે તેમને રહેવાનું અને પુત્રોને ભણવાનું ઠેકાણું હાથ લાગ્યું. તે એવી રીતે કે,—કાશીજીમાં કેટલાક ગુજરાતી લોકોના પુરોહિતોમાં પંડિત **રવિદત્ત** હતા; તેમને ઘેર ઘણા ગુજરાત—કાઠિયાવાડના યાત્રાળુ યજમાનો આવતા હતા; તેમની શર્ભરામાં આ **દેવશર્મા** ગુજરાતનો રહીશ હોવાથી તે ભાષામાં બોલવા ચાલવાના વ્યવહારમાં ઘણો પ્રવીણ હોવાથી, તે **રવિદત્ત** પુરોહિતે પોતાના ગુજરાત—કાઠિયાવાડ તરફથી આવનારા યજમાનોની શર્ભરાખાતે માસિક રૂપીઆ પંનર અને ખાતું પીવું તથા વસ્ત્ર પૂરાં પાડવાં પોતાને માથે કબુલ કરી, તેને પોતાના ગુમાસ્તા તરીકે રાખ્યો. ને **દેવશર્મા** પણ પોતાને યોગ્ય ઉદ્યોગ પ્રાપ્ત થયો જાણી **રવિદત્તને** ત્યાં ગુમાસ્તીમાં રહ્યો. કેટલાક દિવસે **રવિદત્તને** ને **દેવશર્માને** પોતાના વ્યવહારકાર્યમાં પરિચય વધતાં તે **દેવશર્મા** વિષે એવી ખાતરી થઈ કે 'આ **દેવશર્મા** મારો સ્વજ્ઞાતિ અને કુલિન બ્રાહ્મણ છે; તથા ઘણો પ્રમાણિક અને સરલહૃદયનો છે, માટે તેનું મારે ભવિષ્યમાં બનતા પ્રયત્ને હિત કરવું ને સુખી કરવો. મને જોઈતો આવો માણસ મળે નહિ, છતાં ભાગ્યિયોગે મળેલો છે તો એને સારું માન આપી મારે માસિક પણ વધારી આપવું; અને એના જે બે દીકરા છે તેમનું પણ હિત કરવું. એવો મનમાં વિચાર કરી, **રવિદત્તે** **દેવશર્માને** કહ્યું કે 'હવે આજથી તમે અને તમારા પુત્રો હું તમને એક મારું મકાન છે તે રહેવા આપું છું; તેમાં રહો; ને તમે જે મારું કામ કરો છો તે પ્રમાણે કરો; ને હવેથી હું તમને પ્રત્યેક માસે રૂપીઆ ત્રિશ માસિક આપીશ તથા તમારે ને તમારા પુત્રોને સવાર સાંજ મારે રસોડેજ જમવું: અને આ તમારા બન્ને પુત્રોને હું અહીંની રાજકીય સંસ્કૃતપાઠશાળામાં મારા પરમમિત્ર **ભાનુકુમાર** મુખ્ય અધ્યાપક છે, તેમને ભલામણ કરી વિદ્યાભ્યાસ કરવા

સારું મેલું છું. માટે તમે હવે નિશ્ચિંતપણે આ તમારુંજ ઘર માનીને રહો. તમારાં ને પુત્રોનાં વસ્ત્રો પણ હું આપીશ. તથા પુત્રોને માટે જોઇતાં પુસ્તકો પણ હુંજ મારી મેળે પુરાં પાડીશ.' ભાગ્ય શું નથી કરી શકતું ? એક અતિશય રંક અને દરિદ્ર દેવશર્મા બ્રાહ્મણ, કે જે ચંપકપુરમાં ઘેર ઘેર વટલોઇ હાથમાં લઈ નારાયણ હરિ કે દયા પ્રભુની કરતો હતો, તે આજે કાશીજીમાં આવી ગાદી તકીએ બેસી એક મુનિમનો અધિકાર ભોગવે છે. કોઈ વિદ્વાને દૈવનું ચેષ્ટિત વર્ણવતાં કહ્યું છે કે,–

प्रमाणिका

जले स्थलं स्थले जलं विचित्र दैवचेष्टितं ।
अकिंचनो धनेनयुक् धनेन युग्ध्यकिंचनः ॥

ભાવાર્થ:—દૈવની કૃતિજ વિચિત્ર છે, કારણ કે તે જળને ઠેકાણે સ્થળ કરે છે; ને સ્થળને ઠેકાણે જળ કરે છે; નિર્ધનને ધનવાળો તથા ધનવાનને નિર્ધન પણ કરી મૂકે છે.

દેવશર્માને તો જેવું જોઇએ તેવુંજ મળ્યું. ને શ્રીકાશીપુરીમાં વાસ કરી સુખી થયો. પ્રાતઃકાળમાં ઉઠી ગંગાસ્નાન કરી ગાયત્રી–મંત્રનો જપ કરી શ્રીકાશીવિશ્વનાથને ગંગોદક ચઢાવી, દર્શન કરી ઘેર આવી યજમાનોની સંભાળ લે છે. સમય થયે પુત્રો પણ ગંગાજીમાં સ્નાન કરી આવી સંધ્યા તથા ગાયત્રી જપ કરી પીતા–પુત્રો સાથે રત્નિદત્ત પુરોહિતને રસોડે જમે છે. પછી પુત્રો પાઠશાળાએ ભણવા જાય છે ને દેવશર્મા યજમાનોની શર્બરામાં ગુંથાય છે. એમ કરતાં કરતાં કેટલાક દિવસો વ્યતીત થયા.

હવે દિવસો જતાં મહીધર અને ગદાધર તો પાઠશાળાના ક્રમ પ્રમાણે શબ્દરૂપાવળિ, ધાતુરૂપાવળિ અને સમાસચક્ર ગોખી કાઢી ક્રમે

કાવ્યોનો અભ્યાસ કરવા લાગ્યા. ને તે પૂરો થતાં સિદ્ધાંત કૌમુદિ ભણી પાણીનેય સૂત્રોપરનું પાતંજલ ભાષ્ય તથા મનોરમા અને શેખર સુદ્ધાંત ભણીને મહિધરે તો પાધરીજ પૂર્વમીમાંસા જોવા માંડી. અને તેમાં થોડાં થોડાં ધર્મશાસ્ત્રો પણ વાંચવા માંડયાં. મૂળે પણ તે મહિધરનો સ્વભાવ ઘણો વ્હેમી અને શંકાશીળ તો હતોજ ને તેમાં જૂદા જૂદા સ્મૃતિકારોના મતભેદો વાંચવામાં આવતાં તેનું ચિત્ત નિરંતર્ ભ્રમિત જેવું રહ્યા કરતું હતું. કર્મમીમાંસા પ્રથમ જોવામાં આવતાં તેને પ્રથમ '**કર્મ એજ શ્રેયસ્(કલ્યાણ)નો મુખ્ય માર્ગ છે,**' એવો તેના મનમાં પાકો નિશ્ચય થવાથી તે **મહિધર** સાચોજ એક આગ્રહી **કર્મઠ** થયો. પ્રતિદિન બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી શૌચથી પરવારી, ગંગાસ્નાન કરી, નિયમિત રીતે સંધ્યા વંદન, ગાયત્રીજપ, પ્રાતર્હોમ, બ્રહ્મયજ્ઞ, પિતૃતર્પણ અને પંચમહાયજ્ઞ કરી, મધ્યાહ્નસંધ્યા કરી ભોજન કરતો. ને પછી ધર્મશાસ્ત્રનાં પુસ્તકો વિચારતો. સૂર્યાસ્ત સમયે ગંગાસ્નાન કરી આવી, સાયંસંધ્યા કરી સાયંહોમ કરતો. પછી ભોજન કરી નિયમિત નિદ્રા લેતો હતો. પણ તે જે કર્મ કરતો તેના પદ્ધતિના ગ્રંથો જ્યારે જ્યારે નવા વાંચવામાં આવતા ત્યારે ઘણો શંકાશીળ થઇ, બન્ને પક્ષ માન્ય કરી, એક આજ અને એક કાલે એમ કરતો હતો. કારણકે સંધ્યાની પદ્ધતિ વાંચે તે પ્રમાણે કરે. તે વૈદિકપ્રયોગ કરે તેમાં ત્યાં વાંચવામાં આવે કે '**एता मुद्रा न जानाति तस्य संध्या वृथा भवेत्** । '(એટલી મુદ્રાઓ જે ના જાણે કે ના કરે તેની સંધ્યા નિષ્ફળ થાય.)' એટલે તે પણ તે કરતો. જેથી તેમાં સમય વિશેષ જતો ને મુખ્ય જે આવશ્યક ગાયત્રીજપ તે ઓછો થતો. એજ પ્રમાણે બીજાં કર્મોની પદ્ધતિઓમાં પણ થતું. આથી તેનું ચિત્ત નિરંતર્ શાંતિ નહિ પામતાં અશાંત રહેતું હતું. વળી તેને પછી પોતાના મનથી આવો નિશ્ચય થયોઃ—

विहितस्याननुष्ठानान्निंदितस्य च सेवनात् ।
अनिग्रहाच्चेन्द्रियाणां नरः पतनमृच्छति ॥
तस्मात्तेनेह कर्तव्यं प्रायश्चित्तं विशुद्धये ।
एवमस्यान्तरात्मा च लोकश्चैव प्रसीदति ॥

॥ याज्ञवल्क्य०

ભાવાર્થ:—શાસ્ત્રે પ્રતિપાદન કરેલાં કર્મો ના કરવાથી ને શાસ્ત્રે નિષેધ કર્મો કરેલાં કરવાથી તથા ઇન્દ્રિયોનો નિગ્રહ ન કરવાથી માણસનું અધઃપતન થાય છે. તે માટે અજાણપણે પણ જો શાસ્ત્રનિષિદ્ધ વર્તન થાય તો તેણે તે દોષના નિવારણ સારું પ્રાયશ્ચિત કરવું; જેથી તેનો અંતરાત્મા અને લોક સંતુષ્ટ થાય છે.

દેવશર્માનો મોટો પુત્ર પંડિત **મહિધર** તે પછી અહર્નિશ મનમાં એવોજ નિશ્ચય રાખેછે કે 'મારે જરા પણ શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરવું નહિ; ને દેહથી સદા પવિત્ર રહી શાસ્ત્રોક્ત કર્મ કર્યા કરવાં. તે પછી તેની પ્રીતિ પોતાની પવિત્રતા ભંગ ન થાય માટે પ્રાયશ્ચિત્તવિધિના ગ્રંથો વાંચવાની ઇચ્છા થતાં **યાજ્ઞવલ્કયસ્મૃતિ**નો પ્રાયશ્ચિત્તાધ્યાય તથા તમામ **સ્મૃતિઓ, આશૌચનિર્ણય, આપસ્તંબધર્મશાસ્ત્ર, દ્રવ્યશુદ્ધિ, પ્રાયશ્ચિત્તમયુખ, ધર્મસિંધુ, પ્રાયશ્ચિત્તવિવેક** અને **કર્મવિપાકસંહિતા**, વગેરે ગ્રંથો તેના વાંચવામાં આવ્યા. એટલુંજ નહિ પણ તે પ્રમાણે મારાથી કેમ ન વર્તાય ? એ બાબતનો આગ્રહ પણ તેને બંધાઇ ગયો. ને તુરત બીજે દિવસે નિશ્ચય કર્યો કે, 'હવેથી મારે સ્વયંપાકી (પોતાના હાથની કરેલી રસોઇજ જમવી) થવું. તથા જળાશયથી પણ પોતાનું લાવેલુંજ પાણી પીવું. પછી તેણે પોતાના પિતા અને ભાઇની સાથે રહેવું યોગ્ય ના માની, સર્વ કરતાં ભિક્ષાન્નજ પવિત્ર છે; એવો નિશ્ચય કરી, તે

ભિક્ષાન્ન લાવી, પંચમહાયજ્ઞ કરી ભોજન કરવા લાગ્યો. શરીરની પણ સ્પૃહાનો ત્યાગ કરી, કેવળ કર્મપરાયણ રહેવા લાગ્યો. એક રીતે આ માર્ગ પણ નિષ્કામબુદ્ધિ તથા કર્મફળની આસક્તિ વિનાનાને તો ચિત્તશુદ્ધિનો સંપાદક હોવાથી શ્રેષ્ઠ છે; પણ **મહિધરને** તો માત્ર આ બધું જડશ્રદ્ધા જેવુંજ હતું. કારણકે તેનું ભાવિ વિચિત્ર હતું. **માતાપિતાથી જન્મ તથા વારસો અપાય છે; પણ ભાગ્ય અને બુદ્ધિ અપાતી નથી. કારણકે ભાગ્ય અને બુદ્ધિ** તો તેના **કર્મને અનુસરતાં હોય છે.** તેવી જ રીતે આ પંડિત **મહિધર** પણ શંકાશિળ સ્વભાવનો અને વ્હેમી બનેલો હતો.

એવામાં એ **મહિધરને** તો એવું બન્યું કે 'એક દિવસ તે સૂર્યાસ્ત સમયે દિવસ બે ઘડી હતો, તે વખતે ગંગાજીમાં નાવા માટે ગયો. ને ત્યાં જેવો નાહીને સ્નાનાંત (નહાયા પછી કરવામાં આવતું) આચમન લેવા ગયો કે પહેલો અંજળિ (ખોબો) તો શુદ્ધ જળનો પીવાયો, પણ પછી ઉતાવળથી જેવો બીજો અંજળિ પીવાને માટે લીધો તેમાં તે ગંગાજીના પ્રવાહમાં કંઇકથી તણાઇને આવેલો રંધાયેલા ચોખાનો–ભાતનો દાણો અંજળિમાં આવ્યો. પણ ત્રણ વાર આચમન લેવાનું છે, તેમાં એકવાર લેવાયું છે, ને આ બીજી વારનું લેવાનું તેથી ત્રણે પૂરાં કરવાની ઉતાવળમાં આ બીજી વારનું પણ ભાતના દાણા સહિત આચમન લેવાઈ ગયું. ને મોમાં મૂકતાંની સાથેજ તે ગંગાજળના ઘુંટડા સાથે ભાતનો દાણો પણ ગળે ઉતરી ગયો. ને પછી ત્રીજું આચમન લઈ બહાર નીકળી, ધોઇને સૂકવેલું વસ્ત્ર પહેરીને નાતાં પલાળેલું વસ્ત્ર ધોઇ, સંધ્યા માટે સાથેના પાત્રમાં ગંગાજળ ભરી, પ્રથમ શ્રીકાશીનાથનાં દર્શન કરી, પોતાના રહેવાના સ્થાનમાં આવી, સાયંકાળનું નિત્યકર્મ કરવા બેઠો. પણ ગંગાજીમાં નાહીને આચમન લેતી વખતે બીજા આચમ-

નમાં જે ભાતનો દાણો આવેલો તે સમયે બે ઘડી દિવસ હતો જેથી સૂર્યના પ્રકાશને લઇ પોતાનાં નેત્રોથી 'આ ભાતનો દાણો છે' એમ સ્પષ્ટ જોવામાં આવ્યું હતું; પણ ત્રણ આચમન ઝટ પૂરાં કરવાના વેગમાં ઉતાવળથી ભાતનો દાણો ગળે ઉતરી ગયો છે. તે વાતનું તેને પ્રતિક્ષણ સ્મરણ આવ્યા કરતું હોવાથી, જેમ કોઇ મર્મસ્થાનમાં તીર વાગ્યું હોય ને વેદના થાય, તથા ઊંનુ કડકડતું તેલ પીવાતાં હૃદયમાં જેવો દાહ થાય તેવો અખંડ દાહ થવા લાગ્યો. જેથી તેના તે સાયાહ્નિકકર્મમાં પણ લેશ માત્ર ચિત્ત ગોઠયું નહિ. ને તે જ્યારે રાત્રિ જતાં તેની પથારીમાં સૂતો ત્યાં પણ તેની ચિંતામાંજ તેનું હૃદય સળગવા લાગ્યું. હૃદયમાંથી એવાજ વિચારોની પરંપરાઓ ઉઠવા લાગી કે "હાય હાય! આ શો દૈવકોપ થયો! હાય હું વટલી ગયો! હાય હું ભ્રષ્ટ થયો! હાય હું બ્રાહ્મણપણાથી દૂર થયો! અરે મારું દ્વિજત્વ નષ્ટ થયું! હાય હું મહા પાપી થયો! અરે! રે! હું પતિત થયો! હાય હાય! હવે હું શું કરીશ?" આવા શબ્દો બોલાતાં હૃદયમાં દારુણ ચિંતાની લ્હાય સળગી ઉઠી. જેથી ઉપરા ઉપરી નિસાસા નાંખવા લાગ્યો. હૃદય જડ બની ગયું ને તે બેભાન બની રાત્રિએ જ્યાં પથારીમાં સૂતો હતો ત્યાં મોટા અવાજે બુમો પાડીને ઉઠયો. જેથી તેની પાસેના એક જુદા ઘરમાં તેનો બાપ **દેવશર્મા** અને તેનો ભાઈ **ગદાધર** સૂતા હતા તેઓ ઉઠીને ત્યાં આવ્યા; ને કહ્યું કે ભાઈ! ભાઈ! **મહિધર**! શું છે? શું છે? તું કમાડ ઉઘાડય? પછી **મહિધરે** કમાડ ઉઘાડયાં. ને તેને **દેવશર્માએ** ધીરે રહી આશ્વાસન આપવા માંડયું. તેના શરીરે હાથ ફેરવીને પૂછ્યું કે ભાઇ કહો? તમને શું થયું કે એકાએક ચમકી ઉઠયા? તમારો છાતી ઉપર હાથ પડયો હતો? ચતા સૂઇ રહ્યા હતા? અથવા કાંઇ તમને ભયભીત થવાય એવું ખોટું સ્વપ્ન આવ્યું હતું? કાં તમારા શરીરમાં

એકાએક કાંઇ પીડા થઈ આવી કે કેમ ? તમારાથી ઉંચા સાદે બૂમો પાડી જવાઇ ? એટલામાં તો તે ઘરના ધણી પુરોહિત રવિદત્ત પણ માણસોની બોલચાલ સાંભળી ઉઠીને ત્યાં આવ્યા. ને દેવશર્માને પૂછ્યું ત્યારે બનેલી વાત તેણે કહી બતાવી. પછી રવિદત્તે પણ ઘણું આશ્વાસન આપ્યું. તો પણ જેમ કોઇ મોટો દાવાનળ સળગી ઉઠયો હોય તેમાં કોઇ માત્ર પાણીનો એક કોગળો કરે તેથી કાંઇ દાવાનળ શાંત થાય નહિ, તેમ પંડિત મહીધરનું હૃદય માનસ્ ચિંતારૂપ પ્રલયજેવા પ્રચંડ અગ્નિથી એવું તો સળગી ઉઠયું કે તેના રોમે રોમે દાહ ઉડવા માંડયો. ને હૃદયમાં જ્યારે ના રહેવાયું ત્યારે ખુલ્લે મોઢે ઉંચા સાદે તે રોવા લાગ્યો. ત્યારે તો દેવશર્મા, ગદાધર અને રવિદત્ત સર્વે ગભરાયા. ને પછી તેને રવિદત્તે પૂછ્યું કે ભાઇ ! તને શું થાય છે ? તે તું ઝટ કહે, તો અમને તેનો ઉપાય સુઝે. તને માથામાં, મોઢામાં, છાતીમાં, પેટમાં કે પછી બીજા કોઇ શરીરના અવયમાં પીડા થાય છે ? જો તેમ હોય તો હું કોઇ વૈદ્યને તેડાવું ? માટે તું જરા પણ ચિંતા રાખ્યા વિના કહે ? ત્યારે મહીધર બોલ્યો કે 'મારા શરીરમાં કોઇ પણ વ્યાધિ થયો નથી પણ માત્ર માનસ્ આધિજ ઉત્પન્ન થઇ આવ્યો છે, જેથી તેમાં વૈદ્યનું કાંઈ ચાલી શકે તેમ નથી.'

તે સાંભળી પુરોહિત રવિદત્ત બોલ્યા કે ત્યારે તમને હૃદયમાં એવી મોટી ચિંતા ઉપજવાનું શું કારણ છે ? તે કહો. તમારે કોઇ સમર્થ પુરુષ સાથે કલહ થયો છે ? અથવા કોઇ રાજ્યના અપરાધમાં આવી ગયા છો ? કોઇનું લેણું તમારી પાસે વધી ગયું છે ? કાં સભામાં અપમાન પામી આવ્યા છો ? કોઇ મહાત્માનું અપમાન તમારાથી થઇ ગયું છે ? કોઇ પતિવ્રતા સતીનું અપમાન થયું છે ? કિંવા તમારાથી બ્રાહ્મણ જાતીને ન ઘટે એવાં મદિરાપાન, માંસભક્ષણ કે વેશ્યાસંગ જેવાં પાપાચરણ થઇ ગયાં છે ? અથવા કોઈ નીચું દાન

લેવાયું છે? જે થયું હોય તે કહો? તો તેના ઉપાયોની યોજના કરી તમારા દુઃખનો પ્રતિકાર (અટકાવ) કરીએ.

એ પ્રમાણે **રવિદત્ત**નું બોલવું સાંભળીને **મહિધર** તો ઉપરા ઉપરી નિસાસા નાંખવા લાગ્યો, ને તેનું તો ફરી પાછું હૃદય ભરાઇ આવ્યું, ને રોવાઇ જવાયું. ત્યારે તેના બાપે તેને પોતાની છાતી સાથે દબાવી ઘણો સમજાવીને કહ્યું કે 'ભાઇ તું આવો બ્હેબાકળો ને અધિરો થઈ રોઉં એ ઠીક કહેવાય? અત્યારે એવી શી તારે માથે મોટી દુઃસહ આપત્તિ આવી પડી છે? વળી અત્યારે તો તારે માથે હું પણ બેઠો છું. જેથી કોઇ પ્રકારના વ્યવહારનો ભાર પણ તારે માથે વિંઢારવાનો નથી. વળી તેમાં શ્રીકાશીવિશ્વનાથ મહારાજની કૃપાથી આપણુને આ પુરોહિત પંડિત **રવિદત્તજી** જેવાની મોટી ઓથ મળી આવી છે. વળી તું પણ અત્યારે કાંઇ નાનો પારણામાં સૂતો નથી, પણ ભણી ગણીને સારો વિદ્વાન થયો છું. મારું તો શરીર નશ્વર ને ક્ષણ ભંગુર હોવાથી તથા અવસ્થા થવાથી મારા દેહનો તો કાંઇ ભરોંસો નથી, જેથી આ **ગદાધર** તારો નાનો ભાઇ છે માટે તેને સંભાળવા–સાચવવાનું કામ પણ હવે પછી તારે માથે છે. છતાં તું આવો કાયર અને નિર્બળ થઇ રોવા બેસીશ તો પછી તમારો બેનો નિભાવ કેમ થશે?"

માટે ભાઇ સ્વસ્થ થા. અને આ **રવિદત્તજી** જે પૂછે તેનો ઝટ પ્રત્યુત્તર આપ્ય.

મહિધર—મહારાજ! મારાથી બીજું તો કાંઇ પણ અનાચરણ કે દુરાચરણ થયું નથી; પણ હું તો ભ્રષ્ટ થઇ ગયો, પાપી થયો, પતિત થયો ને હવે હું મારા બાપના કે ભાઇના કામનો રહ્યો નથી. હાય! હાય! હવે મારાથી મારા અંતરનો પરિતાપ સહેવાતો નથી!

રવિદત્ત—અરે પણ તમે પૂરી વાત તો કરો?

મહિધર—અરે બાપજી! વાત તે શી કરું? હું જાતિત્ત્વ હારી બેઠો! દ્વિજત્વ ખોઇ બેઠો! અરે હાય! બ્રહ્મત્વ ગુમાવી બેઠો! માટે હવે તો મુઆ વિના મારી ગતી નથી.

દેવશર્મા—અરે ભાઇ! તું તારી પૂરી વાત **તો કર્ય! અમે** જાણીએ તો ખરા કે તું શું કરી બેઠો?

મહિધર—પિતાજી! હવે કાંઈ કહેશો નહિ; તમે હવે **એમજ** માનજો કે પ્રભુએ તમને એકજ પુત્ર આપ્યો હતો; ને બીજો **હવે જ** નહિ. કાં હતો તો વટલી ગયો, વંઠી ગયો કે મરી ગયો.

રવિદત્ત—અરે ભાઈ! પણ અમે તમારી વાત તો જાણીએ કે તમારાથી શું થયું?

મહિધર—મહારાજ! પણ મારી જીભ ઉપડતી નથી.

રવિદત્ત—મહિધર! જુઓ ધર્મશાસ્ત્રનો એવો અભિપ્રાય છે કે કોઇ પણ માણસે કાંઈ પ્રચ્છન્ન (છાનું) પાપ કરેલું હોય તો પણ તેણે પોતાનાં વૃદ્ધ (માબાપ), ગુરુ તથા પ્રાયશ્ચિત્ત આપનાર બ્રાહ્મણોની પર્ષદ્(ધર્મનો નિર્ણય કરનારા બ્રાહ્મણોની સભા) વિદ્યમાન તો જે હોય તે કહીજ દેવું જોઇએ. છાનું પણ પાપ પ્રસિદ્ધ કરવાથી તેના કેટલાક અંશો ક્ષીણ થાય છે. વળી અમને કહેવાથી તમને કોઈ જાતના લૌકિક વ્યવહારનો બાધ પણ નડશે નહિ; માટે જો હોય તે કહી દો, કે શીઘ્ર તેનો ઉપાય થાય.

મહિધર—મહારાજ! આજ સાયંકાળના સમયે હું ગંગાસ્નાન કરવા ગયો હતો. ત્યારે ભગવાન્ સવિતાનારાયણ અસ્તાચળના શિખરે પધારવાની તૈયારીમાં હતા; તથાપિ તેમની પ્રભા સર્વત્ર પ્રસરેલી હોવાથી પૃથ્વીપરનાં સર્વ અણુ–પરમાણું સર્વ નેત્રોથી સ્પષ્ટ જોઇ શકાતાં હતાં. તેવામાં મેં ગંગાજીના પ્રવાહમાં પ્રવેશ કરી સ્નાન કરવા માંડયું. ને તે પછી સ્નાનાંત આચમન લેવું જોઇએ તેમાટે એક આચમન લીધું ને જેવો

બીજું આચમન લેવા જાઉં છું એટલામાં આચમનના જળ સાથે તે ગંગાજીના પ્રવાહમાં દૂરથી તણાઇને આવેલો ચોખાનો દાણો-ભાતનો દાણો-આવ્યો ને તે ઉતાવળથી તે ગંગાજીના આચમનિય જળસાથે મોમાં જઇ તુરત ગળે ઉતરી ગયો. જેથી તેજ વખતથી મારા હૃદયમાં પરાન્નનો દાણો જતાનીસાથે ચિંતાના અગ્નિની દારુણ લ્હાય લાગી છે. ને તેનો મને ઘણામાં ઘણો પરિતાપ થાય છે. હવે મને એમ થાય છે કે 'અરેરે! એ ભાતનો દાણો કેમ જાણ્યું કે બ્રાહ્મણનોજ હશે? કદાપિ તે કોઇ ક્ષત્રિય, વૈશ્ય, કે શૂદ્રનો હશે તો મારી શી ગતિ થશે? અરે તે નહિ તો કોઈ અતિ શૂદ્ર કે કોઈ યવનના અન્નનો હશે તો અરેરે! મારી તો હવે શીએ માઠામાં માઠી દશા થશે? એટલું બોલીને મોટા સાદે રોવા લાગ્યો!! તે જોઇને ખુબ હસી પડી પુરોહિત બોલ્યા.

રવિદત્ત—દેવશર્મા? તમારા ચિરંજીવી **મહિધરે** તો મોટામાં મોટું પાપ કર્યું, અધર્મી થઇ ગયા, પતિત થઇ ગયા, વટલી ગયા. અરે પ્રભુ! આવાં વેદીઆં ઢોર, કે જેને કાંઈ દેશકાળનુંએ ભાન નહિ, એમનું તે કાંઈ માણસમાં લેખું ગણાવાનું? મેં જાણ્યું કે કોણ જાણે કેવુંએ મોટું પાપ થઇ ગયું હશે? ને શુંએ અનાચરણ થઇ બેઠું હશે? કે કોઇ મોટામાં મોટો રાજ્યાપરાધ થઇ બેઠો હશે? "ઓહો! આતો ઢેકું ભાગીને ધૂળ, પીંછાનું પારેવું, રજનું ગજ ને પેટ ચોળીને શૂળ ઉભું કરવા જેવું અજ્ઞાન. અરેરે! આવા પુરુષો કે જે ભણ્યા પણ ગણ્યા નહિ, એવાઓને ઇશ્વર શું કામ જન્મ આપતા હશે? **આવા વ્હેમી દેશનું, કુટુંબનું ને પોતાનું શું ભલું કરી શકે!**

રવિદત્ત—અરે મહિધર! હું તો જાણું છું કે 'તમને દુઃખ, ચિંતા ને પરિતાપજ વહાલો છે. તમે ભણ્યા છો ખરા

પણ તમને તેનો પૂર્વાપર વિચાર કરતાં આવડતો નથી. મારા જાણવા સમજવા પ્રમાણે કહું છું કે તમારાથી લેશ પણ અનાચરણ કે દુરાચાર થયો નથી. તમે વટલ્યા કે ભ્રષ્ટ થયા નથી. તમે પાપી કે પતિત થયા નથી. ભાઈ! તમે છો તેવાને તેવા છો. તમે કાંઇ જાણી જોઇ કોઇનું પરાન્ન જમ્યા નથી. ગંગાજીમાં સ્નાન કરીને આચમન કરતાં કોઈ ઠેકાણેથી તણાતો ભાતનો દાણો આવ્યો ને તે અજાણે ગળે ઉતર્યો તેમાં તમને શું પ્રાયશ્ચિત્ત લાગ્યું? ભાઈ! તમને લાગેલા દોષના કરતાં તો તમે વૃથાપરિતાપ કરી શરીરમાંથી કેટલુંક લોહી બાળી મૂક્યું. ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

कृते पापेऽनुतापो वै प्रायश्चित्तं प्रजायते ।

(પાપ થયા પછી તેનો જે પશ્ચાતાપ થાય છે તે પણ થયેલા પાપનું નિવારક પ્રાયશ્ચિતજ ગણાય છે.) માટે હવે તમારે તે સંબંધમાં કાંઇ પણ કર્ત્તવ્ય બાકી નથી. માટે ભાઇ! તમે તમારા મનને સ્વસ્થ કરી નિદ્રા લ્યો.

મહિધર—પુરોહિતજી મહારાજ! આપ કહો છો એ યથાર્થ છે; પણ આપની કૃપાથી મેં પણ કાંઈ શાસ્ત્ર અધ્યયન કર્યું છે, ધર્મશાસ્ત્રો વાંચ્યાં છે, છતાં આપ કહો તે મારાથી કેમ મનાય? મહારાજ! ગંગાજળ સાથે ગયેલા ભાતના દાણાનો બાધ ના હોય તો ગંગાકીનારાપર ગંગાજીના જળથી રંધાયેલું શૂદ્રનું અન્ન શું બ્રાહ્મણ ખાઈ શકે?) માટે હું એવી વાતથી તો માનું નહિ. ને મારા મનનું સમાધાન થાય તોજ મારું મન નિશ્ચિંત થાય.

રવિદત્તે તે વ્હેમી **મહિધરનું** બોલવું સાંભળી તેને કહ્યું કે 'ઠીક ભાઇ ત્યારે કાલે અનધ્યાયનો દિવસ આવે છે માટે હું તારે સારૂં આ કાશીક્ષેત્રના વિદ્વાનોને બોલાવી તારે સારું ઘટિત પ્રાયશ્ચિત્તનો નિર્ણય કરાવી તને પ્રાયશ્ચિત્ત અપાવી નિર્દોષ કરાવીશ. એમ કહી પોતાના

સ્થાન પર ગયા. ને **દેવશર્મા** પણ પછી પ્રાતઃકાળ થયો તેથી પોતાનાં સ્નાનસંધ્યાદિ નિત્યકર્મો કરવા માટે ગયા. ને પંડિત **મહિધર** પણ શૌચથી પરવારી ગંગાસ્નાન માટે ગયો.

પછી **રવિદત્તજી** પોતાના નિત્યકર્મથી પરવારી **મહિધર** જે પાઠશાળામાં ભણેલો છે તેના અધ્યાપક તથા પોતાના પરમમિત્ર **ભાનુકુમાર** કે જે **મહિધર**ના વિદ્યાગુરુ થાય છે તેમને ઘેર જઇ **મહિધર** વિષેની સંક્ષેપમાં વાત કરી પોતાને ઘેર તેડી લાવ્યા. તે પછી **મહિધરને** પાસે બોલાવીને **રવિદત્તે** કહ્યું કે 'ભાઈ **મહિધર** જો! આ તારા અધ્યાપક અથવા વિદ્યાગુરુ પધાર્યા છે, માટે તેમની પાસે તારે તારી ચિંતાના કારણ માટે જે કાંઇ પૂછવું હોય તે પૂછી લે. તેઓ આ વારાણસીક્ષેત્રમાં ઘણા સુપ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત પુરુષ છે. તથા સ્વભાવે ઘણા શાંત, દયાળુ ને ધર્મનિષ્ઠ છે. વળી તેઓ તારા સા વિદ્યાપ્રદાતા હોવાથી તેઓ તારા ખરા આપ્ત છે. ને પોતે વિદ્વાન અને પ્રામાણિક હોવાથી તને યથાર્થ કહેનારા છે. માટે તારાથી થયેલા દોષમાટે તું તેમને પૂછી જો.

પછી ત્યાં તે **મહિધર** આવ્યો ને જેમ કોઇ પ્રાયશ્ચિત્ત લેનાર પર્ષતના બ્રાહ્મણોને પૂજ્ય ભાવે પૂજે અને સત્કાર કરે તેમ તે **મહિધરે** પણ વિધિવત્ પોતાના ગુરુ **ભાનુકુમારનું** ગંધાક્ષતથી પૂજન કરી સમીપમાં એક રૂપીઓ તથા શ્રીફળ મૂકી, સાષ્ટાંગ પ્રણામ કરીને બોલ્યો કેઃ—

મહિધર—હે મારા જંગમતીર્થરૂપ પંડિતરાજ ગુરો! આ આપનો બાળક ગઇ કાલે સાયાહ્નસંધ્યા કરવા સારું ગંગાકીનારે ગયો હતો ત્યાં સ્નાન પછીના આચમનમાં બીજું આચમન લેતાં ગંગાજળ સાથે તણાતો એક ભાતનો દાણો આવ્યો ને તે આચમન મારાથી ઉતાવળને લઈ મોંમાં મૂકાયું ને ભાતનો દાણો ગળે ઉતરી ગયો.

ત્યારથી હું કોઇ અન્યવર્ણનું અન્ન ઉદરમાં જતાં અતિશય શંકાયુક્ત થઈ હૃદયમાં ચિંતાગ્નિથી શેકાઇ જાઉં છું; ને મને કાંઇ આહાર લેવો કે નિદ્રા લેવી પણ સુજતી નથી. મહારાજ! હું એક અલ્પ અને દીન તથા નિષ્કિંચન આપનો બાલક છું. માટે તેનું મને સારામાં સારું પ્રાયશ્ચિત્ત બતાવો. મને આપ જે આજ્ઞા કરશો તે પ્રાયશ્ચિત્ત ગમે તેવું દુષ્કર અને કઠિણ હશે તો પણ હું કરીશ. માટે મને પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કરો.

પંડિત **ભાનુકુમાર** સાચા વિદ્વાન, પ્રમાણિક અને દયાળુ તથા પ્રાયશ્ચિત્ત આપનારના ધર્મોના જ્ઞાતા હોવાથી એ સંબંધમાં પોતે ખુબ વિચાર કરીને બોલ્યા કે ભાઇ? પ્રાયશ્ચિત્ત તો હું તને બતાવું, પણ તેં જે દોષ બતાવ્યો તે દોષ કે તેમાં તારો અનાચાર, દુરાચાર કે કોઇ જાતનું તારાથી પાપ થયું હોય એમ મારાથી સમજાતું નથી. 'તું તારીજ મેળે વિચાર કર્ય,' તું પંડિત છું, સાક્ષર છું, ધર્મશાસ્ત્રોનો જ્ઞાતા છું. આમાં શો એવડો બધો તારાથી અનાચાર થઇ ગયો છે? કે તું પ્રાયશ્ચિત્તની પૃચ્છા કરે છે?

તેમ છતાં પણ તેં મને પૂછ્યું તો તારા મનના સમાધાન માટે મારા હૃદયમાં જે ઉતરે છે તે તને કહું છું તે સાંભળ્ય.

ભાઇ **મહેશ્વર**! પ્રાયશ્ચિત્ત તો જ્ઞાત (જાણીને કરેલા) પાપનું છે. અજ્ઞાત પાપનું પ્રાયશ્ચિત્તજ શું? જ્ઞાત પાપના પ્રાયશ્ચિત્તમાં પણ યોગીશ્વર યાજ્ઞવલ્કયે કહ્યું છે કેઃ—

देशं कालं वयः शक्तिं पापं चावेक्ष्य यत्नतः ।
प्रायश्चित्तं प्रकल्प्यं स्याद्यत्र चोक्ता न निष्कृतिः ॥

ભાવાર્થઃ—દેશ, કાળ, વય (ઉમ્મર), શરીરશક્તિ અને કરેલું પાપ, એ પ્રયત્નથી વિચારી જેની નિષ્કૃતિ શાસ્ત્રમાં ના બતાવી હોય તેનું પ્રાયશ્ચિત્ત ધારી ને આપવું.

ભાઇ મહિધર! જો હવે હું તારે માટે કહું છુ કે—

अग्नि प्राप्य यथा तार्ण्यं तुलराशिर्विनश्यति।
तथा गंगांबुपानेन पातकं भस्मसाद्भवेत्॥

ભાવાર્થઃ—ચાર કે રૂના ઢગલામાં જેમ જરાક અગ્નિ પડવાથી તે બળીને ભસ્મ થાય છે, તેમ ગંગાજળનું પાન કરવાથી સર્વ પાપો બળીને ભસ્મ થાય છે; એમ શ્રીવિષ્ણુભગવાને ગરુડ પ્રતિ કહ્યું છે. વળી ભાઇ તું સાંભળ્યઃ—

चांद्रायणं चरेद्यस्तु महत्वं कायशोधनम्।
पिबेद्यश्चैव गंगांभः समौस्यातामुभावपि॥

ભાવાર્થઃ—અનેક દેહોની શુદ્ધિ કરનારું ચાંદ્રાયણ કોઇ કરે, કે માત્ર થોડા ગંગાજળનુ પાન કરે તે બેયનું સમાન ફળ કહ્યું છે.

માટે ભાઈ મહિધર! તમારાથી તો ગંગાજળના પાન સાથે-જ પ્રાયશ્ચિત્ત થઇ ગયું છે; માટે હવે કાંઇ પણ તે વિષે તમારે વિશેષ કરવાનું બાકી રહેલું નથી. તેથી હવે તમે ચિત્તને સ્વસ્થ કરી શાંત થાઓ. હું તમને નિઃસંદેહપણે કહું છું કે ભાઈ! તમે પ્રાયશ્ચિત્તાધિકારી નથી. જ્યાં સુધી અપરાધનો નિશ્ચય ન થાય ત્યાં સુધી ન્યાયાધિશ ન્યાય આપી શકે નહિ. ને વ્યાધિનું નિદાન કલ્પવામાં આવે નહિ ત્યાં સુધી તેની ચિકિત્સા કુશળ વૈદ્યથી થઈ શકે નહિ. માટે ભાઇ! તમે પણ પ્રાયશ્ચિત્ત કરવાને યોગ્ય છો એમ મારા મનમાં સમજાતું નથી, માટે હું હવે તમને શું પ્રાયશ્ચિત બતાવું?

ભાઈ! હવે તમે તમારા મનમાંથી મારા બોલવા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી, તમે તમારા મનને ગતસંદેહ કરી સ્વસ્થ થઈ તમારા આવસ્યક કર્તવ્યમાં પ્રવૃત્તિ કરો.

ખરી રીતે મનુષ્યે એવી સહેજ નજીવી બાબત પર મનના કુતર્કો દોડાવી ખોટી ખોટી કલ્પનાઓ કરી, જે મહત્વ ભરેલાં

કર્તવ્યો છે તેને એક પાસે બાજુ પર મૂકી, કોઠી ધોઇ કાદવ કાઢવા જેવું, પાણી વલોવી વિષ કાઢવા જેવું, વૃથાવાદ કરી આયુષ્ય ગુમાવવા જેવું તથા ફોતરાં ખાંડવા જેવું કરી, પોતાના મનને નજીવા કામમાં રોકી પ્રમાદી બનાવવું એ શું તમારા જેવા સાક્ષરને યોગ્ય છે?

ભાઇ! હવે તમે મારી એક વાત સાંભળો. તમે જન્માંતરના મોટામાં મોટા પુણ્યસમૂહના ઉદયથી પ્રથમ તો બીજી સર્વ યોનિ કરતાં આ ભારતવર્ષમાં મનુષ્ય યોનિ પામ્યા છો. તેમાં પણ અન્ય જાતિત્વ કરતાં દ્વિજત્વ પામ્યા છો. તેમાં વળી શ્રેષ્ઠ બ્રાહ્મણપણું પામ્યા છો. માટે તમારે અન્ય સર્વનો ત્યાગ કરી તમારું બ્રહ્મત્વ સિદ્ધ કરવાનું છે. અને તેને માટે

'य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु।

(જે ધર્મો ઉપનિષત્માં કહેલા છે તે મારાવિષે હો તે મારા વિષે હો)' એટીજ નિરંતર્ ભાવના કરી, આત્માનાત્માનો વિવેક કરી, તમે તમારા સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ કરી,—અપરોક્ષ આત્મસાક્ષાત્કાર કરી સાચામાં સાચા શુદ્ધ બ્રહ્મરૂપ બ્રાહ્મણ થઇને રહો; કે પછી તમને કોઇ પણ પ્રકારનાં ગુરુ—લઘુ પાપોનો સ્પર્શજ નહિ થાય ને પ્રાયશ્ચિત્ત ખોળવાનો પ્રસંગજ નહિ આવે. ભાઇ! આ પ્રાપંચિક વ્યવહારમાં જોતાં યથાર્થ પ્રાયશ્ચિત્ત કે યથાર્થ શૌચ (પવિત્રતા) આત્મસ્વરૂપનું સમ્યક્દર્શન એજ છે. બાકી તો બધો શબ્દ સમૂહનો વિસ્તારજ છે. ભાઇ! ભાતના દાણાની કયાં વાત કરો છો?

अत्यंत मलिनो देहो देही चात्यंत निर्मलः ।
असंगोहमितिज्ञात्वा शौचमेतत्प्रचक्षते ॥

ભાવાર્થ:—દેહ અત્યંત મલિન છે ને અત્યંત નિર્મલ આત્મા છે, માટે નિરંતર્ હું આ ક્ષણભંગુર, વિકારી અને પરિણામી પંચભૂતના દેહથી નિરંતર્ અસંગ રહેલો છું; એવા સુદૃઢ નિશ્ચયથી જે

પોતાના આત્માને દેહાધ્યાસથી અલગ કરી, આત્માકાર વૃત્તિથી સ્વ-રૂપાકારશાંઆ જાણે છે તે સાચું ને યથાર્થ શૌચ (પવિત્રતા) કહેવાય છે.

માટે બાઇ! તમે તમારા મનથી આત્મભાવનાને સુદૃઢ કરી, અ-તની હાણનો સંદેહ કાઢી નાખી, સ્વસ્થ થાઓ; તથા ઉપનિષદોનું અ-વલોકન કરો. શ્રીકૃષ્ણ પ્રભુએ પણ ગીતાજીમાં કહ્યું છે કે:—

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।

नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥

ભાવાર્થ:—અજ્ઞાની શ્રદ્ધા વિનાનો અને સંશયવાળો એ ત્રણે યથાર્થ કર્તવ્યથી ભ્રષ્ટ થાય છે; તેમાં પણ શંકાશીલ સ્વભાવવા-ળાને તો આ લોક કે પરલોકમાં ક્યાંએ સુખ મળતું ન હોવાથી તે તો ઉભયલોકભ્રષ્ટ થાય છે.

માટે બાઇ ! મારા ઉપર જો તમને શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો તમે હવે શીઘ્ર તમારા મનમાંથી ક્લેશના કારણરૂપ વહેમ કાઢી નાખી સ્વસ્થ થઈ તમે તમારા ઇષ્ટ કર્તવ્યમાં જોડાઓ.

મહિલા—ગુરુજી ! આપનું કહેવું યોગ્ય છે પણ મને તો હવે એમ થાય છે કે એ ઘરાન્ત કોનું હશે ? અરેરે ! એ બાતનો દાણો મારા મોમાં શું અને વરસાદી આળસુ પણાથી વેગળો કરી પેટમાં ગયો ? અરેરે ! મારી પ્રાણાયામોવડે શુદ્ધ થયેલી નાસિકાઓ તથા મારાં પરમ પુનિત વેદમાતારૂપ ગાયત્રીના મહામંત્રનો ઉચ્ચાર કરવાના કિંવા વાચિક જપ કરવાના સ્થાનરૂપ મારી જીભ (જીભ), તથા ઉપાંશું જપના સ્થાનરૂપ કંઠસ્થાન અત્યંત અશુદ્ધ થઇ ગયાં. અરેરે ! મારા હૃદયમાંથી સ્ફુરણરૂપે ઉપજતા મંત્રોચ્ચાર-ના સાધનરૂપ તથા માનસ જપના સ્થાનને પણ એ બાતના દાણાએ અભડાવ્યું ! હજે તો પાછી મારા શરીરમાં જઠરક્રિયા (કોઠા-માંની પાચન ક્રિયા) તો ચાલુ રહેવાથી તે બાતનો દાણો પચી

જતાં તેનો રસ થશે, તેના સ્થૂળ અંશથી મારા શરીરમાં લોહી, માંસ, મેદ, મજ્જા, ત્વચા અને અસ્થિ વગેરે સપ્ત ધાતુઓને અશુદ્ધ પોષણ મળશે, તથા તે રસના સૂક્ષ્મ અંશથી, મારૂં બુદ્ધિતત્ત્વ પોષાશે ને તેથી મારી બુદ્ધિ મલિન થશે, ને તેથી મારા હૃદયમાં જડતા વધશે, ને તેને લીધે મારા હૃદયમાં ધર્મ—કર્મના, આચાર-વિચારના અને આત્મધર્મના સાત્ત્વિક વિચારો નહિ ઉપજતાં કેવળ અશુદ્ધના અને તામસી વિચારો ઉપજશે. તેથી મરણથી, હિંસાદિ કર્મમાં પ્રવૃત્તિ થતાં અરેરે! હું નરકગમનનોજ અધિકારી થઇશ. ધિક્કાર આ જીવવું!! ધિક્કાર છે મને! હવે તે હું શું કરૂં? શી રીતે મારો દેહ છૂટી જાય? હવે હું ક્યાં જાઉં? ક્યાં બેસું? શું કરૂં? કોની શરણે જાઉં? કે મને સુખી કરે?

હે મારા પ્રાણદાતા ગુરો! હવે તો મારા ઉપર દયા કરી પ્રાણાંત પ્રાયશ્ચિત્ત આપો. કહો તો આ કાશી ક્ષેત્રમાં મારા શિર ઉપર કરવત મૂકાવું, કહો તો ગંગાજીના પ્રવાહમાં જળશાઇ કરૂં (જળમાં પડું), અને કહો તો અગ્નિપ્રવેશ કરૂં.

મહિધરના આવા ઉગ્ર વિચાર સાંભળી ભાનુકુમ રતો સ્તબ્ધજ થઇ ગયા ને પુરોહિત રવિદત્તને તથા તેના બાપ દેવશર્માને બોલાવીને કહ્યું કે જરા તમે બન્ને મારા સાંનિધ્યમાં આવો, ને પછી મારે જે કાંઇ કહેવાનું છે તે તમારા બન્નેના સમક્ષમાંજ એને હું કહી દઉં. પણ આ મહિધરનું કોઇ પૂર્વનું અનિષ્ટકર્મ તેનું અધઃપતન કરવા પ્રેરણા કરતું હોય તેમ મને લાગે છે; કારણ કે મેં એને અત્યાર સુધી જે જે કહ્યું છે, તે તે સમજીને મારી યોગ્યતા પ્રમાણે કહ્યું છે, તથાપિ તેને લેશ માત્ર અસર થઇ નથી, ને તેનાથી તેમાં સમજણ આવી નથી, પણ ઉલટો તો તે વધારે વધારે કુશંકામાં ઊંડો ઉતરે છે. શાસ્ત્રનો ઉપદેશ તો જેઓ શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રશ્રુતિથી

ઓનારા છે તેમનેજ સાર્થક નિવડે છે. પણ હઠાગ્રહીઓને ને કુતર્કીઓને તો તે કેવળ અશાંતિ ઉપજાવનારોજ થાય છે.

ભાનુકુમાર—પુરોહિત રવિદત્તજી! જુઓ, પ્રાયશ્ચિત્ત તો જેવો માણસ ને જેવું પ્રાયશ્ચિત્ત તેવો તેનો વિચાર કરીને આપવાનું હોય છે. કારણ કે તે વિષે સ્મૃતિમાં એવો લેખ છે કે,

केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो हि निर्णयः ।
युक्तिहिने विचारे तु धर्महानि प्रजायते ॥

ભાવાર્થ:—કેવળ શાસ્ત્રનો આધાર રાખીને કોઇ વાતનો નિર્ણય કરવો નહિ; પણ તેમાં યુક્તિ પ્રમાણની આવશ્યકતા હોવાથી તે પણ લેવું; યુક્તિહિન વિચાર તથા નિર્ણય કરવામાં ધર્મની હાનિના પ્રસંગો આવે છે.

એ વિષે બીજા સ્મૃતિકારે પણ કહ્યું છે કે

देशकालवयोऽवस्था बुद्धिशक्त्यनु सारतः ।
धर्मोपदेशो भैषज्यं वक्तव्यं धर्मपालकैः ॥

ભાવાર્થ:—ધર્મનો ઉપદેશ તથા સંરક્ષણ કરનારા આચાર્યોએ દેશ, કાલ (સમય), વય (ઉમ્મર), અવસ્થા તથા બુદ્ધિશક્તિનું પ્રમાણ જોઇનેજ ધર્મરૂપ ઔષધ આપવું.

પ્રાયશ્ચિત્તના ગ્રંથોમાં નીચેપ્રમાણે પ્રાયશ્ચિત્તના આમ્નાયો (પ્રાયશ્ચિત્ત નિવારણના ઉપાયો) બતાવ્યા છે; જેવા કે:—ગાયત્રી મંત્રનો જપ, ઇશ્વરના નામમંત્રનો જપ, તલનો હોમ, બ્રાહ્મણભોજન, સ્નાન, વેદપાઠ, પ્રતિદિન એક એક યોજન (ગાઉ ચાર ગાઉ) ફરી ફરીને તીર્થાટન કરવું, ગોદાન આપવું, સૂર્યનારાયણને પ્રણામો કરવા, ઉપવાસો કરવા, ગાયના મૂત્રમાં જવ રાંધીને ખાવા, પંચગવ્ય—ગાયનું છાણ, મૂત્ર, ઘી, દૂધ, અને દહીં એ બધું મિશ્ર કરી પીવું, રૂદ્રીઓનાં આવર્તનો (પાઠ) કરવાં, કૃચ્છ્રવ્રત, પ્રાજાપત્યવ્રત કે ચાંદ્રાયણો કરવાં અથવા પ્રાણાયામ કરવા. ઇત્યાદિ પ્રાય-

પ્રાયશ્ચિત્તના ઉપાયોનું ઘણું ઘણું વર્ણન ધર્મશાસ્ત્રોમાં કર્યું છે. પણ કાંઇ તે બધા ઉપાયો કોઇ પણ એક વ્યક્તિમાટે કહ્યા નથી; પણ જેને જે પોતાની શકિતઅનુસાર યોગ્ય લાગે તેનું પ્રાયશ્ચિત્ત કરી લેવું. ને પ્રાયશ્ચિતોપદેશકે પણ સામાની શકિત વિચારીને આપવું નહિં તો ઉપદેશક પાપનો ભાગી થાય છે.

હું આજે મહિધરને માટે તો એટલુંજ કહું છું કે, તે પ્રાયશ્ચિત્તી નથી; છતાં તેની શંકા નિવૃત્ત કરવા બતાવું છું કે,–તે એક દિવસ સવારમાં નાહીને પંચગવ્ય (ગાયનું છાણ, મૂત્ર દૂધ, દહીં અને ઘી.) એ બધાં મિશ્ર કરી નીચેનો મંત્ર ભણીને તેનું પ્રાશન કરી લે (પી લે).

यत्त्वगस्थिगतं पापं देहे तिष्ठति मामके ।

प्राशनात्पंच गव्यस्य मम पापं व्पोहतु ॥

ભાવાર્થ:—મારા શરીરમાં જે ત્વચા અને અસ્થિ આદિ સાતે ધાતુઓમાં રહેલું પાપ હોય તે સર્વ આ પંચગવ્ય પ્રાશન કરવાથી નિવૃત્ત થાઓ.

એ પ્રમાણે કરવાથી મહિધર શુદ્ધ થઈ જશે.

વળી એકાદ દિવસ સૂર્યનારાયણને પ્રણામો કરે, તો તેથી પણ તેના પાપની નિવૃત્તિ થઈ જાય કેમકે તે પણ એક પ્રાયશ્ચિત્તનો ઉપાય ગણાય છે.

વળી એ મહિધરને વિશેષ શંકા રહેતી હોય તો એકાદશી કે ચતુર્દશીનો ઉપવાસ કરી લે. તો તે પણ એક પ્રાયશ્ચિત્તનો ઉપાય ગણાય છે.

વળી કહ્યું છે કે પ્રાણાયામો કરવાથી પણ પાપો બળી જાય છે:—

प्राणायामैर्दहेत् पापं, धारणाभिस्तु किल्बिषम् ।

ભાવાર્થ:—પ્રાણાયામો કરવાથી પાપ બળી જાય છે ને ધારણાથી કિલ્બિષ (પાપ અથવા અપરાધ) નષ્ટ થાય છે.

માટે એક દિવસ ચાર પ્રાણાયામ કરે અથવા પ્રતિદિન જ્યાં સુધી શંકા નિવૃત્ત ન થાય ત્યાં સુધી ત્રણે કાળ ત્રણ ત્રણ પ્રાણાયામો કરે.

બની શકે તો એકાદ બ્રાહ્મણને જમાડે, કિંવા યથા શક્તિ કાંઇ દાન આપે તે પણ પ્રાયશ્ચિત ગણાય છે.

હવે છેવટે સૌ કરતાં મોટામાં મોટું પ્રાયશ્ચિત કહું છું તે સાંભળો:—

આ મહીધર એકલું જ માત્ર જગતના સૃષ્ટા શ્રીઅંતર્યામી શ્રીનારાયણના નામનું ઉચ્ચારણ કરે કીંવા ૐ નમો નારાયણાય (ઓંકાર સ્વરૂપી નારાયણને નમસ્કાર.) એ મંત્રનો જપ કરે તો પણ તેનાં સમગ્ર પાપો બળીને ભસ્મ થાય, એટલા માટે કહ્યું છે કે:—

नारायणो नाम नरो नराणां,
प्रसिद्ध चोरः कथितः पृथिव्याम् ।
अनेकजन्मार्जितपापसंचयम्,
हरत्यशेषं स्मरतां सदैव ॥

ભાવાર્થ:—મનુષ્યલોકમાં નારાયણના નામના ઉચ્ચારણરૂપ એક મોટો પ્રસિદ્ધ ચોર છે; કે જે માણસના અનેક જન્મનાં સંચય થયેલાં પાપસમૂહોનો કેવળ સ્મરણ માત્રથી જ નિઃશેષ નાશ કરે છે.

ये मानवा विगतरागपरावरज्ञा,
नारायणं सुरगुरुं सततं स्मरन्ति ।
ध्यानेन तेन हतकिल्बिषचेतनास्ते,
मातुः पयोधररसं न पुनः पिबन्ति ॥

ભાવાર્થ:—આ પારકું ને આ પોતાનું એવો ભેદ માનવારૂપ જેમનો રાગ ગયેલો છે તથા દેવતાઓના પણ ગુરુ એવા નારાયણનું જે નિત્ય સ્મરણ કરે છે, તથા તે પ્રભુના ચરણ કમળનો ધ્યાનવડે જેઓ વિશુદ્ધચિત્ત (નિર્મળ મનવાળા) થયેલા છે, તેઓ ક્યારે પણ માતાના સ્તનનું દૂધ પીવા માટે ગર્ભવાસમાં આવી અવતાર ધરતા નથી. અર્થાત્ જન્મ–મરણથી છૂટી અખંડ મોક્ષ પામી જાય છે; તો પછી તે કૃપાવન પ્રભુના સ્મરણ–ધ્યાન–આગળ બિચારા મક્ષિકાના પેટમાં ગયેલા ભાતના દાણાની તો વાતજ શી?

માટે મોટામાં મોટું પ્રાયશ્ચિત્ત તો એજ છે કે પરમાત્માનું સ્મરણ–ધ્યાન કરવું.

જુઓ ભાઇ! વૃદ્ધપરંપરાથી ચાલતું આવેલું અને આપણે સર્વ સંધ્યાવંદનના આરંભમાં જે પ્રમાણમાં ઉપયોગ કરીએ છીએ, તેજ આ પરિચિત પ્રમાણ પણ પ્રાયશ્ચિત્ત તથા પવિત્રતાના ઉપયોગ માટે નગારું વગાડીને કહે છે કે:—

अपवित्रः पवित्रो वा सर्वावस्थांगतोऽपि वा ।
यः स्मरेत्पुंडरीकाक्षं सबाह्याभ्यंतरः शुचिः ।

ભાવાર્થ:—અપવિત્ર કે પવિત્ર અથવા સર્વ અવસ્થામાં રહેલો જે માણસ કમળ સરખાં નયનવાળા વાસુદેવ ભગવાનનું સ્મરણ કરે છે તેને સદા બાહ્ય અને આભ્યંતર પવિત્રજ જાણવો.

માટે આ મક્ષિકાને તો મોટામાં મોટું પ્રાયશ્ચિત્ત પરમાત્માનું સ્મરણ–ધ્યાન કરી સ્વસ્થ થઇ નિશ્ચિંત રહેવું જોઇએ. એ કે પછી કંઇ પ્રાયશ્ચિત્ત બાકી રહેતું નથી, એવું આ ભગવત્સ્મરણ–ધ્યાનનું મહાપ્રાયશ્ચિત્ત જાણવું.

અશ્રિતમૂર્ખ અથવા અનિષ્ટ અદષ્ટવાળો મહિધર.

પંડિત **ભાનુકુમારનું** બોલવું સાંભળી **મહિધર** બોલ્યો કે, ગુરુમહારાજ! આપનો મારા ઉપર અત્યંત પ્યાર અને દયા છે; તેથી જેમ પુત્રને કષ્ટ થતાં પિતાનું દીલ દુખાય, તેમ મને કાયકષ્ટનાં પ્રાયશ્ચિત્ત બતાવતાં સ્નેહના બંધનને લઈ આપનો જીવ દુખાય છે, માટે આપ મને યોગ્ય પ્રાયશ્ચિત્ત નહિ બતાવી શકો; અને આપે મારે માટે જે જે પ્રાયશ્ચિતો બતાવ્યાં તે તે સર્વ મારા વાંચવામાં આવી ગયાં છે; પણ તે બધાં અશક્તને, અસમર્થને તથા લૂલી શ્રદ્ધાવાળાને માટે છે. માટે **ગુરુમહારાજ**! આપે એવો વિચાર ના કર્યો કે હું ભગવાનનું સ્મરણ ધ્યાન તો કરું પણ અશુદ્ધ અન્નથી મારી સ્મરણ કરવાના સાધનરૂપ જિહ્વા અને ભગવદ્ધ્યાન કરવાના સાધનરૂપ મારું હૃદયતો અશુદ્ધ તથા પરાન્નના-ભાતના દાણાથી દગ્ધ થઇ મેલું છે. જેથી તે લઘુ ઉપાય રૂપ પ્રાયશ્ચિત્ત મને કેમ પવિત્ર કરી શકે? ગુરુદેવ! મને કહો તો પીંપળાનાં અથવા બીજા કોઇ પવિત્ર કાષ્ટોની ચિતામાં બળી જઇ ભસ્મપુંજ રાખોડીના ઢગલારૂપ થઇ જાઉં. તથા ઊનું અગ્નિવર્ણું ઘી કરીને પીજાઉં ને મારા પ્રાણોને શુદ્ધ કરી સ્વર્ગ ગમન કરાવું. તમે જે કહેશો તે સાંભળી હું બીને કાયરપણું નહિ બતાવું. ધર્મને માટે મારા દેહનો ભોગ આપવા હું તત્પર છું. માટે મને કઠિણમાં કઠિણ પ્રાયશ્ચિત્ત બતાવો.

ભાનુકુમાર— જો ભાઇ **મહિધર**! મારે જે ન્યાય આપવો તે મારી ઇચ્છાનો વિષય છે. પરાત્માને પડતું કષ્ટ નહિ વિચારતાં પોતાના દુરાગ્રહને પકડી રાખનાર મહા ક્રૂરમાં ક્રૂર નિર્દય પ્રાચિનકાળમાં થયેલા **શંખલિખિત** સ્મૃતિકારો જેવો હું નથી. ભાઈ! હવે તું જાણ ને તારુ ભાગ્ય જાણે; હવે હું તને કાંઇ પણ કહેવાની ઇચ્છા રાખતો નથી. એ પ્રમાણે બોલી **રવિદત્ત** તથા **દેવશર્મા** પાસે આજ્ઞા માગી **ભાનુકુમાર** પોતાને ઘેર ગયા.

રવિદત્ત તથા દેવશર્માએ વિચાર કર્યો કે મહિધરનું દૈવ પુરે-પુરું વાંકુ છે. હવે એમાં આપણો ઉપાય નથી.

તે પછી બીજે દિવસે મહિધરે તો જૂદા જૂદા પંડિતોને મળી પ્રાયશ્ચિત્ત પૂછવા માંડયું તેમાં સૌએ જૂદા જૂદા ઉપાયો બતાવ્યા એટલે તેના હૃદયમાં દિન પ્રતિદિન અશાંતિ વધી ને એમ થયું કે હજુ આથી પણ કોઇ વધારે માહાત્મ્યવાળાં ને કઠિણ પ્રાયશ્ચિત્તો હશે. એમ ધારી જેને તેને પૂછવા લાગ્યો પણ એકે ઉપર નિશ્ચય થયો નહિ.

તે પછી તે મહિધર એક સાધુ પાસે ગયો. ને તે સાધુપણ સંસ્કૃતભાષા સારી રીતે ભણેલો હતો તેને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે "ચારો ધામકી પાઉંસે ચલકર જો યાત્રા કરણી વો બડેમે બડે પ્રાયશ્ચિત્ત કહલાતા હૈ. જિસ્સેં હમ સબ જાતિકે લોકનકું જનોઉ પહરાકે પંક્તિવ્યવહાર દેસકતેંહે. ક્યોંકિ પાઉસેં પૃથ્વીપર્યટન કરેનેમે પ્રવાસકા બડા કષ્ટ સહન કરના પડતા હૈ, ઔ ભોજન મીલા ન મીલા ઉસકી ભી પરવા નહિ રહતી હૈ, ઔ કેવલ રઘુનાથજીકે બિશ્વાસપરહીં સારી જીંદગી નીકાલની પડતી હૈ, યેહીં બડા ભારી કાંવ હૈ. જિસસેં હમ તો ઇસસેં દુસરા કોઇભી શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત નહિ માનતા હું.

આપ્રમાણે સાધુરામના બોલવાપર મહિધરને ભરોંસો આવ્યો ને તેજ કરવા પ્રીતિ થઇ તેને મનમાં નિશ્ચય થયો કે આજ ખરેખરું મોટું તપ અને સાચે સાચું પ્રાયશ્ચિત. આ સાધુમહારાજ બેપરવાવાળા છે, માટે મને મોરખી વાત કરતા નથી. મારા ગુરુ ભાનુકુમારે તો મને મો રાખીને વાત કરી; વળી આ સાધુમહારાજ પણ વિદ્વાન છે માટે યોગ્યજ કહે છે. આ પ્રમાણે વિચાર કર્યો પણ 'ભણ્યો ભૂલે ને તારો બડે' એ લૌકિક કહેવતનું તો એ આપડાના મહિધરને ભાન પણ ન આવ્યું. કે ' એ તો ખરું, પણ પ્રાયશ્ચિત્તનો

ઉપદેશ કરવો તથા વૈદિક પૌરાણિક કર્મ કરાવવાનો અધિકાર બ્રાહ્મણ વિનાના અન્યને નથી. ને પ્રાયશ્ચિત્ત પણ નૈમિત્તિક કર્મનું અંગજ મનાય છે, માટે તે બ્રાહ્મણના મુખેજ સાંભળીને કરવું જોઇએ.

પછી બીજે દીવસે અહિધરે પોતાના પિતા દેવશર્મા તથા ભાઇ ગદાધર અને પુરોહિત શિવદત્તની પાસે પોતાનો ઉદ્દેશ અને કર્તવ્યનો નિશ્ચય કહી બતાવી, ચાર ધામની યાત્રા નિમિત્ત પ્રયાણ કર્યું. તેમાં પ્રથમજ ઉત્તર દિશાએ ગંગોત્તરી તથા હરદ્વાર વગેરેની યાત્રા કરી. તે પછી પૂર્વદિશાએ જગન્નાથજી આદિ આસપાસનાં દેવમંદિરોની યાત્રાઓ કરી. તથા તે પછી દક્ષિણ દિશામાં સેતુબંધ રામેશ્વર સુધીનાં ધામો જોઈ સ્નાન દેવદર્શનો કરીને હવે છેવટના ધામરૂપ શ્રીદ્વારિકાનાથની યાત્રાએ ગયો. ત્યાં શક્તિઅનુસાર સ્નાનાદિ ક્રિયાઓ કરી પ્રભાસક્ષેત્ર ઉપર થઇ ગુજરાત તરફ જવાનો ઉદ્દેશ મનમાં ધારી, આગળ પ્રયાણ કરવા માંડયું. પ્રાણીમાત્રનાં શરીરો તો પ્રકૃતિના કાર્યરૂપ ભૌતિક તત્ત્વોથીજ બનેલાં હોવાથી પ્રાકૃતિક નિયમોની સત્તા તો સર્વને એક સરખી રીતેજ લાગુ પડે છે. પંડિત અહિધરનો પ્રવાસ લાંબા સમયથી આરંભાયેલો હોવાથી તેના શરીરપર પ્રવાસજનિત અસહ્ય કષ્ટોનો નિપાત તો નિરંતર થયા કરે છે; પણ તેનું કારણ અન્ય કોઇ નહિ પણ માત્ર તેનો દુરાગ્રહ, મોહ, અને મિથ્યાભિમાનને પ્રેરનારું દુઃખદ અદૃષ્ટજ છે. પ્રવાસ કરનાર પ્રત્યેક માણસ જ્યારથી પોતાના ગામ અને ઘરનો ત્યાગ કરે ત્યારથીજ એ પહેલું પગલું વિપત્તિના મુખમાંજ મેલે છે. પછી ગમે તે શ્રીમંત હોય કે રંક હોય. ગમે તેવો સમર્થ રાજા હોય પણ તે જ્યારે પોતાના દેશની હદ, સત્તા અને સ્વસ્થાન છોડે કે તુરત તેને પરદેશ, પરભાષા, પરસ્થાન, ગમતાં ન ગમતાં ખાનપાની, સ્વજનો અને સંબંધીઓનો વિયોગ, નિશ્ચિંત વિશ્રાંતિનો અભાવ, પ્રિયસંબંધી તથા

સ્વસ્થાનનું સ્મરણ આદિ કષ્ટો તો સહેવાંજ પડે છે. ને બાકી જે ધનવાન અથવા રાજાઓની પાસે જોઇએ તેવી દ્રવ્યાદિની અનુકૂળતા હોવાથી સર્વ દેહનિર્વાહક સામગ્રી તો યથાસમય મળી આવે છે અને નિર્ધન તથા ગરીબ માણસોનો પ્રવાસ તો કેવળ દુઃખની ખાણરૂપજ હોય છે. કોઇ વાર ગામમાં નિવાસ કરવાનો હોય છે કે અરણ્યમાંજ પડી રહેવું પડે છે. કોઇવાર ગામની ભાગોળે કે ધર્મશાળામાં રહેવું પડે છે. કોઇવાર મોટા વૃક્ષની છાયા તળે કે મોટા રાજમાર્ગમાં પડી રહેવાનું હોય છે. નદીકીનારો, તળાવની પાળ, કુવાનો આરો, વાવનો કોઠો, જુનું ખંડેર, વસ્તી વિનાનું સુનું ઘર, કે સ્મશાન પાસેની જગ્યામાં પણ પ્રવાસિઓને પડી રહેવું પડે છે. શીતઋતુની પુષ્કળ ટાઢ, ગ્રીષ્મ ઋતુનો તાપ, અને ચોમાસાની ઝડી તથા ચારે બાજુ સોયા જેવો (વાતો) પવન અને મચ્છર વિગેરે જંતુઓની પીડાઓ ભોગવવી પડે છે. ભિક્ષા એજ ભોજનનો આધાર હોવાથી સમયસર ભોજન મળતું નથી. તથા જે અણધાર્યું મળે વળી તે નિરસ, લૂખું કે સૂકું કે ભાવતું ન ભાવતું લઇ પ્રાણને ભાડુ આપી સંતોષ માનવો પડે છે. વળી તે ભોજન બનાવવામાટે પાણી રાખવાનાં તથા રાંધવાનાં પૂરતાં વાસણો પાસે ન હોવાથી, બળતણનું કે રાંધવાના સ્થાનનું ઠેકાણું ન મળવાથી અત્યંત સંકટ ભોગવવાં પડે છે. ખરી ટાઢ હોય એવામાં પણ ટાઢા પાણીએ નાવું પડે છે. રાતે સુખપૂર્વક નિદ્રા લેવાતી નથી. કારણ કે દીવામાં પ્રકાશની જોગવાઇ ન હોવાથી રાતે અંધારામાં પડી રહેવું પડે છે. તેમાં વળી કોઇ ચોર, લૂચ્ચા-લફંગા માણસની તથા સર્પ કે વિંછીની ભીતિ મનમાં રહ્યા કરે છે. બીજે દિવસે પ્રાતઃકાળ થતાં નવો પ્રવાસ કરવો પડે તેમાં વળી નવું સ્થાન, ભોજન ને દેહનિર્વાહનાં સાધનોની ચિંતા કરવી પડે છે. પ્રવાસનાં કષ્ટો ભોગવવામાં આવતાં બ્રહ્મચારીનું શરીર તો માત્ર કેવળ અસ્થિપંજરરૂપ થઇ ગયું હતું

શરીર બધું કાંતિહિન અને પગમાં ઘણાં ઝાંખરાં ભરાવાથી ઉઝરડા ભરાઈ ગયા હતા: તથા શીઆળાની ટાઢથી તે ફાટી ગયા હતા. પેટમાં ખાડો પડી ગયેલો હતો તથા આંખો ઉંડી જતી રહી હતી. શ્વાસ ખુબ ચઢી જતો હતો. ભૂખ તરસની પીડા સહેવાતી ના હોવાથી શરીર ઘણું ગ્લાની પામેલું હતું. માર્ગનો પરિશ્રમ વધુ લાગવાથી તે રાંટા પગે ચાલતો હતો. કપાળે ત્રણ ઉભી સળીઓનું ઉર્ધ્વપુંઢ કર્યું હતું. મોટા મણકાની તુલસીની માળા પહેરી હતી. એક મોટું તુમડું કુવા-માંથી પાણી કાઢવાની દોરી સાથે બાંધેલું ખભે ભરવેલું હતું. તથા બીજા ખભે રાંધવાની એક તપેલી લોટી તથા એક થાળી અને પહે-રવાનાં લુગડાં મૂકવાનો ખડીઓ ભરાવ્યો હતો. ઘણા દિવસના કષ્ટથી શરીરમાં જીર્ણ તાવ રહેતો હતો તથા દેશદેશનાં પાણી પીવામાં આવ-વાથી ખાંશી જેવી ઉધરસ થઈ હતી. શરીર અશક્ત સ્થિતિમાં હતું. જેથી એણે પ્રથમ રાખેલા સ્વયંપાકીપણાનો (પોતાના હાથનું રાંધેલું જમવાનો) ને સવાર સાંજ સ્નાન કરી ત્રિકાળ સંધ્યા કરવાનો નિયમ તથા કેટલાક સ્પર્શાસ્પર્શના ઝીણા વિચાર કરીને વર્તવાના જે જે નિયમો રાખેલા હતા તે તે સર્વ ન્યૂન થઇ ગયા હતા. જેમ જેમ અડચણો પડતી ગઇ તેમ તેમ તેનો દુરાગ્રહી સ્વભાવ પણ ઓછો થતો ગયો હતો. ને પોતાની ભૂલ તેનાથી સમજાઇ પણ ગઇ હતી. હવે તો શરીરે અસહ્ય કષ્ટો પડવાથી ગમે તે કોઇ જાતના બ્રાહ્મણનું સિદ્ધાન્ન (રાંધેલું અન્ન) મળે તો ખુશીથી જમી લેવામાં આવતું હતું. ને સવારે સ્નાન કરી માત્ર પ્રાતઃકાળનું સંધ્યાવંદન, અને ગાયત્રી જપ કરતાં મધ્યાન્હે તથા સાયંકાળે હાથપગ ધોઇ સંધ્યાવંદન અને ગાયત્રીજપ યથાશક્તી કરાતાં હતાં. એવામાં તે એક દિવસ કાઠિયા-વાડ અને ગુજરાતના સંધિપર **ચંદુલા** નામનું નાનું ગામ હતું ત્યાં ફરતો ફરતો કુવા ઉપર આવ્યો. **ચંદુલા** ગામ ઘણું નાનું અને માત્ર

ખેડુ લોકોની વસ્તીવાળું હતું તે વખતે મહિધરના શરીરમાં શીત-જ્વર (ટાઢિઓ તાવ) ભરાઇ ગયો હતો, શરીરમાં ઘણા પરિશ્રમથી અશક્તિ થઇ આવી હતી, મધ્યાન્હે સમય થયો હતો તેથી ભૂખ અને તરસ બન્ને દુઃખોથી વ્યાપ્ત થયેલો હતો તેમાં પાણી વિના તો તાવના શોષે કંઠ સૂકાવા લાગ્યો હતો. કહ્યું છે કે 'ज्वरेषु अमृतं वारि' (તાવમાં પાણી અમૃત જેવું લાગે છે), તેથી તેણે ચંદુલા ગામની ભાગોળના કૂવાપર એક બાઇ પાણી ભરતી હતી તેને જોઇને પૂછ્યું કે બેન! તમે શી ન્યાતનાં છો? ત્યારે તે બાઇએ કહ્યું કે,–'સીધ તો ભેમણ !''

મહિધર—બાપુ! બ્રાહ્મણ તો ખરાં પણ કેવાં બ્રાહ્મણ?

બાઇ—'ઓદીસ ભેમણ !'

મહિધર—'ઔદિચ્ય તો ખરા; પણ ટોળકીઆ કે સહસ્ર?'

બાઇ—'ઓદીસ શસ્તર'

મહિધર—'ત્યારે બેન! જરા આ તુમડામાં જળ આપશો?'

બાઇ—હોવે મહરાજ! શા સારૂં નહિ આલું? લ્યો, આ કૂવાનું પાણી રૂપાળું મેઠું ધરાખ જેવું સે પીઓ, એમ કહી પાણી આપ્યું; તે મહિધરે પીધું. પછી મહિધર બોલ્યો:—

મહિધર—'બેન! ત્યારે મને કાંઇ બ્રાહ્મણના ઘરની તૈયાર રસોઇ મળશે? મારા શરીરમાં તાવ ભરાઇ ગયો છે, ને હવે જરા પણ ચાલવાની શક્તિ નથી.

બાઇ—હોવે મહરાજ! સાલો મારું ઘર આ ઢુંકડુંજ છે હું તમારી શેવા સાકરીએ કરીશ. ને બાપજી હું તમને જમાડીશ. તમારા જેવા મેમાન મારે ઘરે ક્યાંથી?

આ બાઇ હતી પણ દેખવડી ગોરી ખુબસુરત ને રૂપાળી હતી. નગરની રાતી બાંધણી પહેરેલી હતી. છીંટનો ઘાઘરો ને પીળા છાટમનું

કુસુમ્બીતાર બાંધેનુ કાપડું પહેર્યું હતું. કાંડા ઉપર સોને મઢેલું હાંસ્યો રૂપેરીનું કડું, કોટમાં સોનાની ચોરસી, કાનમાં ઠોળીયાં, નાકે સોનાનું ફૂલ, તથા પગમાં ભાવનગરી પોલાં સાંકળાં ને કમાળીમાં ચાંલ્લો ચોટેલો હતો. તથા બન્ને હાથે એકેકી બંગડી ને એકેકી ત્રણ ત્રણ ધારીની સોને મઢેલી ચુડીઓ પહેરેલી હોવાથી તથા કાઠિયાવાડી દેશની પાટીઓને ચોટલો ગુંથેલો હોવાથી ઝાક ઝમાળ લાગતી હતી. તે પાણીનું રિડોરી ઘાટનું બેડું માથે લઇ, મહિધરને કહે કે 'હાલો મારે ઘરે' એમ કહી ચાલતી થઇ, ને મહિધર પંડિત પણ બાઇની સદ્ગતિ પમાડવા તેને ઘેર ગયા.

તે બાઇએ પોતાને ઘેર જઇ કમાડ ઉઘાડી; પાણીનું બેડું પાણીઆરે મુકી, એક નવો ઝીણી પટી વાળી સુતરની પાટીથી ભરેલો રંગીન ઢોલીઓ પોતાની ઓશરીના એક પડખે તુલસી ક્યારા પાસે ઢાળી આપ્યો. તે ઉપર એક મશરૂનું ગાદલું ઓશીકું મૂકી સુંદર સફેત ઓછાડ પાથરી આપીને મહિધર પ્રતિ બોલી કે—

બાઇ—મહારાજ ! તમારા શરીરમાં જરા બરાગાળ ભરાયો છે તે પોઢી જાઓ. જરા ઘડીક વિશ્રામો લેશો એટલે શરીર હલકું થાશે, પછી રશોઇ તો ત્યારપે પણ તમ સારૂ જરા શીરો શેકી નાખીશ. તે નેમા હારે જમીને પછી ગુખાળા થઇ જાજો.

તે પછી તે ઢોલીયામાં મહિધર પંડિત સૂતા ને જરા ઉંઘ લીધી પછી તે બાઇએ ધોયેલું શાળુ સુકવેલું ધોળું વસ્ત્ર હતું તે પહેરીને થોડોક શીરો કર્યો. ને ત્યાં સોરા મહિધર જાગ્યા. ને બાઇએ પૂછ્યું કે મહારાજ! નાશો ? પાણી ઉનું મેં મેલ્યું સે. મહિધરે નાવાની ઇચ્છા બતાવતાં તે બાઇએ ત્રાંબાકુંડીમાં પાણી કાઢી આપી, પાટલો ઓશરી નીચે મેલ્યો તે મહિધર પણ ઉના પાણીથી નાહી પોતાની પાસે કંતાણનું અબોટીયું હતું તે પહેરી જમવા તઇયાર

ર્યાં. બાઇએ તો પહેલાં રોટલાને દાબીજ કરી મેલ્યાં હતાં. ને મેમાન માટે શિરો કર્યો, તે મહિધરને પીરસી મરચાં લીંબુ કેરી ને ગરમર તથા ગડમુંદાનું અથાણું હતું તે સર્વ કાઢીને પીરસ્યું. મહિધર પંડિત તો તે પછી ભોજનવિધિ કરીને જમવા બેઠા. સુખપૂર્વક જમી મુખ પ્રક્ષાલન કરી, ને વસ્ત્ર બદલ્યાં. એટલામાં તો બાઇએ એલચી, લવિંગ, તજ અને સોપારી સુડી લાવી પાસે મેલ્યાં. મહિધરે મુખવાસ લીધો. પછી બાઇએ તો પ્રથમ ભોજન કરી લીધું હતું તેથી બધું ઢાંકી દઈ લુગડાં બદલી મહારાજ પાસે આવીને બેઠી. પછી મહારાજને કહેવા લાગી કે,—

બાઇ—બાપજી! તમો થાકયા પાકયા છો, શરીર પણ તપતને લીધે દુખી થયેલું છે, માટે તમો જરા પોઢો જોઓ તો હું તમારા પગ ચાંપુ જેથી તમારો બધો થાક ઉતરી જાશે ને તમો સુખી થાશો. તથા ભલે એ બાને મારાથી મેમાનની સેવા થશે. તમો ક્યાં અહીં નતનત પધારવાના છો?

મહિધર—બેન! મારા ભાગ્યમાં સુખ ક્યાંથી હોય, હું તો જન્મારાનો દુઃખી છું તે જ્યાં સુધી આ દેહ છુટશે ત્યાં સુધી દુખીજ રહેવાનો છું. મારે તો રોજ તીર્થાટનની મુસાફરી કરવાની છે એ તો ભાગ્યમાં લખેલીજ છે. એમાં આજ તમારી પાસે શો પગ ચંપાવવા?

બાઇ—મહારાજ! એ તો ઠીક, પણ તમો મારે ઘરે પધાર્યા માટે મારે તો તમો મારા મેમાન, વળી અભ્યાગત અને વળી પરદેશી છો. હીંડ મારે તો તમારી ચાકરી બરદાસ કરવી જોઈયે. માટે મને જરા તમારી પગચંપી કરવા દ્યો.

મલ્હિધર—બેન! અમથાં મારી પાસે બેસો ત્યારે. પણ મારે પગ દબાવવાના નથી. કેમકે મને કયારે પણ એવી ટેવજ નથી; માટે મને ગમે નહીં.

બાઈ મહારાજ! કહો તારે તમી અહીં ક્યાંથી પધાર્યા? ને ક્યાં જાવું સે?

મલ્હિધર—બાઈ! હું તો કાશીજીથી ચારધામની જાત્રા કરવા ગયો હતો તે ચારે ધામ પૂરાં કરી હવે કાશીએ પાછો જાઉં છું.

બાઇ—મહારાજ! તાણે તમીતો કાશીજીમાં રહીને વધા તો બહુ ભણ્યા હશો?

મલ્હિધર—હા, બાઈ. હું વ્યાકરણ કાવ્ય અને ધર્મશાસ્ત્રના ગ્રંથો ભણ્યો છું.

બાઇ—લ્યો, ત્યારે વધામાં તો પુરેપુરા દીહોસોને શું?

મલ્હિધર—એ અક્ષર વિદ્યા તો બ્રાહ્મણના પુત્રને ભણવીજ જોઇએ તો!

બાઇ—લ્યો, તાણે જોહ પણ હાસે હાસા જોઇ જાણતા હશો?

મલ્હિધર—હા, સહેજ દહાડો, વાર એવું એવું જોઇ જાણું પણ બહુ જન્મોતરી વર્ષફળ એવું હું કાંઈ કોઇનું જોતો કરતો નથી.

બાઇ—હા, હા, મહારાજ! જાણ્યું એ તો ગુણીયલ માણહ હોય તે મોઢે ઝાઝુ નો લાવે પણ મને બરાબર તમારા પંડની ખાતરી હાસે હાસી પડી ગઇસે કે તમી વધામાં પૂરાસો.'

મલ્હિધર—હા બાઇ! પણ હું કાંઇ મોટો ધુરંધર પંડિત ના કહેવાઉં.

બાઇ—મારે રોયા ધુડધોયાનું શું કામ સે? મને તો મારે જરા બરામણના દીસરાનું કામસે તે તમી કરીદ્યો.

મલ્હિધર—કહો બેન! તારે તમારે જે બ્રાહ્મણનું કામ હોય તે કહી દ્યો.

બાઇ—મહારાજ ! મારે બે દીસરા સે. તીમાં જે મોટો સે તીને મે નેકાળે ભણુવા મેલ્યો સે તે અબઘડી આવશે. ઇને આઠમું વરહ ઉતરીને નુમું (નવમું) બેઠું; ને લોકો કેસે કે બેમણના દીચરાને આઠમા વરહમાં જનોઇ દેવી પડે; પણ મને કોઇ તમ જેવો ભણ્યોગણ્યો બેમણ ઇને આઠમું વરહ ઉતર્યું તાં હુધીએ મળ્યો નહિ. માટે આજ તમી પધાર્યા સો તે આ મારા દિચરાને જનોઇ પેરાવતા જાઓ. જનોઇ પહેરાવે તે બેમણ તીના ગરુ કહેવાય માટે તીને જમાડવા પડે ને શીખ દેવી પડે. તે બાપજી ! તમને હું મારે ઘરે પાંસ દહ દી રાખી નત નવ નવી રશોઇ કરીને જમાડીશ. એક દી લાપશીને ઘી કરીશ, એક દી સુદ્ધ ચુરમુને ઘી કરીશ, એક દી રૂપાળો પલાવ કરીશ, એકદી બરીઆની જરદો કરીશ ને એકદી ઉંસામાં ઉંસો મશાલો નાંખીને મલીદો કરીશ. રોજ રોજ ભાત ભાતની રશોઇ કરીને જમાડીશ. મહરાજ ! તમી એક તો બેમણ, મારા ઘરના મેમાન, તથા વળી મારા દીચરાના ગરૂ, એટલે તમી મારે ઘરે દહ દી પનરદી રોકાશો ને જમશો ઇથી કાંઈ મારૂં ખોલડું નહિ ઉડી જાય ને જ્યારે તમી ઘરે પધારશો તેદી પાંસ રૂપીઆ શીખેં દેઇશ. માટે મહરાજ ! તમી મારા દીચરાને નેસા હાહે જનોઇ પેરાવી ગાવંતરી ભણાવો. ભલા તમ જેવાના પરતાપે જનોઇ પેરશે ને ગાવંતરી બોલી જાણશે તો બેમણની નાતમાં જમતો-રમતો થશે.

મહિધર—તમારા દીકરાનું નામ શું ?

બાઇ—મારા મોટા દીકરાનું નામ તો હીરપાશંકર સે, ને તે નામે ઇના બાપે તમ જેવા જોહારથી પાંહે જોવરાવીને પાડયું સે.

મહિધર—તમારા નાંના દિકરાનું નામ શું ?

બાઇ—ઇનું નામ તો ફાજલ સે.

મહિધર—તારે બાઈ તમારૂં નામ શું ?

બાઇ—મારૂં નામ પેલાંના ઘરનું તો **ઝબક** સે, પણ આ ઘરમાં તો મને બધાં **હુસેન** કહેસે.

મહિધર—[બ્હેબાકળો થઇને મનમાં ઓય ઓય! બાપલીઆ! આ શો ગજબ જણાય છે?] બાઈ! એક વાર તમે જરા મને સાચે સાચી વાત કહોને કે તમે ખરેખર શી નાતનાં છો.

બાઇ—મહરાજ! તમારા હમ હું તો હાસે હાસી ઓદિસ બેમણી સું.

મહિધર—તારે તમારી બોલીમાં આમ કેમ બોલાય છે?

બાઇ—શું બોલાયસે બાપજી? એક અસ્શરે જુઠો તો નહિ બોલું.

મહિધર—**પલાવ, બરીઆની જરદો, મલીદો** તથા **ફાજલ** ને **હુસેન**, એવા એવા શબ્દો તમારા મોમાંથી નીકળતા સાંભળીને મારું તો હાથ હાથ કાળજું ખસી ગયું છે; ને પેટમાં ઉનું કડકડતું તેલ રેડાયું છે.

હુસેન—શા હારૂં પણ?

મહિધર—અરે મારા મનમાં તો ધ્રાશકો પડયો છે કે 'એક દિકરાનું નામ **કીરપાશંકર** ને બીજાનું નામ **ફાજલ** એ શું? તમે એક ઘરનું નામ **ઝબક** બતાવો છો અને બીજા ઘરનું નામ **હુસેન** કહો છો એ શું? બ્રાહ્મણીને બીજું ઘર શું? બાઇ! હવે તો તમે મારા નામની ને તમારા નામની જે હોળી વાળી હોય તે ઝટ કહી ઘો; નહીં મારા મનમાં મોટી ફાળ પડી ગઇ છે. ને મારું હૃદય સળગી ગયું છે.

મહિધર—બાપા! બેન! હવે તેં જે મારા નામની માંડ્યુ માંડી છે તે મને કહી દે; એટલે મારા પંડનું જે થવાનું હોય તે થાય.

હુસેન—અરે મહરાજ! આમ મારી પુરે પુરી વાત હાંભળ્યા વના ધણી શું જાઓસો.?

મહિધર—હા, બઈ હા. કહે જે તારે કહેવું હોય તે.

હુસેન—પસે મહારાજ હું તો ઓદિસ બેમણની દીકરી હતી, તે મને મારા બાપે આ મારા મોટા દીકરા ફીરપાના બાપ તમકરામ વેરે પરણાવીતી. તે જ્યારે મોટી હાહરવાશણી થઈ તારે મારા બાપે એ જોડ લૂગડાં કરી હાહરે વળાવી ને હું તો હાહરે આવી તો ફીરપાનો બાપ તો શેતી કરતા હતા; પણ મને શો ભલો બેમણ ધણી મળ્યો તો કે જાણે પરભાતમાં નામ દેતાં પવિતર થઇ જાઇ. હું હતી તો રૂપાળી તીમાં મારી માંજરી આંશું જોઇને બસારો જીવ આખો દી હશ હશ કરતાતા. ને હું જે કાંઇ વહત માગું તે પતાળમાંથી એ લાવીને હાજર કરી દેતા. ઇનો અવગણ બોલું તો હજરત રૂઠે. પણ બસારાનું ભાયગ વાંકું તે ઇણે મારું હખ નો જોયું. ને આ ફીરપાનો જલમ થીયાં વરહદી થયા કેડે પાસા થીઆ. પસે મને મારા બધા કટમીઓએ તો બહુ કબજે કર્યો. પણ મારી નવી જવાનીના જોરથી મારું મન મારાથી કબજે નો રખાણું. ને ફીધું કે કુંતામાને એને ધરૂપદીજીને પાંસ ઘર થીયાં તાં, તો મને બીજું ઘર કરતાં શીનું પાપ લાગે? પાંસ ઘર કરીઇ તાં હુધી તો આપણા હિંદુના શાસતરમાં સટ મેલીસે. ઈમ જાણીને આ ફાજલીઆનો બાપ રેમાન મુમનો મારે જુને ઘેર સાથીનું કામ કરતા હતા તીની હારે મારે હસવા બોલવાનો ને રમત ગમત કરવાનો પહેલાંથી નાતો તો થીઓ તો; તે ફીરપાને લઇને આ નવા ધણી રેમાન હારે ઘર માંડયું. તી પછી આ ફાજલીઆનો જલમ થીઓસે. મારો ધણી મને લોક સુંટી ખાતા હતા તેથી આ ચંદુલા ગામમાં આવીને રીઆ. અહીં આયા પસી આ ખેતી વાડીમાં ઉપજ—નેપજ હારી આવવાથી

પાંસ ઘાંટ ઘડાવ્યા, પાંસ રૂપીઆની મુડી થઈ, ને પાંસ વીઘા ભુંઇએ વેસાતી લીધી, ને હખી થીઆં સીઈ. આ ઘરનો ધણી મેં દીથી રાંધણપર ગિઆ સે. તે બે સાર દીમાં ઘરે આવશે. માટે બાપજી આ મારો ફીરપો ભેમણનો દીસરો સે તે તીને જનોઇ પેરાવી ગાવંતરી ભણાવો. ને આ ફાજલીઓ તો મુમનાનો દીસરો સે. તીને તો મશલમાન કરાવીશ. પણ તે ચેદી કરાવવો તેનો હારો દી જોઇ ઘો. હું તમારો ગણ ચેદીએ નહિ ભૂલું.

આ બધી અચંબા ભરેલી વાત સાંભળીને **મહિધર** પંડિત તો સ્તબ્ધજ બનિ ગયા ને બોલ્યા કે અરે અભાગણી! તારા ડાપણમાં મેલ દેવતા! રાંડ શંખણી! મારો દેહ વટલાવીને મારો મનખો બોળ્યો! રાંડ કર્મચંડાળણ! મારો ભવ બગાડયો?

હુસેન—ઈમાં મેં શું તમારું લઈ ખાધું સે? તે ગાળ્યું ઘોસો ને હુંકારા કરો સો? મી પૂછ્યું તીનો જબાપ ઘો ને. ભલેલા ભેમણ આવો ગુસ્સો કરતા હશે?

મહિધર—અરે દુષ્ટ! અહિંથી આઘી ટળ્ય. તને હું શો જવાબ દઉં? મને હવે મારુંજ સુજતું નથી કે મને તે બાળશે દાંટશે!

હુસેન—ઇતો હવે બધું ઠીક, જ્યાં તાં ઇક થશે, પણ **ફીરપાને** જનોઇ પેરાવી ગાવંતરી ભણાવી ભેમણ કરવો સે કે નહિ? ઇ કહો પ્હેલું; નહિ તો હમણાં ધોકમણા વતી મારી મારીને ભુંઇ ભેગા કરી નાખું સું.

મહિધર—અરે વિધાતા! આ શો ગજબ? એ વટલાવ્યો, ને વળી પાછી રાંડ મને મારવા ઉભી થઇ છે. હા દેવ! શી ભાગ્યની ગતિ વાંકી?

હુસેન—બધાતરાને શું કરવી સે ? બેશી રહેવ. ઘોને ઘરે. ડીરપાને બેમણુ કરો, નહિ તો જીવતા રેવાના નથી.

મહિધર—તે તો મારાથી નહિ થાય.

હુસેન—તારે હવે અહિંથી સહકવા નહિ પામો. હાથમાં પોક્યણું લઇને બેહુંસું.

તે પછી તો **મહિધર** પંડિત ઘણા મુંઝાયા. ને આખો દિ ત્યાં રહ્યા ને **હુસેનબાઇએ** પંડિતજીને સાંજે વાળુ પાણીની ખબર પૂછી, તેની પંડિતે ના કહી. પછી મધ્યરાત સુધીએ **હુસેન** બાઇએ હાથમાં પોક્યણું રાખ્યું પણ તેના હૃદયમાં ચિંતાનો અગ્નિ નહોતો, માટે જરા ઉંઘમાં લોટી ગયાં. પણ **મહિધરના** હૃદયમાં તો તે ચિંતાગ્નિએ પ્રલયાગ્નિ જેવું પ્રચંડાગ્નિનું રૂપ ધર્યું; ને મહિધરનું હૃદય બાળવા માંડયું તેથી 'ક્યારે આ કર્કશા ઉંઘે' એવી વાટ જોતામાં **હુસેન** ઉંઘી ગઇ ને **મહિધરે** તો પોતાના ખડીઆ પોટલીઆ બાઇને બક્ષીસ કરી, મૂઠીઓ વાળીને એવું પલાયન કર્યું કે તે ને તે રાતમાં આઠ દશ ગાઉને અંતરે દૂર જતું રહેવાયું. પ્રાતઃકાળ થયા પછી કોઇ માર્ગમાં મળેલા માણસને પૂછ્યું કે ભાઇ ! થંદુલા ગામ અહીંથી કેટલુ વેગળું થાય ? ત્યારે તેણે કહ્યું કે બાઇ એ તો અહીંથી ઘણું દૂર થાય. આશરે આઠ દશ ગાઉ જેટલું થાય એવું જ્યારે સામા મળેલા માણસે કહ્યું તે સાંભળી મહિધરના મનમાં નિરાંત વળી. ને મનથી કહ્યું કે હવે રાંડ હુશેનડી જખ મારે છે; પણ હજુએ એ રાંડ કદાપિ એનો ધણી રાંધણપુરથી આવ્યો હશે ને તેને લઇ જો પાછળ આવતી હશે તો વળી મારા મનખાના કાંકરા કરશે. માટે લાવ્ય હજુએ પણ હું આગળ ચાલવા માંડું એમ ધારી ત્યાંથી પણ પ્રયાણ કર્યું. તે મધ્યાહ્ન પણ વિતી ગયા પછી ત્યાં એક નાનું ગામ આવ્યું ત્યાં જઇ કોઇ બ્રાહ્મણને ઘેર જઇ તેની

નાત, જાત, વેદ, ગોત્ર, પ્રવર અને શાખા સુદ્ધાં પુછી, તેના ઘરનું અન્ન નાહી દૂર બેસીને જમી લીધું. ને તે પછી પ્રયાણ ચાલુ રાખ્યું. એમ કરતાં કરતાં કેટલેક માસે તે મહિધર પાછો કાશીજીમાં આવ્યો. તો પોતાના પીતા **દેવશર્માને** કૈલાસવાસ અને પોતાના નાના ભાઈ ગદાધરનું સ્વદેશગમન (પોતાને ગામ) જવું થયું છે એમ સાંભળ્યું. તેથી તે પરભાર્યો પોતાના વિદ્યાગુરુ **ભાનુકુમારને** ઘેર ગયો. જ્યારથી તે ભાતના દાણાના પ્રાયશ્ચિત્તની ગુરુને પૃચ્છા કરી તે પછી ગુરુઆજ્ઞાનું ઉલ્લંઘન કરીને **મહિધર** સાધુરામના વચનથી: '**ચાર ધામની યાત્રા એજ મોટું પ્રાયશ્ચિત્ત**' માની યાત્રાએ નિકળી પડયો હતો. તેમાં પણ એ યાત્રા એજ એક મારું મોટું તપ તથા પ્રાયશ્ચિત્ત છે, માટે તે સાંગ અને નિર્દોષ કરવું ધારી જ્યારથી પ્રયાણ કર્યું ત્યારથી પંચકેશ રાખ્યા હતા, ભોંઇ પથારીએ સૂઈ રહેવાનો, પોતાનું રાંધેલું અન્ન જમવાનો અને ત્રિકાળ સ્નાન કરી ત્રણે કાળ સંધ્યા કરી ગાયત્રી જપ કરવાનો ઈત્યાદિ જે જે નિયમો ધારણ કર્યા હતા તેમાં બીજા નિયમો તો જેમ જેમ અડચણો નડતી ગઇ તેમ તેમ છોડાયા હતા. પણ એક વાર નાહીને જમવાનો ને પંચકેશ રાખવાનો એ બે નિયમ જ અત્સાર સુધી ટકી રહ્યા હતા. ત્રીકાળ સંધ્યા અને ગાયત્રી જપનો નિયમ તો હમણાંજ આ **હુશેનબાઇએ** જ પોતાની નાતમાં ભેળવીને ભૂલાવ્યો હતા. પણ તેના પંચકેશ ઉપર તે બાઇએ કાંઇ દાવો કર્યો નહોતો. પંડિત **ભાનુકુમાર** પાસે **મહિધર** કે જેની મોટી દાઢી ને માથે ચોટલો વધી ગયો છે તથા મોટા આડંબરવાળો તે જાણે કોઇ જૂનો જોગી આવે તેમ આવી પ્રથમ **ભાનુકુમારને** જોતાં જ તેમના સાનિધ્યમાં આવી માથું નમાવીને જાણે કે હમણાં જ પોતાના પિતા દેવશર્માનું મરણ થયું હોય તેમ ઉંચેથી પોક મૂકી છૂટા મોઢે રડવા લાગ્યો. ત્યારે **ભાનુકુમાર** પંડિતે જાણ્યું

કે ઘણું દિવસે યાત્રા કરીને આ **મહિધર** આવ્યો ને પોતાના પિતાનું દેહાંત સાંભળી આ **મહિધર** સ્નેહના અનુબંધને સંભારી રુદન કરે છે માટે તેને અત્યારે મારે આશ્વાસન આપવું જોઇએ એમ જાણી **ભાનુકુમાર** બોલ્યા કે,–

ભાનુકુમાર—ભાઈ મહિધર ! બાપુ આ જગતમાં કોઈ પણ માણુસ અમર રહેતું નથી. જેને જન્મ છે, તેને જન્મની સાથે જ મરણ લાગેલું છે. માટે તારો પિતા પણ આ ક્ષણભંગુર શરીરનો આ કાશીપુરીમાંજ ત્યાગ કરી, દેહાંતકાળે શ્રીકાશીવિશ્વનાથના તારકમંત્રનો ઉપદેશ સાંભળી, સદાશીવના કૈલાસલોકમાં સીધાવ્યા છે. માટે ભાઈ! તું છાનો રહે; રોઇશ નહિ. તારો પિતા પૂરી અવસ્થાએજ ગયા છે, માટે ભાઇ તું હવે નકામો ખેદ ન કર. તારો નાનો ભાઇ કે જે ઘણો મંદ બુદ્ધિવાળો હોવાથી તથા મનસ્વી સ્વભાવવાળો હોવાથી આ પંડિત **રવિદત્તજીએ** પોતાની સુંદર પુત્રી **મનોરમા** તેના વેરે પરણાવી હતી છતાં તે મૂરખ તેનો ત્યાગ કરી :ઉદ્ધતાઇથી નાસીને ગુજરાત ભણી જતો રહ્યો છે. હવે તું શાંત થા ને તે તારા ભાઇને તારા દેશમાં જઈ સમજાવીને તેડી લાવ્ય ને આ ભલા બ્રાહ્મણની પુત્રી મનોરમાનું જીવન બગડે છે તેને સુખી થવાનો ઉપાય કર્ય. પણ નકામો તાર બાપનો શોક કરી ક્લેશનો વધારો કરીશ નહિ.

મહિધર—હે મારા વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ ને જ્ઞાનવૃદ્ધ ગુરુ! મારા ખેદનું કારણ હજુ આપને મેં વિદિત કર્યું નથી, માટે આપ મને ક્લેશ ન કરવાનું કહો છો. કૃપાનાથ! મારા પિતાનો કૈલાસવાસ ને મારા ભાઇનું દેશમાં જવું એ મારા ક્લેશનું કારણ નથી મારા ક્લેશનું કારણ તો માત્ર આપની આજ્ઞાનું ઉલ્લંઘન એજ છે. મારાથી હવેજ સ્પષ્ટ રીતે સમજાયું છે. હે મારા ઇષ્ટદેવ! મારું સાચું શરણ્ય, સુખ, હિત અને કલ્યાણ આપ જ છો. હે કૃપાધન ! ક્ષ

આપનો અજ્ઞ, મૂર્ખ અને અનેક અપરાધોના ખજાનારૂપ તથા ભૂલોની ખાણરૂપ મિથ્યા પંડિતાઇનો અભિમાની, ડોલઘાલુ શિષ્ય છું આપનો બાલક છું અને આપનો દાસાનુદાસ: આપનો હવે એક અનન્ય કિંકર છું. મે આપનું વચન ના માન્યું ને મારું ડાપણુ ડોળ્યું તેનું મને પૂરે પૂરૂં એ ફળ મળ્યું કે 'અખંડ અશાંતિ, અખંડ દુખ એટલુંજ નહિ પણ જન્મ જન્માંતરમાં પણ મહાદુઃખનો ભોક્તા બન્યો. મોટામાં મોટો અપરાધી થયો ઇશ્વરનો ગુનેગાર થયો. મહા પાતકી થયો. નરકનો અધિકારી થયો. જાતિત્વથી ભ્રષ્ટ થયો. બ્રહ્મત્વથી વિમુખ થયો. અરે હવે તો હું બ્રાહ્મણ મટીને શુદ્ર થયો. એટલુંજ નહિ પણ હે કૃપાળુ! હું તો અતિશુદ્રથી પણ હલકો થયો. હે મારી ગતિના આધાર! હું કે જે એક સમય આપનું શિષ્યત્વ ધરાવતો હતો તે આજે આપ મારા શરીરનો પરછાયો પણ ન લ્યો કે મારી વાણી સરખી પણ શ્રવણ ન કરો એવા નિચ અતિ તુચ્છમાં તુચ્છ થયો. હે દેવ! મહાપાપી બન્યો! મારે તો રજનું ગજ થવા જેવું થયું! મારે બકરૂં કાઢતાં ઊંટ પેસવા જેવું થયું? મારે તો માખને બદલે માણુસ મારવા જેવું થયું! માટે હવે તે હું જીવતાં જમીનમાં દટાઉં? લાકડાં ખડકાવી બળી મરૂં! ગંગાજીમાં બુડી મરૂં! માથે કરવત મૂકાવું કે જંગલમાં જઇ મારું શરીર કપાવીને અરણ્યનાં પક્ષીઓને ઉજાણી આપું? આપ જે કહો તે કરવા તૈયાર છું. માટે ઉપર બતાવેલામાંથી એક ઉપાયની મને આજ્ઞા કરો.

ભાનુકુમાર—ભાઈ! અહિધર શાંત થાઓ. તમે બ્રાહ્મણ મટી શુદ્ર શાથી થયા? તમારે રજનું ગજ થવા જેવું શું થયું?

અહિધર—બાપજી બાતનો દાણો અજાણે ગળે ઉતરી ગયો વળી તે ગંગોદક સાથે તેમાં પણ તે કોનો હશે? તે વાત પણ અનિશ્ચયાત્મક હતી, ને આપની આજ્ઞા શિરોધારણ કરી પંચગવ્ય

પ્રાશન કરીને (ગાયનું છાણુ, મૂત્ર, દૂધ, દહી ને ઘી, ભેગાં કરી પીને) એકાદ એકાદશીનો ઉપવાસ કર્યો હોત અથવા ગાયત્રી જપ કે પ્રાણાયામ કરી બેસી રહ્યો હોત તો તો મારે આ અત્યંત પરિતાપ કરવાનો સમય ન આવત; પણ મોટામાં મોટું પ્રાયશ્ચિત્ત ખોળવાના લોભે કોઇ સાધુરામના વચનપર વિશ્વાસ રાખી ભટકવા ગયો તેમાં ખરેખર આચ્યુંજ જાણી જોઇને મુસલમાનનું અન્ન મારાથી જમાયું. એટલું બોલી ને **હુસેન** સંબંધી બધી વાત કરી બતાવી. ને પછી તે **ભાનુકુમારના** ચરણમાં પડીને લાંબે રાગે રોયો.

ભાનુકુમાર—ભાઈ! હવે તમે જાણી જોઇને જે કામ કર્યું તેમાં હું શું કરું ? મે તો પહેલેથીજ કહ્યું હતું કે જે માણસ શંકાશીલ સ્વભાવ રાખી વેમી બની આ સારું હશે કે તે સારું હશે એમ મનની ચળિત વૃત્તિ રાખે છે, તેને ક્યારે પણ શાંતિ ન મળતાં તે કારણ પશ્ચાત્તાપને પ્રાપ્ત થાય છે. માટે હવે હું શું કરું ?

મહિધર—મહારાજ છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ના થાય. આપ મારા વડિલ ગુરુ, સુહૃદ અને સર્વ સંબંધીગાં આપજ છો. માટે હવે હું મારો આપ વિના અન્ય કોઈ હિતચિંતક કે વહાલેશરી જોતો નથી, માટે આપને મૂકી કયાં જાઉ? હવે મને ખરે ખરું સમજાયું છે કે મારા મા-બાપ અને મારા ઇષ્ટ દેવ તે તમેજ છો. ને આપ જેમ કહેશો તે પ્રમાણેજ હવેથી હું કરીશ. હવે મારે કોઇને કાંઈ પણ પૂછવું નથી.

ભાનુકુમાર—જો એમ હોય તો **જીવન્ભદ્રાણી પશ્યતિ** (જીવતો માણુસ પોતાનું કલ્યાણ મેળવી શકે છે) જો ભાઇ! જે માણુસ અત્યાચાર કિંવા વિચાર વિનાના જડાચારને વળગી રહેછે, તેને ક્યારે પણ સુખ કે શાંતિ પ્રાપ્ત થતાં નથી. તું જાતે: હયાત છું તો તારા પુરુષાર્થથી અક્ષય્ય શાંતિ અને કલ્યાણ મેળવી શકીશ. જો

ભાઇ! કલ્યાણ સાધવામાં જાતિત્વ, શિષ્ટત્વ કે કુલ તથા મોટાઇની અગત્ય નથી. માત્ર શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રયત્નનીજ આવશ્યકતા: છે. જો ભાઈ! વાલ્મીકિ મુનિ કીરાતકુળમાં પ્રકટ થયા હતા. વ્યાસમુનિ કૈવર્ત (ભોઇ)ની પુત્રીથી ઉદ્દ્ભવ્યા હતાઃ મહામુનિ: વસિષ્ઠજી રઘુકુળના ગુરુ વેશ્યાપુત્ર કહેવાયા છેઃ અગસ્તમુનિનો જન્મ કુંભ (ઘડો) થી થયો છેઃ વિશ્વામિત્ર ક્ષત્રિય જાતિમાં જન્મ્યા હતાઃ શૃંગી ઋષીનો જન્મ હરિણીથી સંભળાય છેઃ નારદ મુનિ પણ દાસી પુત્ર કહેવાયા છેઃ ગોકર્ણ ઋષિનો જન્મ ગાયથી ગણાયો છેઃ માટે ભાઈ મહિધર સાચું બ્રહ્મત્વ કાંઈ ઉંચી જાતિમાં જન્મ પામવાથી મેળવાતું નથી. મોક્ષનું કારણ કુળ, જાતિ કે શિષ્ટતા નથી; પણ કેવળ ભજનરૂપ પુરુષાર્થ ગણાય છે. ને ભજનનો અધિકાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, મ્લેચ્છ, ચાંડાળ, અતિશૂદ્ર, પંડિત, મૂર્ખ, સ્ત્રી, વિધવા કે સધવા સર્વને છે. માટે ભજનના પ્રતાપે ગમે તેવો નિચ, પાપી, દુરાચારી, પતિત કે હિનવર્ણનો હોય તોપણ મોટા દેવો સરખાને. પણ વંદ્યમાન થાય છે. માટે ભાઇ હવે તમે વૃથાપરિતાપનો ત્યાગ કરી, તમને જે ઉપદેશ દેવામાં આવે અથવા ભજનનો માર્ગ દર્શાવવામાં આવે તેમાં સંપૂર્ણ શ્રદ્ધા સ્થાપી, પ્રમાદનો ત્યાગ કરી, નિરંતર તેનું અનુષ્ઠાન કરો. જેથી તમને અવિલંબ જીવન્મુક્તિનું સુખ પ્રાપ્ત થશે; ને તમને વર્તમાનમાં જણાયેલી સર્વ અશાંતિ નિર્મૂળ થયેલી જણાશે.

મહિધર—હે દિનબંધો! પ્રથમ મેં આપને પ્રાયશ્ચિત્તની પૃચ્છા કરી તે સમયના નિશ્ચયમાં ને આધુનિક નિશ્ચયમાં ઘણો તફાવત છે. અત્યારે તો મારી આપના ઉપદેશમાંજ તીવ્રલાગણી ઉત્પન્ન થઇ છે. જેવો કોઇ અત્યંત ભૂખ્યો ભોજન ઇચ્છે, કંઠ સુકાતો તૃષિત જળ ઇચ્છે, મહાવ્યાધિની વ્યથાથી પીડાતો અમૃતૌષધની યાચના કરે ને લોભી ધનની ઇચ્છા કરે તેમ હું આપના

ઉપદેશામૃતની ઇચ્છા કરું છું. માટે હે મારા દીનવત્સલ ગુરુ! હું અત્યારે આપને મારા વિદ્યાગુરુરૂપે નહિ પણ સદ્‌ગુરુરૂપે માની મારા ઇષ્ટદેવ તથા મહેશ્વરરૂપજ જાણું છું. માટે અત્યારે હું મારા માનસિક ઉપચારો તથા ઉપહારના સમર્પણ પૂર્વક આપનું અર્ચન કરી, સદુપદેશ લેવા આપના શરણે આવ્યો છું. ને મારા તન, મન અને ધનાદિ સર્વસ્વનું મેં આપનેજ સમર્પણ કર્યું છે. માટે હવે તો મને જે જે કહેશો તેનુંજ સેવન હું કરીશ અને લેશ પણ શંકાને હૃદયમાં અવકાશ આપીશ નહિ.

આ પ્રમાણે **મહિધરની** દૃઢતાનો પોતાને નિશ્ચય થવાથી **ભાનુકુમાર** પંડિત કે જે કાશીનિવાસી સચ્ચિદાનંદનામના મહા પ્રસિદ્ધ યોગીના શિષ્ય હોઇ ઉંચા પ્રકારના વેદાંત નિષ્ઠાવાળા તથા યોગનિષ્ઠ હોઈ જેવોએ પોતાનું કૃતાર્થપણું સિદ્ધ કરેલું હતું, તેમણે તે મહિધરને ધીમે ધીમે અધ્યાત્મિક વિદ્યાના ઉપદેશદ્વારા તથા ચિત્ત-નિરોધની યુક્તિઓના શિક્ષણદ્વારા આત્મોપાસના કરાવી, આત્મસાક્ષાત્કાર કરાવી તેને જીવનમુક્ત કર્યો. જેથી તે **મહિધર** સર્વ કાયિક, વાચિક, માનસિક અને સાંસર્ગિકાદિ સર્વ પાપોથી શુદ્ધ થઇ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહોથી અલગ થઈ, મોટા યોગીની ગતિ પામી ગયો કે પછી તેને **ભાતનો દાણો** તથા **હુસેનનું અન્ન** કયારે પણ પરિતાપ ઉપજાવી શક્યું નહિ.

સારાંશ.

ઉપરના દૃષ્ટાંતથી કોઇ પણ માણસે કેવળ દાંભિક બની, જગતને દેખાડવા જડાચાર કે દુરાગ્રહવાળા અત્યાચારને વળગી નહિ રહેતાં યથાર્થ કર્તવ્યનું સ્વરૂપ સમજી તેમાં દૃઢાગ્રહ રાખવો. પણ જે દેહાદિ નિરંતર્ માયિક કાર્ય હોવાથી અશુદ્ધ મલિન ને શુદ્ધ ન થઇ શકે એવાં છે; તેમને શુદ્ધ કરવા સૌથી અલગ રહેવું. અહીં અભ-

ડાઇ ગયું ને અહીં છોવાઇ ગયું, :અરે અહિં પગ પડી ગયો ને ફૂલાણું અડકી ગયું તથા એવી દોઢડાહી સ્ત્રી પોતાના ધણીનું અડકેલું પણ અપવિત્ર માને, ધણીનો સ્પર્શ ન કરી પરપુરુષનો સ્પર્શ કરવામાં વધારે આગ્રહ સેવે, એ કેવી વાત ? भूमि लेपेन शुद्धति પૃથ્વી એકવાર ગાયનું છાણુ ને માટીથી લીપવાથી શુદ્ધ થાય છે. એવું સ્મૃતિ વચન છતાં પણ એકવાર છાણુથી લીંપી તે છાણુના ભાગમાં માનસિક અપવિત્રતાનું સ્થાપન કરી, પુનઃ મૃત્તિકાથી લેપ કરી પુનઃ મનોકલ્પિત અપવિત્રતા સ્થાપી પુનઃ જળથી લેપ કરવો. આવા અત્યાચારમાં વ્યરાઇ કાળક્ષેપ કરવો એ યોગ્ય ગણાય નહિ. પવિત્રતા તથા આચારમાં મુખ્ય તો વિચારનેજ પ્રાધાન્ય પદ આપવું ઘટે છે. તેમાં પણ દેહાદિની પવિત્રતા કરતાં હૃદયની પવિત્રતા વિશેષ ઉપયોગી છે. ગમે તેવો દેહ શુદ્ધ કરાય પણ મનમાં જો મલિન વિચારને અવકાશ મળે તો તો તે દેહની પવિત્રતા ઉપયોગની મનાતી નથી.

હવે ચંપકપુરનિવાસી દેવશર્માના નાના પુત્ર તથા મહિધરના નાના ભાઈ ગદાધરનું શું થયું તે તરફ લક્ષ્ય કરીએઃ—

મહિધરની પેઠે તે પણ સંસ્કૃત પાઠશાળામાં વ્યાકરણ કાવ્યમાં કુશળ થયા પછી, તેણે તર્કશાસ્ત્રનું અધ્યયન કરવા ધાર્યું પણ તે બુદ્ધિનો મંદ, ધારણુશક્તિવિનાનો તથા વિચાર કરવામાં વિવેકશૂન્ય હોવાથી તથા દેશ-કાળના જ્ઞાનવિનાનો હોવાથી તેમાં તે આગળ વધી શક્યો નહિ: જેથી તેણે માત્ર વ્યાકરણુશાસ્ત્રના વિષયોનેજ ગોખણુપટ્ટી કરી ઉપસ્થિત કરવા માંડયા. બાકીના વખતમાં કાંઇ સાહિત્ય કે કાવ્યના ગ્રંથોનું વાચન કરવા માંડયું. પરંતુ તે વ્યવહારજ્ઞાનમાં પણ કેવળ પછાત રહેવાથી વેદીઆં ઢોર અથવા જડવર્ગમાં ખપાવા લાગ્યો. કહ્યું છે કેઃ—

अपि शास्त्रेषु कुशला लोकाचार विवर्जिताः ।
सर्वे ते हास्यतां यान्ति यथा मूर्खाः सुशोभिताः ॥

ભાવાર્થઃ—જે શાસ્ત્રોમાં કુશળ હોય પણ લોકાચારથી અજાણ્યો હોય તે સર્વ સુશોભિત મૂર્ખોની પેઠે હાંસીને પાત્ર થાય છે.

ગદાધરજીનું પણ તેમજ થયું હતું. જ્યારે **દેવશર્મા**નું દેહાંત થયું ને વ્હેમી **મહિધર** મનને ગમતું પ્રાયશ્ચિત કરવા ચાર ધામની યાત્રા કરવા સિધાવ્યો ત્યારે આ **ગદાધર** સૂનો પડયો એમ જાણી દયાળુ સ્વભાવના પુરોહિત **રવિદત્તે** તેને કહ્યું કે ભાઇ! તું તારા પિતા અને ભાઇ વિનાનો અહિં એકલો પડયો, માટે તું જરાપણ ગભરાઇશ નહિ ને મુઝાઇશ પણ નહિ. આ મારે ઘેર રહેવું, મારે રસોડે બન્ને વખત જમવું ને તારાથી બને એ રીતે વિદ્યાભ્યાસ કર્યા કર્ય. તને પુસ્તકોનું તથા વસ્ત્રોનું ખર્ચ હું આપીશ. તને વિદ્યાભ્યાસ કરતાં જે સમય મળે તેમાં તારે મારા ઘરની જે મારો મુનીમ નોકરી કરે છે તેમાં તું ભોમીઓ થતો રહેજે તથા બની શકે તો મારે ઘેર આવતા યાત્રાળુ યજમાનોની શર્ભરામાં તારાથી બને એ કામ કરજે. મારાથી બનશે એટલું તારૂં હિત કરીશ. એમ કહી રવિદત્તે તેને અભય વચન આપ્યું હતું. તેથી ગદાધરે તો નિરંતર રવિદત્તને ત્યાં સાંજ સવાર જમવાનો ને પાઠશાળાએ જઇ પાણીનેય સૂત્રો ગોખી મારવાનો ધંધો માન્યો હતો. તે પછી પણ તે પતંજલિનું ભાષ્ય શિખી ભાષ્યાંત વૈયાકરણી સારો બન્યો હતો. તેથી તેના સામો કોઇ પૂર્વપક્ષી મળે તો તેને વ્યાકરણ સૂત્રો ઉપસ્થિત હોવાથી વ્યાકરણની પ્રક્રિયા, શબ્દ કે ધાતુઓનું રૂપ, વિકલ્પરૂપ, કારક, કૃદંત, સમાસ, પોતાની ઇચ્છા પ્રમાણે સિદ્ધ કરી બતાવી ખુશી થતો હતો. પણ તે વિદ્યાથીએ તેને કાંઇ દેશ કાળનું જ્ઞાન કે વ્યવહારજ્ઞાન મળ્યું નહિ.

એક દિવસ રવિદત્તે પોતાની સ્ત્રી મુક્તાને પાસે બોલાવીને કહ્યું કે પ્રિયા! આપણી પુત્રી **મનોરમા** તેના મોસાળમાં તમારા ભાઇ **અયોધ્યાપ્રસાદ** તથા તમારાં ભાભી **યશોદાની** પ્રીતિથી મોસાળમાં રહી મોટી થાય છે. તેને હવે કન્યાકાળ થવા આવ્યો માટે પરણાવવાને સારું આપણે શો વિચાર કરવો? આપણી ન્યાતનો સમૂહ તો ઘણે ભાગે **ગુજરાતમાં** વિશેષ છે; ને **કાશીમાં** તો થોડાં ઘણાં ઘર છે; પણ તે બધાં આપણાથી કુળમાં હલકાં છે; ને વર પણ એક બેજ છે તે પણ જોઇએ તેવા સંતોષકારક તો નથી. માટે આ **કાશીમાં** તો ઘાટ નહિ બને. ને **ગુજરાત** ભણી દઇશું તો આપણને દીકરીનો વિયોગ દુઃખદાયક થશે. કારણ કે આપણને મન વાળવા પણ બીજું એકે સંતાન નથી. મોંઘામાં મોંઘી દીકરીને એવા મોટા દૂરદેશ દઇએ તેમાં દીકરી પણ મુંઝાય ને આપણે પણ મુંઝાવું પડે. માટે આપણને તો ઘેર બેઠે દીકરીના ભાગ્યેજ રૂડો જેવો જોઈએ તેવો વર અગાઉથી આવી મળ્યો છે. તે ગામના બધા બ્રાહ્મણો કરતાં કુળમાં ઉંચો **ગુજરાતમાં** પણ પંકાઉ ઘરનો, ને છે પણ નિરોગી, સુદૃઢ, રૂપાળો, બે અક્ષર ભણેલો, ને કન્યાનાથી એ પાંચ વર્ષે મોટો ને મોતીના દાણા જેવો છે. માટે તમારી મરજી હોય તો આ વર્ષે વિવાહ કરી દઇએ.

મુક્તાબાઇ—પ્રાણનાથ! હા, એ તો હું સમજી ગઇ. આ આપણે ઘેર છે એ ગદાધરજ ક્ની?

રવિદત્ત—સાબાશ! હા એજ. કહો ત્યારે તેમાં કાંઈ પણ દોષ કે ખામી તમારા જોવામાં આવે છે?

મુક્તાબાઇ—પણ તેને સારું તો આપણી ન્યાતમાં ચાર પાંચ કન્યાઓ છે તે બધાય **ગદાધરની** વાત તો કરે છે. મને પણ પેલા **સામશંકરે** તથા **મૂળશંકરે** પૂછ્યું હતું કે જો તે ગુજરાતમાં ના

જતાં કાશીમાં હમેશને માટે રહેનાર હોય તો અમે કન્યા દઇએ. ને એને અમે અમારું ઘરબાર તથા યજમાનો એ સૈ લખી આપીએ.

રવિદત્ત—હા, એ ખરું પણ આપણે એ ઘેર બેઠે ગંગા આવ્યા જેવું છે તે શા સારું ખોઇને બીજાને લાભ આપીએ? **દેવશર્મા** સૌ પહેલા આપણું ઘર પૂછીનેજ આવ્યા હતા. ત્યારથીજ મેં એમને મુનિમની જગ્યા આપી આપણી **મનોરમાના** શુભ વિચાર સારૂંજ રાખી લીધા હતા. **દેવશર્માના** બે દીકરા જોઇને તેમની ન્યાત જાત કુટુંબ અને સંબંધો જાણીનેજ મેં રાખી લીધા હતા. **દેવશર્માના** બેય દીકરા તો આપણે કામના પણ મોટો જે **મહિધર** હતો તે તો તેની માના જેવો બીનેવાન અને જડ જેવો હતો. ને આ **ગદાધર** તો ગૌર દેદીપ્યમાન ને જાણે સાક્ષાત્ મહેશ્વરની મૂર્તિ હોય એવો સુંદર, રૂપાળો ને આપણી મનોરમાનાજ જેવો જાણે શંકર પાર્વતીનું જોડુંજ હોય નહિ શું એવો છે. માટે હવે આપણે આ હાથ આવ્યો કોળીઓ ખોવો નહિ. ને જેમ બને તેમ સત્વર લગ્ન સાધી લેવું. વખત છે વળી કોઇ પાંચ રૂપીઆનો વધારે લોભ બતાવી તેને રોકી લે તો આપણે વિમાસવું પડે.

મુકતાબાઇ—મોકલો તેડવા માણસ, કે મારાં ભાઇ ને ભોજાઇ બેનને તેડીનેજ આવે.

રવિદત્ત—યોગ્ય કહો છો! આ મોકલું.

પછી પોતાના મુનિમને બોલાવીને કહ્યું કે **હંસપુરગામ** અહીંથી પાંચ ગાઉ દૂર થાય છે ત્યાં **અયોધ્યાપ્રસાદ** નામે પંડિત રહે છે તેમને ત્યાં મારી પુત્રી **મનોરમા** તેના મોસાળમાં રહે છે તે પુત્રીની સાથે **અયોધ્યાપ્રસાદ** તથા તેમનાં પત્ની **યશોદાને** ઝટ સારા વાહનની જોગવાઈ કરી બેસારીને અહીં મારી પાસે તેડી લાવો.

મુનિએ કહ્યું કે હાલ ઘડી હું તે સર્વને તેડાવું છું. પછી અયોધ્યાપ્રસાદ, યશોદા અને રવિદત્તની પુત્રી મનોરમા એ સૌ ત્યાં આવી પહોંચ્યાં. ને રવિદત્તે તુરતજ લગ્નનો નિશ્ચય કરી પોતાની પુત્રી મનોરમાને ગદાધર સાથે પરણાવી.

તે પછી ગદાધર કે જેને પોતાના ભેગોજ રાખ્યો હતો તેને સુવા બેસવા માટે એક બીજું સારૂં ઘર હતું તે આપ્યું. ને કહ્યું કે તમારે બે વખત જમવા સારુંજ મોટા ઘરમાં આવવું. ને બાકી સુવા બેસવા સારું તમને એક આ જૂદુંજ ઘર સોંપું છું, ત્યાં તમારે નિરંતર બેઠક રાખવી તથા વાંચવું, લખવું, ભણવું ને એ ઘરની સંભાળ તમારેજ રાખવી.

ગદાધર—[સમજ્યા વિનાનું એક શાસ્ત્ર વચન યાદ આવ્યું તે બોલ્યા કે] कष्टः खलु पराश्रयः ! પારકા આશ્રયમાં પડી રહેવું એ મોટું દુઃખ છે.) આ વચન ગદાધરતો અણસમજણમાં સહેજ બોલ્યો પણ રવિદત્તે તો તે જાણે સમજીને બોલ્યો હોય એમ સાચું માની પોતાના હૃદયનો શુદ્ધ આશય તેને કહી બતાવ્યો.

રવિદત્ત—ગદાધરજી ! મનમાં કોઇ વાતે મુઝાશો નહિ. તમને જે આશ્રય છે તે તમારો પોતાનોજ છે. અમારે તો સર્વ દીકરી કે દીકરામાં માત્ર તમેજ છો. ને મારું જે કંઇ છે તે તમારુંજ છે.

ગદાધર—

क्षणे रुष्टा क्षणे तुष्टा रुष्टा तुष्टा क्षणे क्षणे ।
अव्यवस्थित चित्तानां प्रसादोऽपि भयंकरः ॥

ભાવાર્થઃ—જે ક્ષણમાં પ્રસન્ન થાય ને ક્ષણમાં અપ્રસન્ન થાય એવા ક્ષણક્ષણમાં બદલાતા મનવાળા—અવ્યસ્થિતચિત્તવાળા—અબદ્ધ ચિત્તવાળા—ની મહેરબાની તે પણ ભયંકર દુઃખરૂપ જાણવી.

રવિદત્ત—[મનમાં જાણે કે આ બધું સાચુંજ બોલે છે પણ **ગદાધર** તો સમજ્યા વિના જેમ આવે છે તેમ ભરડયાજ કરે છે.] મહારાજ! એમ ના સમજશો. મારું મન, વાણી ને ક્રિયા સર્વનું રૂપાંતર થતું નથી. હું એકજ નિશ્ચયવાળો છું.

એમ બોલી તે ઘરને ઓટલેથી **રવિદત્ત** જેવા ઉતરવા ગયા કે અજાણથી ઠેસ વાગી ને ઓટલેથી પડી ગયા. તે જોઇ આસપાસનાં માણસ ભરાઈ ગયાં ને સૌએ દિલગીરી બતાવી, ત્યારે **ગદાધરે** જાણ્યું કે મારે પણ અહીં બોલવું જોઇએ; ને નહિ બોલું તો **રવિદત્તજીને** ખોટું લાગશે તેથી બોલ્યા કેઃ—

ગદાધર—**कर्मायत्तं फलं पुंसां** (કર્મ પ્રમાણે મનુષ્યોને ફળ મળે છે.) આ વચન સાંભળી **રવિદત્તજી** ઉલટા ભુંઠા પડીને ઘરમાં જતા રહ્યા.

બીજે દિવસે પુરોહિત **રવિદત્તજીનાં** પત્ની **મુકતાબાઇનાં** માતુશ્રી દેવલોક પામ્યાના સમાચાર આવ્યા, તેથી મુક્તાબાઇ માતૃ સ્નેહના અનુબંધને લઈ રોવા લાગ્યાં. તે જોઈ **રવિદત્ત** તથા જ્ઞાતિનાં સૌ માણસો **મુકતાબાઇને** આશ્વાસન આપવા લાગ્યાં ત્યારે **ગદાધરે** જાણ્યું કે મારો ભાગ રહી ગયો; તેથી બોલ્યા કેઃ—

हसता क्रियते कर्म रुदता परिभुज्यते ॥

હસતાં પાપકર્મ કરાય છે; ને તેનું ફળ રોઇને ભોગવાય છે. આ વચન સાંભળતાં **મુકતાબાઇનું** રુદન હાસ્યના પરિણામને પામ્યું. રોતાં રોતાં હસી પડયાં,

તે પછી એકવાર સહેજ **રવિદત્તે** કોઇ ઘરકામ સંબંધે **મુકતાબાઇને** ઠપકો આપ્યો તે જોઇને **ગદાધરે** એક લાકડી લઈને **રવિદત્ત** પાસે મૂકીને બોલ્યા કે,—

ढोर गंवार पशू और नारी, ये सब ताडनके अधिकारी ॥

(ઢોર, ગમાર, પશુ અને સ્ત્રી એ બધાં તાડન કરવાને માર મારવાને લાયક છે.)

આ વાંચન સાંભળી **પુરોહિતજી** હસી પડયા ને **મુક્તાબાઈ** પણ હસીને વાંકી નજરે **ગદાધર** સામું જોઇને બોલ્યાં કે 'પંડિતજી! યાદ રાખજો પાછી આગળ હું છું.'

ગદાધરઃ—

किं न कुर्वन्ति योषितः ।

(સ્ત્રિયો શું શું નથી કરી શકતી?) આ ગંભીરાર્થ વચન સાંભળી **મુક્તાબાઇ** ઘરમાં જતાં રહ્યાં.

એક દિવસ કાશીમાં **રવિદત્તની** ન્યાતના બ્રાહ્મણોમાં કોઇ બ્રાહ્મણના યુવાન પુત્રનું મરણ થયું ત્યારે તે ખબર **મુક્તાબાઇના** જાણવામાં આવતાં **ગદાધરને** તેણે કહ્યું કે પંડિતજી! અમુક ઠેકાણે તમારે પુરુષોમાં જવાનું છે માટે જજો; કારણ કે તમારા સસરાજી ગામ ગયેલા છે. પછી **ગદાધરજી** તો ત્યાં ગયા, પણ ત્યાં પુરુષોની અછત હોવાથી બ્રાહ્મણોએ **ગદાધરને** પણ શબની (મુડદાની) પાલખી ઉંચકવામાં જોડયા તેને ત્યાં બીજા ઉંચકનારાએ **नमः श्रीरामाय ।** કહીને પાલખી ખભે મેલી. ત્યારે **ગદાધરે** જાણ્યું કે હું કાંઈ નહિ બોલું તો મને બધા મુર્ખ કહેશે; ને જો તેમનું બોલેલું બોલીશ તો મારી પંડિતાઈ ઢંકાઈ જશે; માટે મારે તેમનો બોલેલો મંત્ર ન બોલતાં નવો બોલવો એમ જાણી **नमः श्रीगणेशाय ।** કહી પાલખી ખભે મેલી. ત્યાંથી મણિકર્ણિકાના ઘાટે સ્મશાનમાં પાલખી નીચે ઉતારી ત્યારે બીજાએ **श्रीरामः** કહ્યું ત્યાં **ગદાધરે** **श्रीगणेशाय नमः** કહ્યું. તે પછી તે મરનારના ઘરના માણસે અગ્નિસંસ્કારાદિ કર્મ કર્યા પછી બ્રાહ્મણોમાં **ગદાધર** પંડિતના વચન પર ચર્ચા ચાલી ત્યારે **ગદાધરે** પૂર્વપક્ષ કરીને કહ્યું કે,—

श्रीरामे वा गणेशे वा कश्चिद्भेदो न विद्यते ।

(શ્રીરામના સ્વરૂપમાં અથવા ગણપતિના સ્વરૂપમાં કોઇ પણ પ્રકારનો ભેદ નથી.)

તે સાંભળી એક બીજો વિદ્વાન બોલ્યો કે,—

विवाहे विघ्नहंतारं स्मरेद्रामं मृतौ सदा ।

विलोपं कुरुते कोऽपि सलोके रुपहास्यते ॥

વિવાહકાર્યમાં ગણપતિનું ને મરણ ક્રિયામાં હમેશાં રામનું સ્મરણ કરવું; પણ એમાં કોઇ ઉલટું કરે છે તો તે લોકોમાં ઉપહાસને પાત્ર થાય છે.

ગદાધર--

आत्मबुद्धिः सुखायैव गुरुबुद्धिर्विशेषतः ।

परबुद्धिर्विनाशाय स्त्रीबुद्धि प्रलयावहा: ॥

ભાવાર્થ:—પોતાની બુદ્ધિ સુખનો હેતુ થાય છે, ગુરુની બુદ્ધિ વિશેષ સુખદાયક થાય છે, પરબુદ્ધિ—પારકી બુદ્ધિ પ્રમાણે ચાલવાથી વિનાશ થાય છે ને સ્ત્રીની બુદ્ધિ પ્રમાણે ચાલવાથી અત્યંત પ્રલયસમ અનિષ્ટ ફલ પ્રાપ્ત થાય છે. માટે હું કોઇના કહેવા પ્રમાણે ચાલનારો માનનારો નથી. તે પછી વિવાદ તો શાંત પડયો. ને સૌ પુરુષો ગંગામાં સ્નાન કરી મરનારને ઘેર આવ્યા ત્યારે બધા સ્મશાન જઇ આવેલા પુરુષો પાણીના કોગળા કરવા પંક્તિના રૂપમા બેઠા ને ઘરધણીએ સૌને રજા આપી: પણ આ પંક્તિ સૌન ઉઠી જાય તે ગદાધરને ગમ્યું નહિ તેથી તાણીને બોલ્યા કે **नमः पार्वतिपतये ।** (પાર્વતીના સ્વામીને નમસ્કાર.) [પણ આ વચન જ્યારે બ્રાહ્મણોની પંક્તિ કોઈ હર્ષભોજનમાં ઉત્સાહથી ભોજન કરવા બેઠી હોય, પરસ્પર બ્રાહ્મણો શ્લોકો બોલે ત્યાં એ વચન શ્લોકાંતે બોલાય ત્યારે તે પછી સૌ બ્રાહ્મણો બેગા

એક ઉચ્ચારે '**હર હર મહાદેવ !**' એમ બોલે. પણ આજે આ બે ત્રણ પ્રસંગોથી કાશીના બ્રાહ્મણોને તો નિશ્ચય થયો કે આ **ગદાધર** પાયાવિનાનો અથવા મંદ બુદ્ધિનો ને વિકળ છે. **ગદાધરજી**ની વિદ્વત્તા તો સ્ત્રી–પુરુષોમાં ફેલાઈ ગઇ જેથી ગામ જઇને આવેલા **રવિદત્ત**ને સમાચાર મળ્યા કે તમારા જમાઇએ તો ન્યાતમાં દિગ્વિજય કર્યો.

આ વાત સાભળી **રવિદત્તે** વિચાર કર્યો કે હજુ બાળક છે ને એને વ્યવહારનું કે દેશકાળનું જ્ઞાન નથી; માટે ધીમે ધીમે સમય જશે તેમ તેમ સુધરશે; પણ મારે જરા તેમને દાબમાં રાખવા.

તે પછી થોડા દિવસમાં કાશીપુરીમાં **રવિદત્ત**ના સંબંધિઓમાં લગ્ન થતું હતું, ત્યાં **રવિદત્ત**નાં પત્નિ **મુક્તાબાઈ** ને તેમનાં દીકરી ગયાં હતાં. ને **રવિદત્ત** ગયા ત્યારે પોતાના જમાઇને પણ સાથે લેઇને ગયા ત્યાં વરકન્યાનું માબરૂ થતું હતું, ને ત્યાં લગ્નક્રિયા કરાવનાર શુક્લે કન્યાના બાપને કહ્યું કે આ ઠેકાણે વરનું પૂજન થયું માટે તેમને તમારે વસ્ત્ર, ઉપવસ્ત્ર, મુદ્રિકા, ગાય, ગામ, ગરાસ વગેરે જે કાંઇ કન્યાદાનમાં આપવું હોય તે આપો ત્યારે ત્યાં **ગદાધર** બોલ્યા કે,

एकादशी व्रतं गीता गंगाम्बु तुलसीदलम् ।
विष्णोः पादाम्बु नामानि मरणे मुक्तिदानि च ॥

ભાવાર્થ—એકાદશીનું વ્રત, ગીતાનો પાઠ, ગંગાજળ, તુલસીનું પત્ર, વિષ્ણુનું ચરણોદક ને વિષ્ણુનાં નામસ્મરણ મરણ કાળે મુક્તિ આપનારાં છે. માટે ભાઇ રામનું નામ સત્ય છે. તેથી રામકૃષ્ણ ગોવિંદ કરો. ને રાધાકૃષ્ણનું નામ ઘો. આ સાંભળી **રવિદત્ત**ના પૂજ્ય જમાતાને તો સર્વે બ્રાહ્મણોએ ઘણો રીટકાર આપી કાઢી મૂક્યા. ને **રવિદત્તે** પણ **ગદાધરે** પોતાનું પોત ઉઘાડું કર્યું તેથી ઘણો ઠપકો આપ્યો. તે પછી ઘેર આવીને પણ **રવિદત્તે** તથા

મુકતાબાઇએ ગદાધરને ઘણો ઠપકો દઇ ને ધમકી આપી. તથા કહ્યું કે તમને બોલતાં નથી આવડતું ને જ્યાં ત્યાં જઈ વધારી બેસો છો, માટે ખબડદાર જાઇને ક્યાંઈ બોલ્યા ! તો તમારી વાત તમે જાણ્યા !

ગદાધર—બહુ સારું હવે નહિ બોલું.

એટલામાં ભોજનનો સમય થયો ને રવિદત્તે જમવા ચાલો એમ ગદાધરને કહ્યું ત્યારે બોલ્યા કે,—

यत्रावज्ञा भोजनं तत्र नैव।

જ્યાં અવજ્ઞા (અપમાન) થઇ હોય ત્યાં ભોજન કરવાનું નથી.

રવિદત્ત—[મુકતાબાઇ પ્રતિ] પંડિતજી તો રીસાયા. જમવાની ના કહે છે.

મુક્તાબાઇ—લ્યો, હું મનાવી લાવું. એમ કહી તેને મનાવવા ગયાં. ને ગદાધરને કહ્યું કે પંડિતજી ! ચાલો જમવા જમીને રીસાજો. તોપણ ઉઠયા નહિ. ત્યારે સાસુજી બોલ્યાં ચાલો તમને મારા સમ, હું તમને પગે લાગું છું. એમ કહીને બે હાથ જોડી ગદાધરને પગે લાગ્યાં. તે જોઇને ગદાધરે તો પાસે એક ઉપાનહ્ (ખાસડું) પડયું હતું તે લઇને ઉપરા ઉપરી સાત વાર મુકતાબાઈના માથામાં જડાવી દીધાં. તેથી બૂમે બૂમો પાડી ઉઠયાં ને રોવા મંડયાં. ત્યારે ત્યાં રવિદત્ત તથા બીજા લોકો ભરાઈ ગયા ને ગદાધરને પૂછયું કે આ શું ? આવું તે તમારાથી થાય? સાસુજી તો મા બરોબર ગણાય ને એમને મારવાથી પાપ લાગે.

ગદાધર—प्रणामान्तः सतां कोपः (આ વચનનો અર્થ તો એવો છે કે 'સજ્જનનો કોપ પ્રણામ સુધી જ રહે છે; પણ નમન પછી ગમે એવું વૈર હોય તોપણ તે શાંત થાય છે.' પણ અહીં આ ગદાધર પંડિતે તો એવો અર્થ કર્યો કે 'પ્રણામની અંતે સંત પુરુષોએ કોપ કરવો જોઇએ.

તે પછી કેટલેક દિવસે **રવિદત્તે ગદાધરને** પાસે બેસારી ને શિખામણ દીધી કે પંડિતજી તમે હવે મોટા થયા, તમારે ગૃહસ્થાશ્રમની ધુંસરી ઉપાડવી પડશે માટે કાંઈ ઉદ્યમ કરવા ઉપર ધ્યાન આપો. મેં તમને તમારા બાપની જગ્યાનું કામ કરવા માહિત થવા ઘણા દિવસથી કહ્યું છે, પણ તમે તેમાં તમારું લક્ષ્ય જોડતા નથી. તમારા બાપને ઠેકાણે તમે કામ ન કર્યું, ત્યારે મારે બીજો મુનીમ રાખવો પડયો. જો તમે કામકાજમાં પ્રવિણ થઈ કામ કરતા હોત તો હું તે માસિક તમનેજ આપત. આ પરભાર્યા માણસ પાસે કામ કરાવવું પડે છે, માટે તમે હમણાં આળસુ બની ગયા છો માટે ઉદ્યમ કરો.

उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः ।

(કાર્યો બધાં ઉદ્યમથી સિદ્ધ થાય છે, પણ એકલા મનોરથથી નહિ.)

ગદાધર—

आज्ञा गुरूणां ह्यविचारणीया ।

(વૃદ્ધોની આજ્ઞાનો વિચાર કર્યા વિના તત્કાલ પાલન કરવું.)

રવિદત્ત—તો તો તમે ખરેખાત ડાહ્યા ને સાચા પંડિત કહેવાઓ.

પછી બીજે દિવસે **રવિદત્ત** તો યજમાનોના કામ માટે બહાર ગયા. ને પંડિતજીએ તો એક કોદાળો, પાવડો અને તીકમ લાવી **રવિદત્તને** રહેવાના પથ્થરના મકાનનો ઓટલો ખોદવા માંડયો. તે બે ચાર પથ્થર ઓટલાનાં પગથીઆંના તથા ઓટલાની ઝેરોના ભાગી ભૂકો કરી ઉખાડી નાંખ્યા. ત્યારે પુરોહિત પત્ની મુક્તાબાઈએ બહાર આવીને પૂછ્યું કે પંડિતજી! આ શું કરો છો?

ગદાધર—

उद्योगः खलु कर्तव्यः फलं मार्जारवद्‌ध्रुवम् ॥

(ઉદ્યોગ તો નિશ્ચય કરવોજ. ઉદ્યોગ કરવાથી બિલાડાની પેઠે ફલ પ્રાપ્ત થાય છે. એટલે બિલાડો ગાય રાખતો નથી પણ તે ફરતો ફરવાનો ઉદ્યોગ કરે છે તેથી તેને વિના ગાયે પણ દૂધ પીવા મળે છે. માટે આ ઉદ્યોગ કરું છું.

મુક્તાબાઇ—ઉદ્યોગ તે આવો હશે ? રહેવાદો, રહેવાદો, નથી આવો ઉદ્યોગ કરવો. નકામું પંનર–વિશ રૂપીઆનું નુકશાન કર્યું.

ગદાધર—આ કામ તો તમારા કહેવાથી બંધ નહિ કરું, કારણકે પુરોહિતજીએ આજ્ઞા કરી છે. ને વૃદ્ધોની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય.

મુક્તાબાઇ—નથી આજ્ઞા પાળવી. હું કહું છું કે આવો ઉદ્યોગ નથી કરવો.

ગદાધર—**स्त्री बुद्धिप्रलयावहाः** સ્ત્રીઓની બુદ્ધિ તો પ્રલય વિનાશ કરે છે. માટે ઉદ્યોગ તો કરીશ. એમ વિવાદ થતામાં **રવિદત્ત** બહારથી આવ્યા ને પૂછ્યું કે આ શું ? કોણે આવું કર્યું ?

ગદાધર—મેં કર્યું, બીજો કોણ તમારી આજ્ઞા પાળે ?

રવિદત્ત—મેં ઓટલો ખોદી નાખવાનું ક્યારે કહ્યું હતું ? મેં તો ઉદ્યોગ એટલે નિરર્થક બેસી ના રહેતાં કોઈ પ્રકારનો પુરુષાર્થ કરવા માટે કહ્યું હતું. જુઓ ઉદ્યોગ અથવા પુરુષાર્થનો અર્થ આવો થાય છેઃ—

साधूपदिष्टमार्गेण, यन्मनोंग विचेष्टितम् ।
तत्पौरुषं तत्सफलमन्यदुन्मत्तचेष्टितम् ॥

ભાવાર્થ:—સત્પુરુષોએ બતાવેલા માર્ગ પ્રમાણે જે મન અને શરીરની ક્રીડા થાય તે પુરુષાર્થ અથવા ઉદ્યોગ કહેવાય છે; ને તેજ

શુભ ફળ આપે છે ને તે વિના બાકી જે કાંઇ કરાય તે તો ઉન્મત્ત ચેષ્ટા જાણવી.

ગદાધર—પુરોહિતજી! ત્યારે આપ મને ઉદ્યોગનો પ્રકાર દર્શાવવાનું ભૂલી ગયા તેનું આ ફળ જાણો. ને હવે ઉખાડેલા પથ્થરો કારીગરોને બોલાવી હતા તેમ ગોઠવાવો.

રવિદત્ત પુરોહિતને એક દિવસ પોતાના પંડિતરાજ જમાઇની સૂક્ષ્મબુદ્ધિની પરીક્ષા કરવાની ઇચ્છા થઈ, તેથી પોતે કોઇ કાર્ય પ્રસંગે બહાર જવાની ઉતાવળથી વહેલા ભોજન કરવા બેઠા, ને ગદાધરજી કાંઇ બીજા કામમાં રોકાયા હતા માટે પુરોહિતને કહે કે આપ જમી લ્યો, હમણાં મારે કામ છે માટે પછીથી જમીશ. એટલે પુરોહિતજી જમવા બેઠા. તેમાં દાળમાં જરા મીઠું ઓછું પડેલું હતું તેથી પોતાને મીઠાની જરૂર પડી એટલે પંડિતજીને બોલાવી સંસ્કૃત ભાષામાં કહ્યું કે **सैंधवमानय प्राज्ञ**! હે પંડિત! સૈંધવ (મીઠું) લાવો ત્યાં મોભાગ્ર બુદ્ધિના ગદાધરે વિચાર કર્યો કે હા, અમરકોષમાં સૈંધવ શબ્દ ભણવામાં આવ્યો છે ને કહ્યું છે કે **वाजिवाहार्वगंधर्वहय सैंधवसप्तयः** વાજી, વાહ, અર્વ, ગંધર્વ, હય, સૈંધવ અને સપ્તી, એટલાં ઘોડાનાં નામ છે. પંડિતજી હંમેશાં ઘોડાપર બેસી યાત્રાળુ યજમાનોને સામા ગામ સુધી લેવા પહોંચાડવા જતા માટે તેમણે પોતાને ઘેર ઘોડો રાખેલો હતો. તેથી ઘોડાના ખાસદારને કહી ઘોડાપર સામાન નંખાવી તૈયાર કરી પોતે લગામ હાથમાં લઈ જ્યાં પુરોહિત જમવા બેઠા છે ત્યાં ગદાધરે સોંસરો ઘોડો લઈ જઇ રવિદત્તના સામો ઘોડાને ઉભો રાખી બોલ્યા કે **पश्यसैंधवमागतं** (આ આવેલા સૈંધવ ઘોડાને જુઓ.) આ પ્રમાણે ગદાધરનું બોલવું સાંભળીને તથા ઘોડાને જોઇ રવિદત્ત મનમાં સમજી રહ્યા કે આ મૂર્ખપણાની પરિસીમા. પછી મુક્તાબાઇને કહેવા મંડયા કે આને દીકરી પરણાવી મેં મોટી ભૂલ

ફરી છે. આ મૂર્ખને એટલી પણ ખબર ના પડી કે જમતી વખતે ઘોડાનું શું કામ હતું ? અહીં તો માત્ર મીઠાનીજ અગત્ય હતી.

મુક્તાબાઈ—પ્રાણનાથ ! ઘણુંએ જાણીએ છીએ કે **ગદાધર** તો આપણા પૂજ્ય ને જમાઈ થાય માટે એમને સારું એક પણ હલકું વચન બોલતાં જીભ કપાવી જોઇએ; પણ શું કરું. એમની મૂર્ખતા સંભારી સંભારીને તો મારું કાળજું બળીને રાખ થાય છે. હાય ! હાય ! મારી એકની એક અલેતી હીરાજેવી **મનોરમાને** આવો જડભરત જેવો ગમાર વર માથે ભાગ્યો. લોકો કહેશે કે જુઓ ભાઈ! પોતાની દીકરીને અમસ્તાં તો પાર વિનાનાં લૂખાં લાડ કરે છે, પણ સારે ઠેકાણે દીકરીને પરણાવાઇએ નહિ તો એમની ગૃહસ્થાઈ શા કામની ? બિચારી દીકરીને કોટે પથ્થર બાંધીને કુવામાં નાખવા જેવું કર્યું. સ્વામીનાથ ! અરેરે ! આપણે તો ઘણોય સારો, રૂપાળો, દેખાવડો ને દેહકર્મી તથા બે અક્ષર ભણેલો તથા સારા ઘરનો એના બાપના ગુણ પારખીને શરીરે પણ જોતાં આંખ ઠરે એવો જોઇને દીકરી તો દીધી પણ દીકરીના હિનભાગ્યે ગાંડો નિકળ્યો તેથી શું કરીએ. આપણે આપણા ઘરમાં સાંચેલું દ્રવ્ય, ઘડાવેલા ઘાટ અથવા મકાનો ને રાચ-રચીલું દીકરીને આપી શકીએ પણ કાંઈ એને આપણું ભાગ્ય અપાય છે ? મારી ગરીબ ગાય જેવી દીકરીને માથે આ રતન ક્યાંથી ભાગ્યું ? આપણે જ્યારે **મનોરમાને** પરણાવવાનો વિચાર કર્યો ત્યારે તો રૂપાળો, દેખાવડો, નિરોગી શરીરે સારો ને બે અક્ષર ભણતો જોઇને દીકરી તો દીધી; પણ આતો નિકળ્યું ઇંદ્રિવારણું. ઇંદ્રિવારણીનું ફળ (ઇંદ્રિવારણું) રૂપાળું મોસંબી જેવું સુંદર ને પીળું દેખાય પણ એને ખાતાં તો પ્રાણ કાઢી નાખે. અરે પ્રભુ ! મને તો જ્યારે જ્યારે મારા હૈયાનો હાર અને નેત્રોનાં રત્નરૂપ મારી દીકરી **મનોરમાને** જોઉં છું કે તુરત **ગદાધર** સાંભરતાં હૃદયમાં મોટો ધ્રાસકો પડે છે. પણ દૈવે ભૂલ ખવરાવી ત્યાં ઉપાય શો ?

રવિદત્ત—પ્રિયા ! આ સંસારમાં મનુષ્ય માત્રના કર્મની વિચિત્રતાને લીધે ભાગ્યની પણ વિચિત્રતા જણાય છે; એમાં કોઇનો ઉપાય ચાલતો નથી. આવા બનાવ કાંઈ આપણે ઘેરજ નહિ પણ સંસારમાં ઘણે ઠેકાણે બનતા આવ્યા હોય છે. પણ તે માણસને પારકે ઘેર જે બનાવ બનેલા હોય કે બનતા હોય તે સ્મરણનું કારણ નથી હોતું; પણ જ્યારે પોતાને ઘેર બને છે ત્યારે જ તેનાથી બીજાના પ્રસંગોની વાત પણ સાચી મનાય છે. હે સુંદરી ! બધી વાતે મળતું પૂરે પૂરું સુખ તો કોઇકિ જ ભાગ્યશાળીને હોય છે. બાકી ઘણેય ઠેકાણે આપણા જેવાજ બનાવ બનેલા હોય છે.

यः सुंदरस्तद्वनिता कुरूपा,
या सुंदरि सा पतिरूपहिना ।
यत्रोभयं तत्र दरिद्रता च,
विधेर्विचित्राणि विचेष्टितानि ॥

ભાવાર્થ:—જે ઠેકાણે પુરુષ રૂપાળો, ગુણવાન, વિદ્વાન, નિરોગી, વિલાસી અને રસજ્ઞ હોય છે ત્યાં સ્ત્રી કદ્રૂપી, મૂર્ખ, અજ્ઞ, રોગી, દુરાચારી અને પુરુષના ગુણથી ઉલટા ગુણ અને સ્વભાવની હોય છે; ને જ્યાં કોઇ મનોહર, સૌંદર્યવાન, રૂપાળી, ગુણવતી, વિદ્વાન, સુજ્ઞ, આરોગ્યવાળી, પતિને સુખ આપવામાં વિચક્ષણ, ચતુર અને રસજ્ઞ સ્ત્રી હોય છે તેને માથે પુરુષ કદ્રૂપો, મૂર્ખ, અજ્ઞ, વૃદ્ધ, જડ, રોગી એ સ્ત્રીનાથી વિરુદ્ધ સ્વભાવવાળો, કૃપણ, તામસી તથા દુરાચારી હોય છે; તથા જ્યાં બન્ને સ્ત્રી ને પુરુષ સમાન ગુણરૂપવાળાં, મળતા વિચારવાળાં, વિચક્ષણ અને સુશીલ હોય છે ત્યાં કાંતો નિર્ધનપણું હોય છે; કાં એના આયુષ્યનો જ અભાવ હોય છે. માટે વિધાતાની કૃતિજ વિચિત્ર હોય છે.

રવિદત્ત—હે સુંદરી ! હવે આપણે બન્ને એક બીજા પાસે

થયેલી વાતને સંભારી સંભારીને પશ્ચાતાપ કરીશું તેમાં શું વળશે? આ તો એવું થયું કે સોનું જાણીને સંગ કર્યો પણ કર્મે નિકળ્યુ કથીર. માટે પાણી પીધા પછી ઘર પૂછવું શા કામનું? હવે તો જે છે તે એ છે. કાંઇ કુંભારના ઘરનું હાંડલું નથી કે બદલાવી લાવીએ. માટે હવે આપણે જેમ જેમ પરિતાપ કરીએ ને ગદાધરના દોષ વિચારીએ તે સાંભળીને દીકરી **મનોરમા** બીચારી મનમાં મુંઝાયાં કરે. આપણે તો એક બીજા પાસે વાત કરીનેય મન વાળીએ પણ **મનોરમા** બિચારી આ પોતાના દુઃખની વાત કોની પાસે કરે?

માટે હવે તો જે બન્યું તે બન્યું. હવે તો જે તે પ્રયત્ને તે સુધરે તો સુધારવાનો પ્રયત્ન કરવો એ જ આપણું કર્તવ્ય છે.

પછી વળી બીજે દિવસે સવારમાં પોતાના ધર્મ-કર્મથી પરવારી બીજા નવા આવતા યજમાનોના પત્રો આવ્યા હતા માટે તેમને લેવા સારું સામા જવામાટે રવિદત્ત લૂગડાં પહેરીને જવા તૈયાર થયા ને ઘોડાને પોતાની પાસે પલાણ માંડવા સારું મંગાવવા ગદાધરને કહ્યું કે **सैंधवमानय प्राज्ञ!** (હે પંડિત! સૈંધવ લાવો.) હવે આ ઠેકાણે રવિદત્તને પ્રયાણ કરવાનું છે તેથી ખાસ ઘોડાની જ જરૂર છે એવો યોગ્ય અર્થ ના કરતાં ઉલટો અર્થ કર્યો કે, સૈંધવ એટલે સિંધુ-સમુદ્રના જળથી થનારું મીઠું માગે છે, તેથી ખાંડેલું મીઠું એક પોશમાં લઇને **ગદાધર** આવ્યા ને હસતાં હસતાં બોલ્યા કે,

आनितं कुट्टितं सैंधवं भक्षय।

(હે પુરોહિતજી! ખાંડેલું મીઠું લાવ્યો છું માટે ફાકો) એ સાંભળી **રવિદત્ત** તેના બોલવા સામી બેદરકારી બતાવીને ચાલ્યા. ને મનમાં વિચાર આવ્યો કે આને હજુ કહેતાં સમજાવતાં છતાં પણ સમજણ પડતી નથી.

તે પછી કેટલાક દિવસે પુરોહિત **રવિદત્તનાં** પુત્રી **મનોરમાને**

રજોદર્શન થયું. (નાવણુ આવ્યું.) તે જાણીને **મુક્તાબાઇ** તથા **રવિદત્ત** વગેરે બહુ પ્રસન્ન થયાં. પછી તે પ્રસંગે શાસ્ત્રવિધિ અનુસાર ઋતુમતિને ચાર દિવસો વ્યતીત થયા બાદ સારા મુહુર્તના દિવસે ગૃહશાંતિપૂર્વક રજોદર્શન શાંતિ–ભુવનેશ્વરી શાંતિ કરવાનું ધારી, પોતાની જ્ઞાતિને હર્ષભોજન કરાવ્યું. બ્રાહ્મણોમાં ઘણે ભાગે વિદ્વાન વર્ગ તથા કાશી જેવા પવિત્ર સ્થળ વાસી બ્રાહ્મણોમાં રજોદર્શન પહેલાં પુરુષોને સ્ત્રીસંગમ કરવાનો પ્રથા હતો નહિ. તેથી પૂર્વોક્ત શાંતિ થયા પછી **મનોરમાને** પોતાના પતિ સાથે નવ સંગમ કરવાનો–તથા **ગદાધરને** પોતાની પ્રિયતમાવિષે ગર્ભાધાનસંસ્કાર કરવાનો સમય પ્રાપ્ત થયેલો જાણી નિશ્ચય કરેલા દિવસે **મનોરમાને** મંગળ સ્નાન કરાવ્યું. તથા રાત્રીના સમયે ગદાધરના મકાનમાં સર્વ પ્રકારની અનુકૂળતા તથા રોશની કરાવાની **રવિદત્ત** ભણીથી ગોઠવણ થઇ. ને **મનોરમાની** સખીઓએ **મનોરમાને** સર્વ શણગારો સજાવી તાંબુલ ચંદન અને પુષ્પમાલાદિ સહિત પોતાના સ્વામીની સેવા કરવાની પ્રેરણા કરી, **ગદાધરના** શયનભવનમાં મોકલી. ને તેમાંની એક ચતુર સખીએ **ગદાધરને** કહ્યું કે પંડિતજી! તમે જાઓ હવે તમારા શયનભવનમાં પણ ડાહ્યા થજો; ને સમજીને ચાલજો. અત્યારે પુરુષોમાં તમે ખરા ભાગ્યશાળી ને પુન્યવાન છો.

તે પછી **ગદાધર** તો પોતાના શયનભવનમાં ગયા કે તુરત તે અતીવ સુંદર **મનોરમા** પોતાનું દેદીપ્યમાન અને કેશરચના લલામ લલાટનો ચાંડલો, નેત્રાંજન, નાસાભૂષણ રંગિત દંત પંક્તિ અને તાંબુલથી શણગારેલું વદનકમળ એક મોટા દર્પણમાં નિહાળતી હતી. તેમાં પડેલા મુખચંદ્રનું પ્રતિબિંબ ઓચિંતુ **ગદાધરના** જોવામાં આવ્યું કે તુરત જેમ વાદળમાં ઢંકાઇ ગયેલા મધ્યાહ્નના સૂર્યનું પ્રતિબિંબ ઓચિંતું દેખાતાં દિવસાંધ પ્રાણીઓનાં નેત્રો મીંચાઇ જાય તેમ **મનોરમાના** મુખકમળનું પ્રતિબંબ જોતાંજ અકસ્માત્ સભય બની **ગદાધરજી** તો બહાર નીકળ્યા. ને તે દિવસે સાંજના સમયે સાયંકાળનું

સંધ્યાવંદન કરવા ગંગાજીમાં નાહીને આવતા હતા ત્યાં એક સન્યાસી વિરાગજનક શ્લોકનો ઉચ્ચાર કરતા જતા હતા તેનું વચન ગદાધરની જીહ્વાપર ચઢી બેઠું હતું; તેથી તેનો ઉચ્ચાર જીભમાં આરૂઢ થઈ રહ્યો હતો ને આજે અહિં પણ એને મળતો પ્રસંગ છે, તેથી જ્યારે તે શયનભવનમાંથી બહાર નિકળ્યા ત્યારે **મનોરમા**ની સખીએ તેને તુરત કહ્યું કે કેમ કેમ પંડિતજી! ત્યાં કાંઇ ના જોયું?

ગદાધર—જોયું, જોયું.

સખી—શું જોયું તે? ત્યાં તો અમૃત છે.

ગદાધર—અમૃત નથી ત્યાં તો મારો મૃત્યુ છે.

સખી—એમ કેમ?

ગદાધર— **यत्रास्ति रमणी मरणं हि तत्र।**

(જ્યાં સુંદર સ્ત્રી છે ત્યાં મરણ રહેલું છે.) આ વાક્યનો યથાર્થ અર્થ વિરાગીને માટે એવો કરવાનો છે કે સુદૃઢ વિરાગીએ જ્યાં એકાંતમાં સુંદર સ્ત્રી હોય ત્યાં પોતાનું મરણ જાણીને જવું નહિ; પણ આ વાક્ય વિરાગીને માટે છે.

આ વચન સાંભળી **મનોરમાની** ચતુર સખી ઉદાસ બની ગઇ કે મારી હોંસીલી અને વિચક્ષણ સખીનો પતિ રસજ્ઞ નથી. એવો વિચાર કરી તે તો ત્યાંથી **મુક્તાબાઇ** પાસે જઇને બેઠી.

પછી **મુક્તા**એ તે **મનોરમા**ની સખીને કહ્યું કે બેન તું આજ મારી પાસે સુઇ રહેજે. ને તારી મા તને બોલાવશે તો હું તેમને પ્રત્યુત્તર આપીશ, કે **સુનયના**ને મારે કામ હતું માટે રાખી હતી.

સુનયના—ભલે ત્યારે પણ હું મારી માને કહિનેજ આવું; કે **મુક્તામાસી** મને આજ તેમની પાસે રહેવાનું કહે છે.

મુક્તા—ચાલ્ય હું તારી સાથે આવું ને હુંજ તારી માને કહું.

પછી તે બન્ને જણું **રવિદત્તને** ઘેર આવી વાતો કરવા લાગ્યાં ને **મુક્તાએ સુનયનાને** કહ્યું કે બેન આજની રાત મારી **મનોરમાને** સુરતક્રીડાનો પહેલો પ્રસંગ છે તેમાં **જમાઇ** બુદ્ધિ વિનાના છે; માટે આજની રાત નિર્વિઘ્ન જાય ત્યારે મને નીરાંત વળે. માટે બેન તું મારી પાસે રહી તે સારું થયું.

એવામાં તો ત્યાં ઇદં તૃતીયં જાગ્યુંજ.

મનોરમાનું સૌંદર્ય જોતાંજ અંજાઇ ગયેલો **ગદાધર** બહાર આવી શયનભવનનાં કમાડ બંધ કરી, એકાંતે બેસી વિચાર કરવા લાગ્યો ને તેને એક શાસ્ત્ર વચન સાંભરી આવ્યું કે **कान्ता रूपवती शत्रुः** (રૂપાળી સ્ત્રી પુરુષનો શત્રુ ગણાય છે) માટે આવી રૂપાળી સ્ત્રી સાથે મારાથી રંગભોગ કેમ રમાય ? રૂપાળી સ્ત્રીનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે. ત્યારે હવે શું કરવું ? વળી શાસ્ત્રમાં એમ પણ કહ્યું છે કે **असंभोगो जरास्त्रीणां** (સ્ત્રીનો સંભોગ ન કરવો તે સ્ત્રીનું ઘડપણ ગણાય છે.) તથા પરાશર સ્મૃતિમાં કહ્યું છે કેઃ—

ऋतौ स्नातां तु यो भार्यां संन्निधौ नोपगच्छति ।
घोरायां भ्रूणहत्यायां युज्यते नात्र संशयः ॥
अदुष्टापतितां भार्यां यौवने यः परित्यजेत् ।
सप्तजन्म भवेत्स्त्रीत्वं वैधव्यं च पुनः पुनः ॥

ભાવાર્થ—જે પુરુષ રજોદર્શન થયા પછી નહાયેલી સ્ત્રીની પાસે સુરતક્રીડા માટે નથી જતો તો તે ભયંકર ભ્રૂણહત્યાનું પાપ ભોગવે છે; એમાં કાંઇપણ સંશય નથી. જે પુરુષ અદુષ્ટ એટલે કોઇ પ્રકારના દોષ વિનાની ને અપતિત થયેલી એટલે ન્યાત બહાર થયેલી નથી એવી સ્ત્રીનો દ્વેષથી યૌવનપણામાં ત્યાગ કરે છે તેને સાત જન્મ સુધી સ્ત્રીનો અવતાર પ્રાપ્ત થાય છે, ને તેમાં ફરી ફરીવાર વૈધવ્ય પામવું પડે છે.

ગદાધર [સ્વગત. ઓય ! ઓય ! આતે કાંઈ શાસ્ત્રવાળાએ પુરુષોને માથે ઓછો બોજો મેલ્યો છે! ને ઓછું કષ્ટ બતાવ્યું છે ? તો હવે મારે શું કરવું ? હે જગતના ધણી ઈશ્વર ! તારે જો રૂપવતી સ્ત્રી આપવી હતી તો આ **મનોરમાને** કોઇ ચક્રવર્તી રાજાને ત્યાં અવતાર આપવો હતો. કે તે બિચારી ઉંચા પ્રકારના વૈભોગથી સુખી થાત. કાંતો તેને ઇંદ્રના કે **બ્રહ્માના** લોકમાં જન્મ આપવો હતો. અરે રે ! બીચારી **પાર્વતી, લક્ષ્મી** અને **ઇંદ્રાણીને** પણ લજવે એવી **મનોરમાને** હે અજ્ઞ ! વિધાતા મારા ભાગ્યમાં કયાંથી નીરમી. આતે શું ? આને તે હું **ઉર્વશી** કહું ? **રંભા** કહું ? **તિલોત્તમા** કહું ? **મેનકા** કહું કે આ મારી પ્રાણ પ્યારીને હું કહું શું ? મારા તુચ્છ ભાગ્યમાં આવી સ્ત્રી હોય ? હાય ! હાય ! એક રામચંદ્રજીને બિચારાને ઘણાં રૂપાળાં સીતાજી જેવાં પત્ની હતાં તેથીજ દુષ્ટ રાવણ હરણ કરી ગયો હતો. અને સીતાના શોધમાટે તથા લંકામાં યુદ્ધ સમયે અસહ્ય કષ્ટો ભોગવવાં પડયાં હતાં. એ બધો અતિ રૂપવાળી સ્ત્રીઓનો પ્રભાવ. એટલા માટે તો રાવણે હરણ કર્યા પછી રામચંદ્રજી રુદન કરતાં બોલ્યા છે કેઃ—

> सगराद् सागरः कीर्तिर्गंगा कीर्तिर्भगीरथात् ।
> अस्माकमीदृशी कीर्ति रेका भार्या न रक्षिता ॥

ભાવાર્થ:—સાગર ઉપરથી સગરની કીર્તિ ગવાય છે. ગંગાજીના નામથી ભગીરથની કીર્તિ કથાય છે ને એક સ્ત્રીનું પણ રક્ષણ ન થયું અર્થાત્ રાવણે સીતાજીનું હરણ કર્યું એ ઉપરથી મારી અપકીર્તિ લોકમાં ગવાય છે. તો વળી મારી **મનોરમાનું** કોઇ હરણ કરી જાય તો મારી સાસુ **મુક્તા** તથા **રવિદત્ત** મને જીવતોય ન રહેવા દે. દેવગુરુ **બ્રહસ્પતિની** સ્ત્રી **તારા** રૂપાળાં હતાં તો **તેના**

ઉપર ચંદ્રે કાંઇ જુલમ કરવામાં બાકી રાખ્યો હતો? અરે બિચારા ગૌતમજેવા તપસ્વી ઋષિને ત્યાં પણ કાંઇ ઈંદ્રજેવા લંપટે અહલ્યા ઉપર જુલમ કરવામાં કાંઇ કચાશ રાખી હતી? જ્યાં જ્યાં ઇતિહાસોમાં જોઇએ ત્યાં સ્ત્રી, ધન અને ભૂમિના સંબંધથી જ ક્લેશ થાય છે. રૂપાળી સ્ત્રીના ધણીનો જીવ ઘણો જોખમમાં રહે છે. લંપટ પુરુષો ધણીને મારીને સ્ત્રીને લઇ જાય, હરણ કરે, ઉપાડી જાય, બળાત્કાર ગુજારે, આવા બનાવો મેં તો ઘણા ઘણા સાંભળ્યા છે. માટે ભાઇ! હવે જે થવાનું હોય તે થાય. આવી રૂપના ભંડારરૂપ મનોરમાજેવી સ્ત્રીનું તો મારાથી સંરક્ષણ થાય જ નહિ, માટે હું તેનો ભોગ કેવી રીતે કરી શકું? જો મને પહેલી ખબર હોત તો હું મનોરમા સાથે પરણતજ નહિ. આતો હવે મારે મોટી આપત્તિ આવી પડી. આવી સુંદરી સાથે પ્રેમ: જોડીને હું રહું ક્યાં? આવી સ્ત્રીઓ તો કોઈ બળ સત્તાવાળા અથવા ધનવાનને ઘેર જ શોભે. આવી રૂપવતીઓ જ્યાં બહાર નિકળે કે તુરત લંપટોનાં કટાક્ષશસ્ત્રો સ્ત્રીયોને ઘાયલ જ કરી નાખે. મારે કદાચ મારા ગુજરાતમાં જવું પડે ને હું અરણ્યમાં થઇને ચાલવા માંડું તો મારી મનોરમાને જરૂર કોઇક પાપી પુરુષ ઉંચકીજ જાય તો હું મારી જીવન મુડી ગુમાવી બેસું. એતો હવે ઠીક પણ મારે અત્યારે શું કરવું? હવે હું શું કરું? કે મનોરમા ઉપર રહેલું જોખમ પણ મટે ને મારો અખંડ પ્રેમ મારી પ્રાણપ્રિયા સાથે જોડાય. એવામાં વળી એક સાહિત્ય શાસ્ત્રનું વચન સાંભરી આવ્યું કે नासिका ; समंडनम् (મોનો શણગાર અથવા મુખની શોભા નાક ગણાય છે.) માટે જેમ કોઇ ચિત્તાકર્ષક પદાર્થ હોય ને તે પર મલિન માણસોની કુદૃષ્ટિ પડવાથી તે મોહક અથવા ચિત્તાકર્ષક પદાર્થો ઉપર લોકોની પહેલી દૃષ્ટિ એ ચી લેવા

એટલે ગળીના દોરાથી અથવા કોયલાથી કલંકિત કરવા પડે છે. જેથી તે પદાર્થોમાં કાંઈ વિક્રિયા થતી નથી. જેમકે સુંદર સુકુમાર બાળકને ગળીથી રંગેલા કાળા દોરડા બાંધવામાં આવે છે, દાંતની ચૂડીઓને કાળુ સૂત્ર બાંધવામાં આવે છે, તથા દૂધપાકના તાવડામાં દૂધને મલિન-દષ્ટિનો વિકાર ન થવામાટે તેમાં કોયલો નાખવામાં આવે છે. બાળકોના કોટમાં કાળાં બજરબુટ્ટાં પહેરાવાય છે તથા કેટલીક ગૌર સ્ત્રિયો ખડગની કાળી વિંટીઓ પહેરે છે.

માટે જો આ મારી રતિ કે રંભાજેવી **મનોરમા** જરા કલંકિત થાય તો તેના ઉપર રહેલો તેની ને મારી જાતનો ભય નિવૃત્ત થાય. ત્યારે શું કરવું? કે, તેના મુખની ને રૂપની શોભાનું કારણ તેની ઉન્નત અણિદાર અને સુંદર નાસિકા છે, કે જેને લઇ વદન-કમળની શોભા અનુપમ લાગે છે; માટે તેનો નિષેધ કરવો. અર્થાત્ તે નાક વિનાની થતાં કદ્રૂપી ગણાશે, પછી કોઈ પણ માણસ તેના સામું જોશે નહિ; માટે હવે ઝટ તેને નાક વિનાની કરવી. મારે પ્રથમ તેનું નાક કાપી નાંખી ને પછી ખુબ અત્યંત પ્રીતિથી તેની ભેટ લઈ સુખપૂર્વક તેની સાથે રતિવિલાસ કરવો. એ પ્રમાણે નિશ્ચય કરીને ઉઠયો, અને શયનભવનનાં કમાડ ઉઘાડીને જોયું તો અતિ રમણીય તથા પૂરા પુણ્યવાન પુરુષોનેજ પ્રાપ્ત થાય એવા અભિસારિકા (ધણીના મનનું અભિષ્ટ સિદ્ધ કરવા આવેલી)રૂપે આવેલી **મનોરમા** રાત્રિ વિશેષ જવાથી અને માથે અધિતમૂર્ખ (ભણેલો મૂર્ખ)પતિ પ્રાપ્ત થવાથી નિરાશ થઇને ઉંઘી ગઇ હતી. ને તેને તો ગાઢ સુષુપ્તિ નિદ્રા ચાલતી હતી તે જોઈ **ગદાધરે** વિચાર્યું કે અત્યારેજ ધારેલું કામ સાધવાનો સમય છે પણ શસ્ત્ર જોઇએ, પછી ત્યાં બીજું તો કાંઈ હાથ ન આવ્યું પણ એક જૂની બુઠ્ઠી કટાએલી સૂડીનો ધારવાળા ભાગનો એક કટકો કંઈ રખડતો હસે તે હાથ આવ્યો. તે હાથમાં લઇ શયનભવનમાં ગયો ને ત્યાં બિચારી સુખપૂર્વક નિદ્રા લેતી મનો-

રમાને જોઇને તેનું જમણા હાથે ચપરીને નાક પકડયું; ને ડાબા હાથે સુડીના ધારવાળા ભાગથા નાક કાપવા માંડયું. એટલે નાક દબાવાથી શ્વાસોશ્વાસ અકળાતાં તે બિચારી ચમકીને જાગી ગઇ, ને બોલી કે આ શું ?

ગદાધર—હે સુભ્રૂ (સુંદર ભ્રૂકુટિવાળાં) ! તમે જરા પણ ગભરાશો કે બીશો નહિ. હું બીજો કોઈ નહિ, પણ તમારા અધરામૃતનું આસ્વાદન કરવા આતુર બનેલો ભ્રમર ગદાધર.

મનોરમા—આ શું થાય છે ? મને મારી નાંખવી છે ?

ગદાધર—અરે પ્રાણપ્રિયા ! એવું શું બોલો છો ? જેમ ચંદ્રના બિંબમાં મૃગલાંછન હોય છે તેમ તમારા સૌંદર્યમાં પણ આ ઉંચી અણિદાર અને સૂક્ષ્મછિદ્રોવાળી નાસિકા છે માટે જરા તે કાપી નાખી તમને નિષ્કલંક કરી તમારી સાથે હું મારો મનોત્સાહ પુરો કરીશ. આ નાક એજ તમારા રૂપની વૃદ્ધિ દેખાડનારો મહાન્ દોષ છે, તેનું વારણ કરી તમને નિર્ભય કરવા માટે હું તમારું નાક કાપું છું.

મનોરમા—હીઃ. તે બેઠી થવા ઘો આઘા જાઓ.

ગદાધર—ભલે લ્યો થાઓ બેઠાં ને જરા સાવધાન થઇ નાક કાપી લેવા ઘો.

મનોરમા—મારું નાક તમને શું નડે છે ?

ગદાધર—શશીવદના ! તમે સૌંદર્યથી ભરપુર છો, ભલભલી દેવાંગનાઓ તથા પાર્વતી અને લક્ષ્મીજીને લજાવો એવું તમારું અનવધી રૂપ છે, તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે '**कान्ता रूपवती शत्रु** (રૂપાળી સ્ત્રી ધણીનો શત્રુ ગણાય છે.) માટે તમારા સૌંદર્યમાં આ તમારી ઉન્નત અણિદાર અને સૂક્ષ્મ છિદ્રોવાળી નાસિકા અતિશય અનુપમ દેખાય છે. જે એ તમારા ગૌર અને પૂર્ણ ચંદ્ર સરખા મુખ પ્રતિબિંબમાં અપાર વધારો કરે છે. માટે જરા તમારી નાસિકા કાપી લઈ જરા રૂપમાં ન્યૂનતા–વિરૂપતા કરી તમારી સાથે હું

પૂર્ણ પ્રીતિથી રમણ કરી તમારી સર્વ અપેક્ષા પૂર્ણ કરીશ. માટે કમળનયના! જરા મને નાક કાપી લેવા ઘો.

મનોરમા—મારે તો વધારાનું નથી.

ગદાધર—એ ખરું, પણ તમારા રૂપમાં જરાપણ ન્યૂનતા કર્યા વિના ચાલે કેમ? જુઓને **સીતાજી**નું હરણ **રાવણે** કર્યું તે ઘણા રૂપને લીધે. **દ્રૌપદીને કૌરવોએ** મહાકષ્ટ આપ્યું તે પણ રૂપનેજ લીધે. ગૌતમના ઘરમાં ઈંદ્રે પ્રવેશ કર્યો તે પણ **અહલ્યાના** રૂપનેજ લીધે તથા **બૃહસ્પતિની** સ્ત્રી **તારાનું** ચંદ્રે અપહરણ કર્યું તે પણ રૂપનેજ લીધે, ને બીજો પણ જગતમાં કલેશનો સદ્ભાવ જણાય છે તે પણ સૌંદર્યને લીધેજ. રૂપને લીધે દેવ, દૈત્ય અને માણસોમાં પરસ્પર કુસંપ કલેશનો વધારો થાય છે માટે તમે મારું તથા તમારું શુભ ઇચ્છી નાક કાપવા ઘો. દેવી! હું તો એક ગરીબ બ્રાહ્મણ છું, મારી પાસે કાંઇ પણ બળ, સૈન્ય કે સત્તા નથી; જેથી હું તમારું રક્ષણ કરી શકું. મારા મોપર કોઈ એ ધોલો મારીને તમને લઈ જાય તો મારે તો વિના મોતે મરવું પડે.

મનોરમા—જેણે આપ્યું છે તે તેનું સંરક્ષણ કરશે.

ગદાધર—ના, એમ નહિ ચાલે; પણ હું તો કાપી નાખીશ. એમ કહી **મનોરમા** પાસે જઇ ફરીવારકું નાક પકડી લઈ કાપવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેથી **મનોરમા**એ મોટા સાદે બૂમો પાડી કે આ મારે! ઓ બાપરે! કોઈ દોડજો દોડજોરે મારું નાક કાપી નાખે છે. એવી ચીસની સાથેજ **મુક્તાબાઈ** તથા **સુનયના** આવી પહોંચ્યાં. **રવિદત્ત** તથા આસપાસનાં માણસો દોડી આવ્યાં ને ગદાધરને મુક્તાએ કહ્યું કે નહિ, નહિ, નહિ. પંડિતજી! ઉઘાડો ઝટ નહિ તો કાંઇ કહેવું પડશે. માણસો ભેગાં થઈ ગયાં જાણી **ગદાધરે** કમાડ ઉઘાડયાં ને **મનોરમા** ઝટ ત્યાંથી ઉઠી પોતાની મા **મુક્તાબાઈને** ગળે બાઝી પડી ને ખૂબ રોવા લાગી, તથા માબાપે કેવળ કુળને બોળી

દીકરીને પરણાવી, તેનું જે અનિષ્ટ પરીણામ આવ્યું તેનું પ્રત્યક્ષ દર્શન કરાવવા લાગી.

તે પછી **રવિદત્તે** ત્યાં આવી નાક કાપવાનું કારણ **ગદાધરને** પૂછ્યું. ત્યારે તે બોલ્યો કે **પુરોહિતજી**! આપનાં પુત્રી રૂપનો ભંડાર છે; ને **कांता रूपवती शत्रु** (રૂપાળી સ્ત્રી પતિનો શત્રુ ગણાય છે) એવું શાસ્ત્ર વચન છે. તેથી હું તમારાં પુત્રીનું નાસિકા છેદન કરતો હતો. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે **नासिका मुखमंडनम्** (નાક છે તે મોની શોભા છે) માટે જરા નાક કાપી હું તેમની સાથે ગૃહસ્થાશ્રમ કરત, પણ તેમણે તે વાત ના માનતાં બૂમો પાડી, કહો ? એમાં કોનો દોષ છે ?

રવિદત્ત—ભાઈ! દોષ મારા ભાગ્યનો, બીજા કોઇનો નહિ. હવે હું તમને કહું છું કે તમારા ભાગ્યમાં સુખ નથી; પણ તમે જે ગામમાં જન્મ ધર્યો છે ત્યાં જઇ રખડી ખાઓ, એવું તમારું ભાવી સૂચવે છે. તમને સુધારવા તથા સમજણ આપવામાં મેં જે જે શ્રમ લીધો તે સર્વ મારો નિરર્થક ગયો છે. આજે તમે મારી પુત્રીનું નાક કાપવા ઉભા થયા ને કાલે મારી નાખવા તત્પર થાઓ, એ શા કામનું ? મારે તો પહેલી મારી દીકરી ને પછી તમે; માટે કાલથી આ ઘરમાં તમારે ના રહેવું. આટલો બધો દેશ પડયો છે ગમે ત્યાં રખડી ખાઓ. હું એમ જાણીશ કે મારી પુત્રી કુંવારીજ હતી. અને કુમારીકા સ્થિતિમાંજ તેણે જીવન નિર્ગમ્યું હતું. માટે કાલે મારું ઘર તમારે છોડી દેવું.

ગદાધર હતા તો અધિતમૂર્ખ તોપણ ટેકવાળા ને રીસાળ હતા તેથી બોલ્યા કે ત્યારે કાલે પ્રાતઃકાળમાં અહીંથી મારું પ્રયાણ સમજજો.

પછી **રવિદત્તે** પોતાની સ્ત્રી **મુક્તાને** કહ્યું કે આના ઉપર મને મનમાં દયા છે, પણ આટલા દિવસ સુધી તે જરા પણ ના સુધર્યો, માટે પ્રદેશની મુસાફરી કરવા દેવી જોઇએ. માટે કાલે જાય તો ના ના કહેવી; ને જવા દેવો. અને થોડું ઘણું પાથેય (માર્ગમાં

ખાવા સારું ભાતું) કરી આપજો. તેથી મુક્તાબાઇએ તો કાંઇ મગજ પુરીઓ તથા સુખડી વગેરે કરી એક મોટો દાબડીઓ તૈયાર કરી મેલ્યો.

બીજે દિવસે વહેલા ઉઠી ગદાધરતો સ્નાન સંધ્યાદિથી પરવારી રવિદત્ત તથા મુક્તાબાઇને મળી પ્રણામ કરી પોતાના ખડીઆ પોટલીઆ લઇ પંથે પ્રવર્ત્યા. ત્યારે મુક્તાબાઇએ પણ પાથેય (ભાતુ) નો દાબડો આપ્યો તે લઇને ચાલ્યા ત્યારે રવિદત્તે તથા મુક્તાએ કહ્યું કે પંડિતજી! પાછા ડાહ્યા થઈને વહેલા પધારજો.

ત્યાંથી ગદાધર તો ચાલ્યા. તે લગભગ ચાર દિવસ સુધી લાગલાગટ ચાલ્યા તે આશરે ચાળીશ પચાસ ગાઉનો માર્ગ કાપ્યો. તેટલામાં એક કુંદનપુર નામે મોટું નગર આવ્યું, ત્યાં બેત્રણ દિવસ રહી થાક ઉતારી બીજે દિવસે પ્રાતઃકાળમાં પ્રયાણ કરવા તત્પર થયા. ત્યાં મનમાં વિચાર કર્યો કે મારી પાસે સહિત્યપ્રકાશનું પુસ્તક છે તેમાં લાવ્ય જોઉં. પછી ત્યાં બેસી પોતાની પોટકીમાંથી પોથી કાઢી પુશ્તકમાં જોયું તેમાં નીચેનો શ્લોક વાંચવામાં આવ્યોઃ—

एकस्तपो द्विरध्यायी त्रिभिर्गीतं चतुः पथं ।

सप्त पञ्च कृषीणां च संग्रामो बहुभिर्जनैः ॥

ભાવાર્થઃ—તપ કરવું તે એકલાએ, અધ્યયન કરવું તે બેજણે, ગાવું તે ત્રણ જણે, ને પ્રયાણ કરવું કે પંથ કરવો તે ચાર જણે, ખેતી કરવી તેમાં સાત કે પાંચ મળીને, અને સંગ્રામ (યુદ્ધ) કરવું તે ઘણા માણસનો સમૂહ ભેગો થઇને કરવું.

તો મારે તો અત્યારે પ્રયાણ કરવું છે, માટે ચાર જણનો સંગાથ મળ્યે પ્રયાણ કરવું. એવામાં તે ગામમાં કોઇનું મરણ થયું હતું તેથી ચાર યુવાનો શબની (મુડદાની) પાલખી ઉંચકી જતા હતા. ભાર વધારે લાગવાથી ને બીજા માણસો પાછળ રહેવાથી તે ચારજણ દોડતા હતા તે જોઇ તેમની સાથે ત્યાં ગદાધરે પણ પાછળ દોડવા માંડયું. એવામાં એક નદી આવી જેના કીનારેજ

સ્મશાન હતું. તેથી ગદાધર પણ તે નદી કીનારે આંબા એક વૃક્ષ પાસે બેઠા. એવામાં ત્યાં એક કૂતરો આવ્યો તેને જોઇને પાસેનું પુસ્તક કાઢયું તેમાં એવું શાસ્ત્રવચન નિકળ્યું કેઃ—

उत्सवे व्यसने चैव दुर्भिक्षे राष्ट्रविप्लवे ।

राजद्वारे स्मशाने च यस्तिष्ठति स बांधवः ॥

ભાવાર્થઃ—ઉત્સવના પ્રસંગમાં, દુઃખના વખતમાં, દુકાલમાં, રાજસંબંધી વિપત્તિ આવી હોય તેમાં, રાજ્યદ્વારમાં અને સ્મશાનમાં જે પોતાના મિત્રની સંભાળ લે તે ખરો બાંધવ, મિત્ર અથવા ભાઇ જાણવો.

માટે આ સ્મશાન ભૂમિમા આણે મારી સંભાળ લીધી માટે એ મારો ખરો બંધુ થયો, માટે હવે શું કરવું? એ પ્રમાણે વિચારતાં પુસ્તક ખોલ્યું ત્યાં વચન નિકળ્યું કે "**बंधुभिःसह भोजनम्** (બંધુઓની સાથે ભોજન કરવું) પણ અહિં તો આ એકજ છે તો હવે હું એની સાથે બેસી ભોજન કરું. એમ ધારી નદીમાં જઇ નાહિ આવ્યા, ને ભાતાનો દાબડીઓ ઉઘાડી કૂતરાને મગજ પુરીઓ તથા સુખડી નાંખી પોતે પણ યથારુચિ ભોજન કર્યું. તેટલામાં નદીની સામી પારથી એક સાંઢણી ઉતાવળથી દોડતી આવી તેની કોટના ઘુઘરમાળનો ખણખણાટ સાંભળીને ગદાધર જોઇ રહ્યા. ને તેની ઉતાવળી ચાલ જોઈ મનમાં ધાર્યું કે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે **धर्मस्य त्वरिता गतिः** (ધર્મની ગતી ઉતાવળી હોય છે) માટે આ ઉતાવળી ચાલવાળું છે માટે આ પ્રત્યક્ષ ધર્મ પોતેજ છે. પછી મનમાં વિચાર કરવા લાગ્યા કે હવે મારે શું કરવું? ત્યાં શાસ્ત્રવચન યાદ આવ્યું કે **इष्टं धर्मेण योजयेत्** । (ઇષ્ટ વસ્તુની યોજના ધર્મમાં કરવી) [આનો તાત્પર્યાર્થ તો એવો છે કે પ્રિય વસ્તુથી ધર્મ સેવા કરવી] પણ ગદાધરે તો મનસ્વી અર્થ કર્યો કે ઇષ્ટને ધર્મ સાથે જોડવો. પછી પોતે ઉઠયા ને કૂતરાને ઉંચકી સામી પાસથી આવતી સાંઢણીભણી ફેંકયું એટલે સાંઢણી તો બીની ને પાછી પડી તેથી પાણીમાં બેસી ગઇ. ત્યારે

સાંઢણી તો તે કુંદનપુર નગરના રાજાની હતી. તે રાજાના જમાઇને સખત મંદગીના સમાચાર મળવાથી રાજાએ પોતાના ખાનગી કારભારી તથા સેનાપતીને જમાઇની તબીયત જોવા માટે મોકલ્યા હતા. તે જમાઇને મંદગી મટી ગઇ અને સારી રીતે આરોગ્યમાં કુશળ કલ્યાણ છે, એવા સમાચાર લઇને કારભારી તથા સેનાપતી તો આવ્યા છે; છતાં સાંઢણી ગદ્દાધરે કૂતરૂ સામું ફેકયું તેથી ભડકીને બેસી ગઇ તેથી બન્નેનાં બધાં લૂગડાં પલળી જવાથી તેઓ ઘણા ગુસ્સે થયા. ને ગદ્દાધરને બે જણાએ થઈ પકડી બાંધી ગુનેગાર બનાવી સાંઢણી ઉપર ચઢાવી કુંદનપુરમાં આણ્યા. પણ તે સાંઢણી સાથે કારભારી તથા સેનાપતિનાં ઉઘાડાં માથાં ને ભીનાં લૂગડાં હતાં તેથી રાજા રાણીઓ અને સૌ માણસોને મોટી ફાળ પડી કે માઠો પરિણામ આવ્યો છે. પણ ડાહ્યા અને બુદ્ધિમાન્ પ્રધાને આગળથીજ કહી દીધું કે કોઈ ગભરાશો નહિ જમાઇને સારી રીતે આરોગ્યતા પ્રાપ્ત થઇ છે ને સૌ ખુશી આનંદમાં છે. અમારો આ અયોગ્ય દેખાવ તથા ઉઘાડાં માથાં ને ભીન લૂગડાં થયાં તેનું કારણ આ એક રાજ્યનો ગુનેગાર પકડી લાવ્યા છીએ. અમે સામી પારથી નદી ઉતરી આવતા હતા, ત્યારે આ એક ઉન્મત્ત બ્રાહ્મણે સાંઢણીના સામું કૂતરાને ઉંચકી ફેકયું માટે સાંઢણી નદીના પાણીમાં બેઠી, તેથી અમારાં લૂગડાં અને માથાની પાઘડીઓ પલળી ગઇ છે. બાકી જમાઇના તરફના સમાચાર ઘણા સારા છે; ને તેમને વૈદ્યે એક અઠવાડીઆ પછી આપણા ગામની હવા લેવી તથા પાણી બદલો કરવાનો અભિપ્રાય આપ્યો છે, માટે તેઓ પનર વિશ માણસો સાથે અહીં પધારશે. અને એ બાબતમાં એમનાં માતાપિતાએ પણ હા કહી છે; વળી આ તેમનો પત્ર છે. પછી પત્ર આપ્યો અને રાજા રાણી તથા સૌને જમાઇની કુશળતાની ખાતરી થઈ.

તે પછી રાજસભા (કચેરી) નો સમય થતાં રાજદૂતોના જમાદારે અપરાધી રૂપે આવેલા **ગદાધર**ને કહ્યું કે હવે તમારે રાજશાશનમાટે રાજસભામાં જવું પડશે. એ સાંભળતાં પોતાની પાસેનું પુસ્તક કાઢી, તેમાં જોયું તો તેમાં આ પ્રમાણે વચન નિકળ્યું કેઃ—

रिक्त पाणीर्न पश्येत राजानं देवतां गुरुम् ॥

(ખાલી હાથે રાજા, દેવ અને ગુરુનાં દર્શન કરવાં નહિ.)

ગદાધરે મનમાં વિચાર્યું કે ખાલી હાથે રાજાનુ પણ દર્શન ન કરવું તેમજ અત્યારે મારી પાસે કાંઈ સોના રૂપા કે ત્રાંબાની પણ મુદ્રા નથી માટે શું કરવું? ઠીક, પણ ઉપનિષદ્‌ની શ્રુતિમાં ગુરુસમીપ, જવા છેવટે એમ પણ કહ્યું છે કે સમિત્પાણી (હાથમાં કાંઇ સમિધ આદિ લઇને પણ) જવાય, તો રાજા તો સાક્ષાત્ ઇશ્વરતુલ્ય મનાય છે માટે સમિધ હાથમાં હશે તોપણ ચાલશે [પણ વિવેકશૂન્ય **ગદાધર**ને એવું ભાન ના થયું કે રાજાની પાસે કાંઇ શ્રીફળ, સોનામહોર કે રૂપીઓ લઇનેજ જવાય.] પછી જમાદારે તેમને રાજસભામાં હાજર કરવા લીધા ત્યારે તે દિવસે રાજાની વાજીશાળામાં ઘોડાઓને માટે ખીલીઓની જરૂર હોવાથી કાષ્ટની ખીલીઓ છોલાવી તેનો ઢગલો કરી મેલ્યો હતો. તેમાંથી એક ખીલી લઇને ચાલ્યા અને રાજાની સમીપ જઇને સામી પાસ જેમ કાંઇ ભેટ ધરતા હોય તેમ એક લાકડાની ખીલી મેલી. ને પછી નીચે પ્રમાણે સાંભરી આવેલો એક શ્લોક બોલ્યા કેઃ—

पात्रे त्यागी गुणे रागी भोगि परिजनैः सह ।
भावबोद्धा रणे योद्धा प्रभुः पंच गुणो भवेत् ॥

ભાવાર્થ:—પાત્ર પરત્વે દાન આપવું, ગુણવાન્ પુરુષ પાસેથી ગુણોમાં પ્રિતિ રાખી ગુણ ગ્રહણ કરવા, પોતાના સ્વજનો સાથે સંસારના વિભવો ભોગવવા, અને રાજકાર્યમાં અથવા ન્યાય કરવામાં ઝટ

મતલબ સમજવાની શક્તિ મેળવવી અને રણસંગ્રામમાં શૂરવીર બની યુદ્ધ કરવું, આવા પાંચ ગુણોવાળો રાજા હોય.

આ પ્રમાણે ગદાધરનો શ્લોક હતો ને રાજા પોતે વિદ્વાન હતો, માટે તેનો અર્થ સમજવામાં આવતાં ન્યાય કરનારા રાજપંડિત, પ્રધાન અને રાજા તથા સભાસદ સર્વેએ નીચું જોયું. ને કોઇ કાંઇ બોલ્યા નહિ. કારણ કે પંડિત ગદાધરના શ્લોકમાં રાજાનાં લક્ષણમાં **ભાવબોદ્ધા** પદ હતું તેનો અર્થ બધા ન્યાય કરનારા સમજ્યા કે આ કોઈ મોટા રાજ્યનો સારો પંડિત છે તેણે આપણને એવી રીતે બાંધી લીધા કે હવે આપણે એને પૂછીશું કે ઉંટડી ઉપર કૂતરું શું કામ નાખ્યું તથા લાકડાની ખીલી ભેઠ શું કામ ધરી. તો તે કહેશે કે સામાના કૃત્યનો ભાવ સમજવો તે રાજલક્ષણ છે છતાં જો રાજા ના સમજે તો તે રાજા મૂર્ખ ગણાય. તથા રાજાના જે પાંચ ગુણો કહ્યા છે તેમાંની ન્યૂનતા વાળો રાજા ગણાય. ને આ વાત બીજા રાજ્યમાં તે કરશે તો મારી હલકાઇ તથા મૂર્ખતા ગણાશે, એમ જાણી તુરત રાજાએ બોલ્યા ચાલ્યા વિના તેને પાંચ સોના મહોરો આપી ને બીજા રાજપંડિત, પ્રધાન તથા સભાસદો સૌના સામું જોઇને કહ્યું કે કેમ? ત્યારે તે સર્વેએ કહ્યું કે એમજ. પછી ગદાધરને ત્યાંથી રજા આપી તે પછી બધા પરસ્પર મળી વિચાર કર્યો ને એક બીજાને પૂછતાં સૌ એકમત થયા કે **ભાવબોદ્ધા** એ વચન ચતુરાઈ ભરે હતું, તેથી આપણાથી તેને કાંઇ પૂછાયું નહિ ને ન્યાય પણ વિચારવાનો સમય આવ્યો નહિ માટે ગમે તેમ પણ કોઇ પંડિત ચતુર આવ્યો હતો. આ સ્થળે શું બન્યું? તે ગદાધર કાંઇ સમજ્યા નહિ, પણ તે તો પોતાના પ્રારબ્ધથીજ અહીં બચી ગયા.

તે પછી ત્યાંથી આગળ પ્રયાણ કર્યું. ને ગદાધર પંડિત પાસે પાથેય ખૂટી ગયું ત્યારે માર્ગમાં ભિક્ષાવૃત્તિ કરતાં કરતાં કેટલેક દિવસે તે ગુજરાત દેશમાં આવ્યા. ત્યારે ચંપકપુર ગામ તો કોઇ

દેવી ઉત્પાતથી ઉજ્જડ થઈ ગયું છે, ને ત્યાંની વસ્તી બધી વેરાઇ ગઇ છે, એમ સંભળાતાં પોતાના કુટુંબીઓની શોધ કરતાં તાપી કીનારે એક વિલાસપુર નામે ગામ છે ત્યાં પિત્રાઇઓ તથા કુટુંબીઓ રહે છે એવા સમાચાર મળતાં તેઓ ત્યાં ગયા; તોપણ પોતાનું ઘણુંખરું કુટુંબ છૂટક છૂટક વેરાઇ ગયું છે પણ એ ત્રણ પેઢીના પિત્રાઇઓ તથા આશરે ચાળીસ–પચાશેક પોતાની ન્યાતના બ્રાહ્મણોનાં ઘર તે વિલાસપુરમાં હતાં ત્યાં આવી ગદાધર પણ રહ્યા. ત્યાં એક નાનું ઘર ભાડે રાખી તેમાં રહ્યા. ને પોતાની ન્યાતમાં પણ ખાવા ખવરાવવાનો વ્યવહાર બંધાયો. તે વિલાસપુરમાં ગદાધર ઘણે દિવસે આવ્યા તેથી તેઓ કાશીથી ભણી મોટા પંડિત થઇને આવ્યા છે એવી તેમની પ્રખ્યાતિ થઈ તેથી ગામના બ્રાહ્મણોના છોકરાઓ તેમની પાસે વિદ્યાભ્યાસ કરવા આવ્યા તે ગદાધરે તેમને વ્યાકરણ શાસ્ત્ર ભણાવવાનો આરંભ કર્યો. તે પછી પોતાના પિતાની સાંવત્સરી આવી ત્યારે મનમાં વિચાર કર્યો કે હું આ વિલાસપુરમાં રહું છું ને ગામમાં જમવા ખાવા મારે જવું પડે છે, માટે આ સાંવત્સરીને દિવસે પિતાનું શ્રાદ્ધ કરી જ્ઞાતિભોજન કરાવવું એવો પોતાના મનમાં નિશ્ચય કર્યો. પછી મનમાં ગોઠવણી કરવા લાગ્યા કે જ્ઞાતિ ભોજન શાનું કરવું ? એ વિચાર થતાં મનમાંથી તર્ક ઉઠયો કે ગમે તેમ થાય પણ ભોજન કાંઇક નવું કરાય તો ન્યાત જમીને ખુશી થાય ને નવાઇ ગણાય. માટે પુસ્તકમાં જોઉં જોય શું નિકળે છે ? એમ ધારી સાહિત્યસારનું પુસ્તક જોયું તો તેમાં પ્રથમજ એવું પદ વાંચવામાં આવ્યું કેઃ—

घृतं न श्रूयते कर्णे दधि स्वप्नेऽपि दुर्लभम् ।
मुग्धे दुग्धस्य का वार्ता तक्रं शक्रस्य दुर्लभम् ॥

ભાવાર્થઃ—એક પંડિતે પોતાની સુંદર સ્ત્રી પ્રતિ કહ્યું છે કે, જ્યાં ઘીનું નામ તો કાનેય સાંભળવામાં આવતું નથી, ને દહીં તો સ્વ-

મમાં પણ દુર્લભ હોય છે, અર્થાત્ દહીંનું તો સ્વપ્ન પણ નથી આવતું માટે હે મુગ્ધા ! દૂધની તો વાત શી પણ ઈંદ્ર જેવાનેય છાશ ઘણી દુર્લભ છે. અર્થાત્ છાશને દેવો પણ વખાણે છે. તેમજ બીજું પણ શાસ્ત્ર વચન છે કે तक्रान्तं खलु भोजनम् (તક્રાંત ભોજન કરવું અર્થાત્ ભોજનના અંતે છાશ જમવી) અહીં ગદાધરે એવો અર્થ કર્યો કે બધાં ભોજનોમાં છાશ સમાન એકે ઉત્તમ ભોજન નથી.

તે પછી પોતે તે ગામમાં પંડિતરૂપે મનાઇ, બ્રાહ્મણના પુત્રોને ભણાવવાનો પ્રયત્ન ચાલુ કર્યો છે તેથી દસ પંનર વિદ્યાર્થીઓને ભણાવતા હતા. તેમાં પાંચેક વિદ્યાર્થી ઘણા મોટા વયવાળા હતા ને બાકી નાના હતા. તેમાં મોટી ઉમરના તે વીશથી પચીશવર્ષ સુધીના હતા તેમને એકાંતમાં બોલાવીને ગદાધરે પોતાના ગુપ્ત મંત્રની વાત કરી કે જુઓ શાસ્ત્રમાં કહ્યું છે કે षट्कर्णो भिद्यते मंत्रः। છ કાને થયેલો મંત્ર અથવા ગુપ્ત વિચાર નિષ્ફળ થાય છે, માટે તમે પાંચે મોટા વયના ને પાકી સમજણના છો માટે હું કહું છું કે હું તમારો ગુરુ છું, ને તમે મારા શિષ્ય છો ને ગુરુનું કાર્ય સંપાદન કરવું એ શિષ્યોનું કર્તવ્ય છે; માટે તમને વાત કરું છું કે આવતી પોષ વદી આઠમ ગુરુવારી છે આજે પણ ગુરુવાર થયો માટે આવતી આઠમને દિવસે મારા પિતાની સાંવત્સરી છે તે દિવસે મારા પિતાનું યથાશક્તિ શ્રાદ્ધ કરી જ્ઞાતિભોજન કરાવવું છે; પણ મારી પાસે કાંઈ પણ ધન નથી. માત્ર પાંચ સુવર્ણ મુદ્રાઓ પડી છે. પણ તેતો મારી જીવન્મુડી છે માટે તેમાંથી કાંઇ ઓછું કરાય નહિ. કારણ કે હું તમારાં ગુરુપત્નીનો ત્યાગ કરી આ દેશમાં આવ્યો છું છતાં કાંઇ આપત્તિને લીધે મારે તીવ્રતાથી કાશી પ્રયાણ કરવું પડે તો તે પાંચ મુદ્રાઓ વિના બીજો આધાર નથી. ને મારે બ્રાહ્મણોની ન્યાત જાતમાં જમવા ખાવા જવું પડે તો એકાદવારે જ્ઞાતિને જમાડી મારો વ્યવહાર ચાલતો કર્યો હોય તો જગતમાં સારું દેખાય. માટે જ્ઞાતિ

ભોજન કરાવવું. માટે તમે પાંચે જણ ગામડે જઈ ભિક્ષા માગી પંચકણીનો આટો ભેગો કરો ને બે દિવસ પહેલાં રોટલા કરી મેલો ને પછી ટાઢા રોટલા ને છાશ એટલું ન્યાતને પીરસીશું. કાછીઆને ત્યાંથી લીલાં મરચાં ને કોઠાં લાવી ચટણી કરાવીશું. શું કરીએ લાડુ, કંસાર, શીરો, દૂધપાક, પૂરી વગેરે કરવાની મારી સત્તા નથી ને શાસ્ત્રમાં છાશની ઘણી મહત્તા વર્ણન કરી છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે **यथा देहे तथा देवे** જેવું દેહને તેવું દેવને માટે મારી શક્તી છાશ રોટલો ખવરાવવાની છે, માટે જે ખાઇએ તે ખવરાવીએ તેથી ન્યાતને પણ તેજ જમાડીશું. માટે તમે આ વાત તમારી પોતાની જાણી આ અઠવાડીઆમાં દોઢમણ બેમણ આટો ભેગો કરો ને છાશ તે પહેલાં બે દિવસ પહેલી ઉઘરાવજો પણ આપણી આ વાત કોઇ ન્યાતના માણસ કે નાના વિદ્યાર્થીઓને કાને જવા દેશો નહિ. આ પ્રમાણે ગુરુ **ગદાધર**નો ઉપદેશ સાંભળી તેમનું છાત્ર મંડળ (વિદ્યાર્થી મંડળ) કે જે **ગદાધર**ની સમજણ કે સ્વભાવથી વિશેષ બુદ્ધિમાન નહોતું કેમકે **यादृशो गुरुस्तादृशाः शिस्याः** । જેવો ગુરુ તેવાજ શિષ્યોહતા તેથી ગુરુની વાતને સૌએ અનુમોદન આપ્યું. બીજે દિવસે તે પાંચે વડા વિદ્યાર્થીઓ ફરતા ગામોમાં ભિક્ષાવૃત્તિ માટે પહોંચી ગયા તે બે ત્રણ દિવસમાં ત્રણ ચાર મણ પંચકણીનો આટો તથા બે મણેક પરચુરણ દાળ ચોખા વગેરે અન્ન લઇ **ગદાધર** પાસે આવી પહોંચ્યા ને પછી ન્યાત આડા ચાર દિવસથી **ગદાધર**ના રસોડામાં રોટલા ટીપવાનું કામ ચાલું થયું. જ્યારથી **ગદાધર**ને ઘેર રોટલામેલ ચાલુ થઇ કે **ગદાધરે** નાના નાના વિદ્યાર્થીઓને જવાબ દીધો કે હમણાં અનધ્યાયના દિવસો છે માટે પોસવદી આઠમ સુધી ખૂબ રમત ગમત કરી લ્યો. મોટા વિદ્યાર્થીઓએ રોટલામેલનું કારખાનું એવું ચલાવ્યું કે સાતમની સાંજે તે કારખાનાનું કામ સંપૂર્ણ થવાથી બંધ કરવામાં આવ્યું. ને આઠમને દિવસે ગામમાંથી છાશ ઉઘરાવીને

ભેગી કરી, તથા વિદ્યાર્થીઓએ પંચનાં મોટાં વાસણો લાવી ત્રાંબાની કોઠીઓ વગેરેમાં પાણી પણ ભરી દીધું. પછી જ્ઞાતિના માણસોને બોલાવી તેમની આજ્ઞા મેળવી જ્ઞાતિમાં સૌને ઘેર સર્વેજણ નોતરાં ફેરવ્યાં. ગદાધરે વડાવિદ્યાર્થીઓને આજ્ઞા કરી કે ગામની બાગોળે કોઠીઓ ખૂબ છે માટે કોઠાં લાવો તથા લીલાં મરચાં લાવી ચટણી ખાંડી તૈયાર કરો તથા આખાં મરચાં લીલાં તૈયાર રાખજો કે તે શાક સાટે પિરસવા કામમાં આવશે. ગુરુની આજ્ઞા પ્રમાણે છાત્ર મંડળીએ સૌ તૈયાર કર્યું. તે પછી સાંજે સાત વાગે જ્ઞાતિમાં પોતાના વિદ્યાર્થીઓ પાસે જમવાનાં તેડાં કરાવ્યાં.

એવામાં એક **ભીમભાઇ** નામના કોઇ ગૃહસ્થને ત્યાં **ગદાધરની** જ્ઞાતિના **જમીયતરામ** નામના ગૃહસ્થ કે જેમના મોંમાં એક સળગતી બીડી રહેલી છે, ને ધુમાડાના ઉપરા ઉપરી ગોટા નિકળ્યા કરે છે, માથે એક ટોપીને હાથમાં સોટી રાખેલી છે, તે ત્યાં આવી ને બોલ્યા કે કેમ? સાહેબજી શું થાય છે?

ભીમભાઇ—આવોની ભાઈ? અહમણાંજ ઑફીસમાંથી આયવો ને જરા બઇરીને કીધું કે ચાલ જલદી ચા કરી લાવ. મારી તબીયત બિગડી ગઇ છે માથાની ટક્કર ચઢી ગઈ છે. શું યાર? મારે હમણાં સાલો સાહેબ એવો ખરાબ આયવો છે કે જરાબી જંપખાવા દેતો નથી. વારે ઘડીએ ઘુસપુસ ઘુસપુસ કર્યા કરે છે, ને સાત વાગતા સુધીએ ઑફીસ બંધ કરતો નથી. સાલાને રોજ પાંચ વાયગે ઑફીસમાં આવવું ને બીજા નોકરોને રગડવું. બલી આ નોકરી એનાથી તો હજામનો ધંધોબી સારો! એવામાં કોઇ બીજા ગૃહસ્થ ત્યાં આવ્યા કેમ **ભીમભાઇ** સાહેબ ઘરમાં છો કે?

ભીમભાઇ—એ મીસ્તર! આવો આવો. આ જમીયતરામભાઈ બી અહીં બેઠા છે. ને તમે બી આવો.

જમીયતરામ—ત્યારે વારું **ખંડુભાઇ**! ન્યાતમાં તો તેડાં બી

થઈ ગિયાં છે ને બધી બૈરીઓ તો જમવા કારનીએ ચાલી ગઇ છે ત્યારે ચાલોની આપણે બી સૌ જમવા.

ખંડુભાઇ—હું બી એટલા માટેજ આવો છું કે ચાલો સૌ સાથે વેલા છતાં જમી આવીએ. એવામાં કોઇ **ગોપીનાથ** નામના ગૃહસ્થ આવ્યા.

ગોપીનાથ—ત્યારે હેં ખંડુભાઇ! ન્યાતમાં એ સાલા: કાસીવાલાએ હાની ન્યાત કીધી છે ? ને હું જમવાનું કીધું છે ?

ખંડુભાઇ—એ તો હું બી નથી જાણતો.

ગોપીનાથ—હા, પણ જો બરાબર લહેજત ના આવે એમ હોય તો હું તો બૈરીને કહી દઉં કે ચાલ પુરી, દૂધ, કેલાનાં ભજીઆં અને ભીંડાનાં રવાઇયાં તથા મેથીના ગરગોલા તૈયાર કરી દે. ન્યાતમાં હું જમવાનું છે ધૂલ ?

જમીયતરામ—સુકન કરતાં સબ્દ આગલા યાર, એવું હું બોલો છો ? ગમે તેવું પણ કાંઈ ઘરના કરતાં ન્યાતનું ભોજન સારું હશે.

ગોપીનાથ—હમે તો બરાબર ભાંગ બાંગ પી કરીને આયવા છીએ.

ખંડુભાઇ—હું બી ચાકરને માજમ લાવવા પૈસા આપીને આયવો છું.

ભીમભાઇ—અરે તમે સૌ આ એક મે હમણાં મંગાવેલી આકુતી તો લેઈ જુઓ કે લેતાંની સાથે અહીં ને અહીં નીસામાં ચકચુર ને લોટ પોટ થઇ જસો. પછી જુઓ એક ન્યાતમાં જમવાની લહેજત.

એટલામાં એક **સુંદરલાલ** નામના શોકીનોના સરદાર ત્યાં આવ્યા. કમ ભાઈ! અહીઆં કાંથી મીટીંગ જમાવી છે ? એટલામાં **ભીમભાઇએ** તેમને પણ આકૂતી આપી તે જોઈ તેણે કહ્યું કે એતો ઠીક, પણ મને એક મુસલમીએ ભાંગની ભુરકી બનાવી આપી છે તે લઇને હમણાંજ આયવો છું, માટે તમે સૌ પરીક્ષા કરો સ્વાદમાં તો મને ઘણી સારી લાગે છે. પછી તે **સુંદરલાલે** ભાંગની ભુરકી સોને આપી તે લઇ સૌ મંડળી નીશામાં ચકચુર થઇને મગનમાં ગાજતા

લાગ્યા. તે પછી તે સૌ રેશમી પીતાંબરો પહેરી, શાલદુશાલા ઓઢી, હાથમાં જરમનસીલવરના લોટા તથા કાસુંડીઓ લઇ મોંમાં ટીમરુની, ઝીઝીની, કેળની કે કાગળની બીડીઓ તથા કોઇ સળગતી ચીરૂટો રાખી સૌ ચાલુજમાનાના અગ્નિહોત્રી અથવા જંગમજવાળામુખી પર્વતોનાં રૂપો ધારણ કરનારા ભૂદેવો **ગદ્દાધર** **પંડિતને** ત્યાં જમવા ગયા. તે પહેલાં પતિવર્ત્માનુગા (પતિના માર્ગને અનુસરનારી) સૌ જ્ઞાતિની મહિલામંડળી પણ ત્યાં હાજર થઇ ગઇ હતી, કે જેમાંની કેટલીક પ્રૌઢ ઉમ્મરની સ્ત્રીઓએ સાધારણ રીતે અથવા ઉભા વાળ હોળી ને તેમણે પોતાની કેશ રચના કરી લલાટમાં પૂર્ણચંદ્રના જેવા વર્તુલાકાર મોટા અથવા લંબગોળ મોટા ચાંલ્લા કરેલા હતા. તથા કેટલાંકે સુંદર નાકે નથો અથવા ઝીણા કાંટા પહેર્યા હતા. કાને ઝાપ અને કોટમાં મંગળસૂત્રો પહેર્યાં હતાં. તથા પગમાં સાંકળાં તથા બાજરીયાં પહેર્યાં હતાં. ને કેટલીઓએ કાંઇ પણ પહેર્યું નહોતું. ને વસ્ત્રોમાં ગજીઆણીનાં અથવા રેશમી કે કસબી પણ દક્ષિણી ખંડની ચોળીઓ અને મગીઆં અથવા ચંદ્રકળાની જાતની રેશમી સાડીઓ પહેરી હતી. પણ તે સર્વ ઘણાં ગંભીર, પ્રૌઢ અને વિવેક વિચાર સંપન્ન કુલાંગનાઓ તુલ્ય લાગતી હતી. તે વિના બાકીની ઘણી ખરી યુવતીઓ તો ફેશનેબલના સુદૃઢ બંધનોથી જકડાયેલી ભૂલોકની અપ્સરાઓ બની **ગદ્દાધરનું** ગૃહાંગણ શોભાવનારીઓ હતી. તેમાં કેટલીઓએ તો પાઠનાં, મજલીનનાં, ઍાયલનાં, ઇમીટેશનનાં, ઠોરીયાનાં, જામદાનીનાં પોતની અથવા ચીનાઇની રંગ બેરંગી સાડીઓ કે જેના ઉપર ઝુલવાળી કોર્યો ઝીક ભરેલી કોર્યો મખમલપર રેશમભરેલી કોર્યો મેલેલી અને કેટલીક તો વિદ્યુત (વિજળી) ના દીવાની કોર્યોવાળી સાડીઓ પહેરી તથા કેટલીક તો મખમલનાં પોલકાં તેનાપર ઇસ્ટિંબર તથા ઢંઢા અને ઓવાંજ ઉંચાં મોળીયાંવાળાં પોલકાં પહેરી સુંદર ઝુલોવાળા ચણીઆ

પહેરી માંથામાં ઉંચામાં ઉંચા કેશરંજન ઓઇલ, હીરામાણેક ઓઇલ, કામીનિઆ ઓઇલ ! તથા દીલબહાર ઓઇલ નાખી, તથા કેટલીકતો મોગરાનાં, માલતીનાં અને ચંપાનાં તેલો નાખી, માથે ફેન્સી ગુચ્છા પાડીને અથવા વાંકી પાંથીઓ પાડીને વળી તે ઉપર માથામાં ઓટો મોહીનીના આલેપ કરી, કપાળમાં ઝીણામાં ઝીણી ટીપકીઓ કરી નાકે એક મોતીની માણેકની પન્નાની પુખરાજની કે હીરાની એક એક ચુનીની ચુનીઓ પહેરી, પગમાં મખમલની સીપાટો પહેરી, જર્મનસિલવરના લોટા કે કાશંડીઓ લઈ ગદાધરને ત્યાં નવાપ્રકારનું ભોજન જમવા માટે હોંશથી ભરાઇ ગઇ. તેમાં કેટલીક યુવતીઓ તથા આધેડ વયની સ્ત્રીઓની સાથે માતાઓના જેવાજ કેશોની શોભાવાળાં કીકાઓ અને કીકીઓ પણ હતાં. અહીં પણ હવે સાડાનવ અને દશના સુમારે ટાઇમ પણ થઈ ગયો છે, તેમજ પોસ મહિનાનો ઋતુ-પ્રભાવ ચાલતો હોવાથી સીતાદેવીએ (ટાઢે) ખુબ ઉત્સાહથી ઉદાર ચિત્તે પોતાની વ્યાપ્તી દર્શાવી તે નવા જમાનાના જમનાર ભૂદેવો તથા **દેવીપણામાંને ઋષિપત્નીઓ**ના નામમાં **તિરસ્કાર** ભાવના કરનારીતથા **પરીઓ બનવામાં પ્રીતિવાળી** પોતાની મેળે **ભૂલોકની** અપ્સરાઓ બનીને આવેલી **ભૂદેવીઓને** ગદાધરના ઘરનું નવું ભોજન જમવાની તૈયારી સૂચવવા સારું ત્યાં વાયુ દેવતાએ પોતાનું અતિશય શીતળ સ્વરૂપ કરી પોતાના અંગની એવી તો અતિશય વ્યાપ્તી કરી દીધી કે તે સૌ ફેશનેબલ સ્ત્રી પુરુષોનાં અંગો અને દાઢીઓ અત્યંત ધ્રુજવા લાગ્યાં. તેથી પોતાની માતાઓને આ અનુચિત પ્રચાલ છે એવો ઉપદેશ દેનારાં નાનાં સ્તનંધય (ધાવણાં) અને જરા મોટાં બાળકો પોતાની માતાઓના અંગ સાથે લપેટાઇ રોતાં રોતાં માતાઓને ધિક્કારવા લાગ્યાં કે જો તમે ફેશનેબલ ના બન્યાં હોત સૌ તમારાં તથા અમારાં અંગોમાં આવું પ્રેતાવાહન ના થાત. નાનાં

છોકરાંઓનું આ સામગાન (સામવેદનું ગાયન-રૂદન) સાંભળી, **ભીમભાઇ** અને **ખંડુભાઈ** તથા **કંથડજી** એ સૌ **ગદાધર** પાસે ગયા ને પંડિતજીને કહ્યું કે કેમ ભાઇ! હવે શી વાર છે?

ગદાધર—મારે શી વાર? આપ સર્વે ભાઇઓની વારે વાર. મેં તો ક્યારનીએ રસોઈ કરાવી મેલી છે.

ભીમભાઇ—ત્યારે જલદી પિરસણુ કઢાવો, પંક્તિ ભરાઈ ગઈ છે.

પછી **ગદાધરે** સૌ નાના વિદ્યાર્થિઓને આજ્ઞા કરી, સૌનાં જળપાત્રો ભરાવી દીધાં. ને પત્રાળાં-પડિયા સૌને પહોંચાડાવ્યાં. ને પછી મોટા વિદ્યાર્થી મંડળને જેમ આજ્ઞા કરતા હોય તથા જ્ઞાતિની પ્રાર્થના કરતા હોય તેમ મોટા સાદે એક શ્લોક બોલ્યા:—

यूयं गृह्णन्तु चक्राणि बाळा गृह्णन्तु व्यंजनम् ।

तक्रांण्यहं प्रगृह्णामि ज्ञातिर्मे तेन तुष्यतु ॥

ભાવાર્થ:—હે મોટા વિદ્યાર્થિઓ! તમે સૌ ચક્ર એટલે રોટલા પિરસો. નાનાઓ વ્યંજન એટલે મીઠું, આખાં મરચાં અને ચટણી પિરસો, ને હું તક્ર એટલે છાશ પિરસું છું. આવા ઉત્તમ ભોજનથી આ મારી સર્વ ન્યાત પ્રસન્ન થાઓ.

ગુરુની આજ્ઞા થતાંજ મોટાઓએ ટાઢા ને સૂકા પંચકણીના રોટલા પીરસી દીધા; ને નાનાઓએ મીઠું, આખાં મરચાં ને ચટણી પીરસી દીધી. ને તે પછી પંડિત ગદાધરે છાશ પીરસી. પછી ગદાધરની આજ્ઞા પ્રમાણે મોટા વિદ્યાર્થિઓએ રોટલા પિરસતાં બોલવા માંડયું કે ચક્રં તમારે? તેની પાછળ ગદાધર બોલવા લાગ્યા કે તક્રં તમારે! ભાઇઓ! **पानेऽप्याम्लमिदं योग्यं तक्रं नाकेऽपि दुर्लभम्।**

(પીવા લાયક આ ખાટી છાશ દેવોને પણ ન મળવાથી દુર્લભ મનાય છે) માટે તક્રં તમારે!!! ખૂબ પીજોરે પીજો **तक्रं शक्रस्य दुर्लभम् ।** એવું શાસ્ત્રમાં પણ છે માટે ખૂબ જમજો ને ખાટી છાશ પીજો. ફરી ફરીને નહિ મળેરે ભાઇઓ!

આરંભમાં પિરસાઇ ગયા પછી ગદાધરે પોતાના વિદ્યાર્થીઓમાં મોટાઓને ચક્ર (રોટલા) અને નાનાઓને તક્ર (છાશ) પિરસવાનું કામ સોંપી દીધું. ને સૌને સંકેતથી કહ્યું કે ભાઈ **अतश्चक्रं ततस्तक्रम्** (અહિંથી રોટલા પિરસો ત્યાંથી છાશ પિરસો) ને મોઢે બોલો કે **ચક્રં તમારે, તક્રં તમારે.** એજ પ્રમાણે વિદ્યાર્થીઓએ પણ ઉપરા ઉપરી **ચક્રં તમારે તક્રં તમારે** એ વાક્યોનો ઉપરા ઉપરી ધ્વનિ ચલાવ્યો. તેમાં વળી એક ઘણો હસચાર ને ટીખળી વિદ્યાર્થી હતો તે બે ધ્વનિઓ પૂરા થતાં તેણે એક ત્રીજું વાક્ય જોડી કાઢ્યું, ને તે પણ સાથે બોલવા લાગ્યો. તેથી આવાં વચન બોલાયાં કે **ચક્રં તમારે, તક્રં તમારે, જમે તે જાય જમને બારે.** આ વાક્યના ઉચ્ચારો સાંભળતાં તો જમનારા ભૂદેવો ને ભૂદેવીઓ ઘણાંજ ગભરાયાં, ને તે પછી પુરુષમંડળિમાં આ પ્રમાણે ગદાધર વિષે ચર્ચા ચાલીઃ—

ભીમભાઈઃ—અલ્યા ખંડુ! આ સાલા વેદિઆઢોરે તો કર્યું જોયા જેવું. જોને સાલા ભીખારીએ આ હું કીધું?

ખંડુભાઇ—સાહેબજી! કીધી એના બાપની મોકણ! સાલાએ આપણ બધાની મસ્કરી કીધી.

જમિયતરામ—અરે ભાઈ! નવી ફેશનની ન્યાત કીધી ને બિચારાને વગોવો છો નકામો હું કામ? એમાં હું થઇ ગીયું. તમારું કાંઈ દોઢીયું બી એણે લીધું છ?

ગોપીનાથ—અરે ભાઈ! હું તો સવારનો ભૂખો હુતો. કીધું ન્યાતમાં જઇસું ત્હારે જમીસું.

ચંદુભાઇ—અરે ભાઇ! મે બી સવારમાં એકલું શાક ને રોટલીજ ખાધું હતું.

કંથડજી—અરે ભાઇ! મારે બી આજ બૈરીથી થાય તેમ નહિ હુતું તેથી એકલાં ધાણી ચણા ફાકી કોરટમાં ગીઓ હુતો.

છબીલદાસ—અરે! મેતો સવારમાં ફાલકા મેલનું વીસલ વ-હેલું થયું એટલે એકલી ચા પીને મેલનો રસ્તો પકડયો હુતો.

નવનિતરાય—અરે! આજ તો સાલાએ કરવામાં કાંઇ બાકી રાખું છ! **સાલાએ ચડં તમારે તડં તમારે;** જમે તે જાય જમ ને બારે. લ્યો હું આ મશ્કરી કે બીજું કાંઇ? મારી પાસે આવીને સાલો કેછ કે તડં તમારે. મને તો એવો મિજાજ થઇ આયવો કે સાલાના માથામાં છાશનું હાંલ્લુંજ ફોડતે.

વેણીશંકર—અરે ભાઇઓ! એ બધી પંચાત મેલી સૌ સૌને ઘેર જઈ પથારી ભેગા થઈ જાઓ. નહિ તો બધાએ સવારમાં લા-કડાં ભેગા થઇ જસો. આજતો ખરેખર હીમ પડયું દેખાય છે. મારી તો દાઢી બી કકડી જાય છે.

એ પ્રમાણે પુરુષોની પંક્તિમાં **ગદાધરની** સ્તુતિ થઇ પણ મ-હિલા મંડળમાં **ગદાધર** પંડિતનું કેવું **યશોગાન** ચાલ્યું? તે જોઇએ.

જ્યારે પંક્તિમાં પિરસાઈ ગયું ત્યારે બધી **દેવાંગના** રૂપે બ-નેલી **ઋષિપત્નીઓમાં** આ રીતે સંવાદ ચાલ્યોઃ—

સાકરબેન—અરે ઇંદુમતિ બેનરે?

ઇંદુમતિ—કોણ એ સાકરબેન બોલે છે કે? જરા આંખો ઉ-ઘાડીને જુઓની બેન? તમે તો આજે નવી જ્યાતનું પકવાન જ-મવા આધાં આધાં જઇને બેઠાં છોની? બેન! જરા સામું તો જુઓ, હું નહિ તમારા ભાણા સામું જોઉં કે નજર લાગસે.

સાકરબેન—બેન! એતો ખરૂં, પણ આ ભાણામાં શું શું પિરસાઈ ગિયું? એતો જરા કહોની! મને તો કમાયનું નામ બી આ-વડતું નથી.

ઇંદુમતિબેન—બેન! મને બી ઇશ્વરે બે આપી છે, ને તમને બી બે આપી છે. માટે જરા ઉઘાડી ને જુઓની? નહિ તો જશ

ધીરજ રાખો જમસો એટલે જીભ એની મેળે જેવું હસે તેવો જવાબ દેસે. પણ કાંઇક આજે તો નવાઇનું જયમણ લાગે છે.

સાકરબેન—તારે હું બી એજ જાણવા માંગું છું.

કાંતાગોરી—અરે રાધા બેન!

રાધાલક્ષ્મી—હું કે૨ છો? કાંતાગૌરી?

કાંતાગૌરી—આજે હાની ન્યાત છે! ને હું હું ભાણામાં પિરસાયું?

રાધાલક્ષ્મી—એ રડ્યા ન્યાત કરનારાની હોલી! પીટયો ગમાર. સાલાએ છાશ ને સૂકા રોટલા પિરસા છે. ભાવે તો ખાઓ નહિ તો ચાયલ્યાં જાઓ.

રૂક્ષમાણીબેન—પિટો મારો! સૌની મસ્કરી, ન્યાતની બી મસ્કરી? એવું હુતું ત્યારે નોતી ન્યાત કરવી. બિચારાં બાંયુ કરતાં છોકરાં કકલાવ્યાં.

કસ્તુરબેન—એ સાલાને કોણે ઉંચો બાંધ્યો હુતો, કે, ન્યાત કરીને હાંસી કરાવી.

દીવાલીબેન—આ રડ્યાએ આવી હોલી વાલી, તે કોઈ ન્યાતના આગેવાનોએ બી કૈંઇ કીધું નહિ હુતું? કે રડયાજી આવું ના થાય. કોઇએ સીખામન બી ની દીધી? જો મને માલમ પડતે તો એને ઘેર જઇને કેત કે જોજે આવી મૂરખાઇ કરતો પિટા મારા. ન્યાત કરવી હોય તો સીરો પૂરી કર, સીખંડ પુરી કર, બાસુદી પુરી કર, બરફી પુરી કર, પાંચ કે સાતવાનીનાં પકવાન્ન પડાવ. અને જાની, છેવટ લાડુની ન્યાત કર. ને છેવટ રડયા જા કંસાર રોટલીની ન્યાત કર. પણ કાંઇ નહિ કાંઇ નહિ ને છાશને રોટલાની ન્યાત કરી? સાલો હેવાન ગામડીઓ ગમાર! સમજે નહિ સાલો! હરામખોર! આવી ન્યાત જમવા મેતો ત્રણ રૂપીઆ સીલાઇ આપી આજને આજ પોલકું શિવડાવ્યું. તોય પેટમાં તો પાંચશેરનો ખાડો રહ્યો.

કાંતાગૌરી—વસંત બેન ! જરા ધીમે રહીને જમજો.

વસંતબેન—આમાં હું જમીએ ? રડયાનું હૈયું ? સાસાના નામનાં નોતરાં ફર્યાં જાણી મેતો આજે સોમ પ્રદોસ હતો તેથી રાંધ્યુંજ નહિ હુતું, કીધું જમવા જાઇસું ત્હાં જમીસું. તો અહીં તો સૂકો દાંતબી તોડી નાંખે એવો કોણ જાણે જુવાર કે બાજરીનો પંચરાઉ લોટનો રોટલો દીઠો તેથી મેતો મારો પરદોસ હુતો જાણી કાંઇબી ખાધુંજ નહિ. હાથ ધોઇ ઉભી થઇછું. ઘેર જાઇને પૂરીને સાક કરીને ખાઇ લઇસિ.

મંગલાગૌરી—બેન ! મારે બી એમ બન્યું છે. આ બાબુના બાપ ઑફીસમાંથી મોડા આવ્યા. ને મારે સવારમાં મારા ભાઇને ઘેર જવું પડયું તેથી આ પોયરીને ને પોયરાને તો જરા મગજ ઘરમાં પડયું હુતું તે આપીને સમજાવ્યાં ને અમે બે જણાં તો થોડા થોડા ધાણી વટાણા અને પઉંઆ ફાકીને ચલાવ્યું છે, પણ આતો બાબુ પીટયો ખાતો કસુંએ નથી છતાં અહીંઆં બાઉ માગે છે ને મને વતરડી નાખે છે કે બાઉ આપ, અરે ! હું અહીંથી બાઉ તે કાંથી લાવી આપુ ! ઘર હોય તો કરીને બી આપીએ. આ સું કરીએ ?

જસોદા—બેન ! સૌને એવીજ પીડા થઇ છે. મારે બી આ રાંડ સંખણી, કીકી બાઉ માગે છે ને ધમરોલ કરી મેલે છે. હવે જો ટાપી મારવા જાઉં તો ઘેર જાઇ એના બાપાજીને કહી દે તો તે વલી બીજાજ જુદો કે મારો બરડોજ ધોઇ નાખે. બલી આ ન્યાત, ને મૂઓ એ રડયો કાસીવાલો. હું તો ભોગ લાગા તે જમવા આવીને બાઇ પસ્તાની.

ગુણવંત—અરે કમલા બેન ! તમે બી આયવાં છો કે ?

કમલાબેન—હા બેન ! અરે બેન ! જોની આ મારો સુરેંદ્ર ભાણામાં રોટલો આયવો ત્હારનો કરડા કરે છે, હું હાથમાંથી ઝોંટાવું છું ત્હારે મને ધીબી નાંખે છે.

ગુણવંત—બેન ! આ જમાનો એવો આવયો છે કે સુરેન્દ્રની રોટલાનાં બચકાં કરડે ત્હારે નરેન્દ્રની તો સી વાત ?

કલાવતી—પિટા ખાની, ખાતો હોય તો આ રોટલો; મમ કાંથી લાવું ?

બચુ—[એક ત્રણ વરસનો છોકરો] મમ (ભાત) લાવ, દાળ લાવ, હાક લાવ, વાલ લાવ, એમ બોલતો બોલતો રડે છે ને પત્રાળામાં મૂઠીએ મૂઠીએ ધલ ભરે છે તે જોઇ,

કલાવતી—જંપની મારા રડયા ! ધૂલ હું કામ ભરે છે ?

બચુ—[નાનો અણુ સમજુ બાલક] તારે બાફ આપની ?

કલાવતી—બેટા ! બાફ કાંથી લાવું ? ખા સાલા ન્યાત કરનારાને ત્યાં તો કાલ પડયો ?

બચુ—ઉં ઉં ઉં બાઉ આપ !

કલાવતી—ચાલ બેટા, ઘેર જાઇને બાફ આપીસ.

એ રીતે સ્ત્રીઓ અને પુરુષોની મંડળીમાં થયું. પછી બધી બઇરીઓ અને ભાયડાઓ 'જા સાલા બેવકુફ નથી જમતા' એમ કહી પાણીના લોટા ગદાધરને બારણે પત્રાળામાં ઢોળી દઇ સૌ અમંગલ વાણી બોલતાં બોલતાં ઘેર ગયાં.

બીજે દિવસે સૌ જ્ઞાતિપંચ ભેગુ થયું ને સમસ્ત જ્ઞાતિનું ગદાધરે ઘેર તેડાવીને અપમાન તથા તિરસ્કાર કર્યો. તે માટે તેને સખત રાજ્યશાસન થવું જોઇએ,' એવી રાજા પાસે ફરીયાદી કરી; પણ રાજા પોતેજ સારો વિદ્વાન, ગુણી ને ન્યાયમૂર્તિરૂપ તથા પક્ષાપક્ષ વિનાનો સત્યશોધક ન્યાય આપે એવો હતો તેથી તેણે બન્ને પક્ષની તકરારો સાંભળી આ પ્રમાણે ન્યાય કર્યો:—વાદીને ફરીઆદી કરવાનું કારણ યથાર્થ છે. પણ પ્રતિવાદીએ પ્રથમ સૌ જ્ઞાતિપંચની રંજા લઇને નોતરાં દેવરાવ્યાં ને તે પ્રમાણે વેડાં થયાં, ને જ્ઞાતિ જમવા ગઇ

હતી પણ પ્રતિવાદિને ત્યાં તેને ઇષ્ટ ભોજન–રોચક ભોજન ના મળવાથી પોતાની મેળે ઉઠી ઉઠીને ચાલી ગઈ છે. તેથી પ્રતિવાદિએ જ્ઞાતિ સમસ્તનું અપમાન કે તિરસ્કાર કર્યો એમ સાબિત થઇ શકતું નથી. 'જ્ઞાતિ કરનારે જ્ઞાતિને અમુકજ ભોજન આપવું,' એવો કોઇ પણ નિર્બંધ ઉલ્લેખ શ્રુતિ, કે કોઇ નૈતિક ગ્રંથોમાં મળી આવતો નથી. કદાચ કોઈ અપવાદરૂપે એમ કહે કે શ્રાદ્ધમાં પાયસાન્ન (દૂધપાક) નો લેખ છે; પણ તે તો માત્ર શ્રાદ્ધના પ્રયોગમાં ઉપયોગી અને બ્રહ્મચર્ય તથા એક ભુક્ત આદિના નિયમો પાળનાર ત્રણજ બ્રાહ્મણને માટે છે; પણ સમસ્ત જ્ઞાતિ માટે મોટા મોટા તાવડા ચઢાવવા ને જ્ઞાતિને દૂધપાક પૂરીનું ભોજન આપવું એમ નહિ. ગૃહસ્થને જ્ઞાતિ ભોજન કરાવવું, બ્રહ્મ ભોજન કરાવવું, અતિથીને જમાડવો, અથવા પોતાને ઘેર આવેલા પ્રાહુણ (પરોણા) કે મેમાનનો સત્કાર કરવો, તે ગૃહસ્થની સંપત્તિ, શક્તિ અને પાત્રોની યોગ્યતા ઉપર આધાર રાખે છે. માટે આ ગામના અમુક જ્ઞાતિના દ્વિજો પ્રતિવાદિ ઉપર લાડુ દૂધપાક કે બીજા કોઇ પણ રોચક ભોજનનો દાવો પ્રતિવાદી ઉપર કરી શકે નહિ. કેમકે તે ઘણો ગરીબ હોવાથી તેણે રોટલા ને છાશનું ભોજન જ્ઞાતિ આગળ ધર્યું, પણ ચાલુ જમાનાનાં બ્રાહ્મણ કુટુંબનાં ફેશનેબલમાં ફૂલેલાં સ્ત્રી–પુરુષોની ગળ્યાં ભોજન જમીને જીભ સળકી રહેલી હોવાથી તે તેમને ન ભાવવાથી પોતે પોતાની મેળે ઉઠી ઉઠીને ચાલ્યાં ગયાં. તેથી પ્રતિવાદી કોઇ રીતે અપરાધી ગણવામાં આવતો નથી. હવે પછી કોઈ પણ ઠેકાણે ન્યાત થાય ત્યાં પ્રતિવાદી જમવા જાય ત્યાં તેને છાશ રોટલો મળે, ને બીજાઓને મિષ્ટ પદાર્થો પિરસાય, તેમાં પ્રતિવાદી કોઇ પણ રીતે વાંધો ઉઠાવી શકે નહિ. પણ જ્ઞાતિ કરનાર પોતાની યોગ્યતાથી તેને પણ સૌના સમાન ગણી, મિષ્ટાન્ન પિરસે તો તે પોતાની મરજી ઉપર છે. પ્રતિવાદીએ પ્રથમ જ્ઞાતિપંચને ભેગું કરી રજા

મેળવી નોતરાં દેવરાવ્યાં ને તે પ્રમાણે તેડાં થવાથી ત્યાં ન્યાત જમવા ગઈ ને પોતાને રોચક ભોજન ના મળ્યું તેથી ન્યાત ઉઠીને ઘેર ગઈ. તેમાં પ્રતિવાદીએ બુદ્ધિપૂર્વક કે ઇરાદાથી કોઇનું અપમાન કે તિરસ્કાર કર્યો કહેવાય નહિ. તેથી પ્રતિવાદિ કોઈ પણ રીતે અપરાધી કે રાજ્ય-શાસનને પાત્ર થતો નથી. પરંતુ વાદીઓ કોઇપણ ન્યાત કરનારો સ્વજ્ઞાતિને અમુકજ ભોજન આપે એવો નિર્બંધ લેખ જ્યાં સુધી આ ન્યાયસભામાં બતાવે નહિ ત્યાં સુધી તેઓ અપરાધપાત્ર ગણવા હોય તો ગણી શકાય છે. જો ગદાધરે વાદીઓની ન્યાતને રોચક ભોજન આપ્યું હોત ને પછી જો આવો પરિણામ આવ્યો હોત તો તે પ્રતિ-વાદીને જ્ઞાતિભોજનના અંગે થયેલા સમસ્ત ખરચનું બીજા વાદીઓને આપી તે ખરચનાં નાણાં વસુલ લેવાનો હક હતો. તોપણ તેને લોટ, મરચાં, મીઠું અને પત્રાળાં પડિઆ વગેરેમાં થઇને આશરે દશેક રૂ-પીઆ ખરચ થયા હશે તેથી તે રૂપિઆ આ જ્ઞાતિનું પંચ ગમે તો ઘરના આપે, કે તો પંચની શિલકમાંથી આપે, કારણકે જ્ઞાતિ તેનો બિગાડ તેને બારણે કરીને ગઇ છે. જો તે બિગાડ ના થયો હોત તો તે સુકા સુકા પણ ટાઢા રોટલા જેમને અન્ન પણ મળતું નથી એવાં બે ત્રણ દિવસથી ભૂખે પીડાતાં ક્ષૂધાર્ત મનુષ્યોના જીવનનું પોષક થાત, તથા ગાયો અને કૂતરાંના ઉપયોગમાં પણ આવત.

તે પછી ગદાધરને જ્ઞાતિ સાથે વૈર બંધાવાથી તેને તે ગામમાં રહેવું ઠીક પડયું નહિ. તેથી તીર્થાટનને બાને બધે જ્યાં ત્યાં રખડવા લાગ્યો; ને જ્યારે ઉત્તરવય થયું ત્યારે તે કાસીમાં ગયો. ને ત્યાં પંડિતાણી મનોરમાએ એક નિષ્ઠાથી પોતાના શીલનું પાલન કરી શ્રી સદાશિવની અનન્યભાવે ભક્તિ કરી પોતાના જીવનું સાર્થક કર્યું. તથા કેટલેક કાળે પ્રારબ્ધના અંતે ઉત્તમ ગતિ પામી ગયાં. પછી ગદાધરના પ્રારબ્ધ પ્રમાણે તેનું પણ કાશીક્ષેત્રમાં અવસાન થવાથી તે પણ શ્રેષ્ઠ ગતિ પામ્યો.

સારાંશ.

જે જે બ્રાહ્મણો માત્ર શબ્દ જ્ઞાન મેળવી કેવળ તાત્પર્યાર્થ સમજ્યા વિના વાચિક શબ્દાર્થ કરી જાણે તેઓ અન્યને અર્થને બદલે અનર્થના બોધક હોવાથી જગતમાં ઉપયોગી મનાતા નથી. ગદાધરે જે જે શાસ્ત્ર વચનો લીધાં તે તે બધાંનો કેવળ શબ્દાર્થ સમજીનેજ માત્ર વર્તન કર્યું; તેથી તેને માથે કેટલી આપત્તિ આવી ? તે સર્વ વાચકને વિદિત થયું હશે. માટે કોઇ પણ શાસ્ત્ર વચન સાંભળવામાં આવતાં આનો અર્થ આ ને આનો અર્થ આ કરી બેસવું એ જાણીને વિષનો ફાકો ભરવા જેવું છે. એક પણ શબ્દના યથાર્થ જ્ઞાન માટે તો આપણાં શાસ્ત્રોમાં આખો એક પ્રમાણવાદ ઉભો થયો છે તેમાં શબ્દોના અર્થમાં પણ કેટલેક ઠેકાણે શબ્દથીજ અર્થ થાય છે. કોઇ ઠેકાણે રૂઢ અર્થ વપરાય છે. કોઈ ઠેકાણે શબ્દોને દૂર કરી લક્ષણાથી અર્થ સમજવો પડે છે. માટે તે સંબંધમાં જેમણે. ઉંચા પ્રકારનો વ્યાકરણ કે ન્યાયશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય તથા જેમણે મહાત્માઓની પાસેથી પોતાનો અનુભવ મેળવ્યો હોય છે એવા સત્પુરુષોને મુખેથી શાસ્ત્ર વાક્યોનો અર્થ સમજીને વર્તન કરવું જોઇએ. પણ કેટલાક લઇભાગુ થોડું ઘણું વાચતાં લખતાં આવડયું કે બોધક થઇ ઉપદેશ કરવા તરફ પોતાનું લક્ષ્ય ખેંચે છે. પણ એવા તાત્પર્યાર્થના અજ્ઞાત પુરુષોથી તેનો બોધ સાંભળનારા પોતાના શ્રેયનો યથાર્થ લાભ મેળવી શકતા નથી માટે શાસ્ત્ર વાક્યોનો અર્થ સ્વપરના શ્રેય માટે સજ્જનોએ અનુભવી મહાત્માઓ પાસેથી જાણવો જોઇએ. એવો આ દ્રષ્ટાંતનો સાર છે. ઇતિ.

સનાતનધર્મની ગર્જનાઓનો બીજા વર્ષનો ઉપસંહાર

અમે કબુલ કર્યા પ્રમાણે સનાતનધર્મની ગર્જનાનાં ૪ પૃષ્ઠો બીજા વર્ષમાં વાંચક સજ્જનોને પૂરાં પાડયાં છે. ત્રીજા વર્ષથી ટપાલ ખર્ચ સાથે રૂ. ૧—૮—૦ માં ૧૫૦ પૃષ્ઠો પ્રજાને પૂરાં પાડવામાં આવશે. પરંતુ આ યોજના ગ્રાહકોની સંખ્યામાં વધારો થાય તોજ થઈ શકે એ છે. બીજા વર્ષની ગર્જનાઓમાં તો અમને અમારી પાસે સિલિક છે તેટલી ગર્જનાઓનાં ગ્રાહકો ન થાય તો ખોટજ છે. પરંતુ ખોટ ગમે તેમ કરીને ધર્મના પ્રભુ શ્રી ઇશ્વર પૂરી પાડશેજ એ અમારી ખાત્રી છે. જો ૯ કરતાં વધુ ફરમા થશે તો શ્રીમાર્કંડે ઋષિનું ભવ્ય જીવન ચરિત્ર" કે જે પ્રથમ ગર્જનારૂપે પ્રકટ થવા છે તે પુસ્તક બે ગર્જનાઓરૂપે ભેગું નીકળશે. તમે ઘણાં જીવન. ચરિત્રો વાંચ્યાં હશે, પરંતુ આ જીવનચરિત્ર તો એવું અદ્ભૂત રચાયું છે કે જેમ મોરલીના નાદથી સાપ ડોલે તેમ તમે આ જીવનચરિત્ર વાંચશો એટલે તમારું મન આનંદ સમુદ્રમાં ઝીલવા માંડશે. આ વખતે અધિક માસ હોવાથી પ્રથમ ગર્જના તથા બીજી ગર્જના બીજા વૈશાખ માસમાં ગ્રાહકો ઉપર વિ. પિ. થી રવાના કરવામાં આવશે. અથવા તો અધિક માસમાં પણ કદાચ રવાના થાય. ત્યાર પછી દરેક માસે ૮ ફરમાની એકેક ગર્જના દરેક માસે પ્રકટ થશે.

આ સાથે ગર્જનાઓ સંબંધી જાહેર ખબર મોકલી છે તે તરફ વાંચક સજ્જનોનું લક્ષ્ય ખેંચવામાં આવે છે અને તે સાથે મોકલેલા ઓર્ડર ફોર્મમાં પાંચ પાંચ ગ્રાહકોનાં નામ ભરીને તે ઓર્ડર કાર્ડ અમારી ઉપર પાછું મોકલવા ગ્રાહક સજ્જનોને સપ્રેમ વિનંતી કરવામાં આવે છે.

મ૦ મ૦ ત્રીવેદી.